
# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

ઓક્ટોબર-૨૦૦૯





## અંતઃનિરીક્ષણ કરો

તમારા મન અને વિચારોને જુઓ, અંતઃનિરીક્ષણ કરો અને આત્મ-પૃથક્કરણનો અભ્યાસ કરો. ખરાબ સોબતનો ત્યાગ કરો. ભગવાનના માર્ગોને સમજો. સચેત રહો. ઘણા નમ્ર અને સરળ બનો. પ્રત્યેક ક્ષણે ઈશ્વરસ્મરણ કરો. ઉદ્ધતાઈ, આત્મશ્લાઘા અને આળસ છોડી દો. મહત્તમ નમ્રતાનો વિકાસ કરો. ગંભીર બનો. સર્વની પ્રેમથી સેવા કરો.

\- સ્વામી શિવાનંદ



જ્ઞાનપંચમી નિમિત્તે મા સરસ્વતી વંદના

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૬ અંક : ૧૦ ઑક્ટોબર-૨૦૦૯

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**

●

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

●

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

●

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

**લવાજમ**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૦૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૦૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૨૫૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૦/- |

**વિદેશ માટે :**
વાર્ષિક $ 12 અથવા £8 (એર મેઈલ)
પેટ્રન $ 250 અથવા £160 (એર મેઈલ)
ફેક્સ ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

ॐ

आत्मैवेदं जगत्सर्वमात्मनोऽन्यन्न विद्यते ।
मृदो यद्वत्घटादीनि, स्वात्मानं सर्वमीक्षते ॥ ४९ ॥

जीवन्मुक्तस्तु तद्विद्वान्पूर्वोपाधिगुणांस्त्यजेत् ।
सच्चिदानन्दरूपत्वाद्भवेद्भ्रमरकीटवत् ॥ ५० ॥

तीर्त्वा मोहार्णवं हत्वा रागद्वेषादिराक्षसान् ।
योगी शान्तिसमायुक्तो, ह्यात्मारामो विराजते ॥ ५१ ॥

आत्मबोधः-४९, ५०, ५१

આ સર્વ જગત આત્મા જ છે, આત્માથી ભિન્ન નથી, જેમ ઘટાદિ માટીથી ભિન્ન નથી તેમ. આવી રીતે સર્વ જગતને પોતાના આત્મરૂપે જુએ છે.

તેને જાણનાર જીવન્મુક્ત તો પૂર્વકલ્પિત ઉપાધિના ગુણોને ત્યજે છે, અને સચ્ચિદાનંદ રૂપે ભ્રમરકીટવત્ સચ્ચિદાનંદરૂપ થાય છે.

મોહરૂપી સમુદ્રને તરીને અને રાગદ્વેષાદિ રાક્ષસોને હણીને શાંતિથી યુક્ત થયેલા આત્મારામ યોગી શોભે છે.

## શિવાનંદ વાણી

જીવનનું લક્ષ્ય ઈશ્વર-સાક્ષાત્કાર છે. ઈશ્વર-સાક્ષાત્કારથી બધી જ ઈચ્છાઓ પૂરી થાય છે. શુદ્ધ, સૂક્ષ્મવિવેકબુદ્ધિથી ભગવાનનો સાક્ષાત્કાર થઈ શકે છે. ઐન્દ્રિક પદાર્થોમાં સુખનો કણ પણ નથી, કારણ કે તેઓ નિર્જીવ છે. ધનવાનો અને રાજાઓમાં પણ માનસિક અશાંતિ, અસંતોષ અને અવિશ્રાંતતા રહેલી છે. જ્યારે ભગવાનના જ્ઞાનનો ઉદય થશે, ત્યારે બધા પ્રકારના ભયો, દુઃખો અને મુશ્કેલીઓ નાશ પામશે. તમે જન્મ-મરણના ચક્ર અને તેનાં આનુષંગિક દૂષણોથી મુક્ત થઈ જશો. હર સમય ભગવત્સ્મરણ કરવાના પ્રબળ અભ્યાસની ટેવ પાડો. ઈન્દ્રિયોને સંયમિત રાખો. સુખ-દુઃખ, ઠંડી-ગરમી, વખાણ-નિંદામાં મનની સમતુલા જાળવો. ભગવાનની અખંડ અને અડગ ભક્તિ રાખો.

**- સ્વામી શિવાનંદ**

**પ્રકાશક-મુદ્રક :** શ્રી સુમંતરાય સી. દેસાઈ વતી માલિક ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્લોક - આત્મબોધ | શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય | ૧ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૨ |
| ૩. | સંપાદકીય | સંપાદક | ૩ |
| ૪. | નૈતિક શિક્ષણ-૧ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૪ |
| ૫. | આચારાંગ સૂત્ર | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી | ૫ |
| ૬. | ભજ ગોવિંદમ્ | શ્રી સ્વામી ચિદાનંદજી | ૬ |
| ૭. | શિવાનંદ કથામૃત | ગુરુદેવના સંન્યાસી શિષ્યો | ૯ |
| ૮. | મનાચે શ્લોક-મનોબોધ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૨ |
| ૯. | ભારતનો આ સંત | શ્રીમતી યુવૉન લબો | ૧૪ |
| ૧૦. | રાજભાષા દિવસ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૫ |
| ૧૧. | ઉપનિષદ-યાત્રા | શ્રી ગુણવંત શાહ | ૧૮ |
| ૧૨. | દિવ્યભૂમિ સતોપથ-૨ | શ્રી ભાણદેવ | ૨૦ |
| ૧૩. | કર્મયોગ રહસ્ય | ડૉ. સ્વામી મુક્તાનંદપુરી | ૨૩ |
| ૧૪. | અષ્ટાવક્રગીતા તત્ત્વાવલોકન | ડૉ. કલાબહેન પટેલ | ૨૫ |
| ૧૫. | મન કે જીતે જીત | ડૉ. હરીશ દ્વિવેદી | ૨૭ |
| ૧૪. | પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય યાત્રા-૨૦૦૯ | | ૨૯ |
| ૧૫. | વૃત્તાંત | | ૩૧ |


## તહેવાર સૂચિ

### ઓક્ટોબર, ૨૦૦૯

| તા. | તિથિ | (આસો સુદ) |
|---|---|---|
| ૧ | ૧૩ | પ્રદોષપૂજા |
| ૩ | ૧૫ | પૂર્ણિમા, રાસલીલા |
| ૪ | ૧૫ | પૂર્ણિમા |
| | | **(આસો વદ)** |
| ૧૪ | ૧૧ | એકાદશી |
| ૧૫ | ૧૨ | પ્રદોશપૂજા |
| ૧૬ | ૧૩ | ધનતેરસ, કાળીચૌદશ |
| ૧૭ | ૧૪/૩૦ | અમાવાસ્યા, દિવાળી |
| ૧૮ | ૩૦ | અમાવાસ્યા, શ્રી ગોવર્ધન પૂજા, શ્રી ગો-પૂજા, શ્રી બલીપૂજા |
| | | **(કારતક સુદ)** |
| ૨૪ | ૬ | સ્કન્દ ષષ્ઠી |
| ૨૬ | ૮ | ગોપાષ્ટમી, બ્ર.શ્રી સ્વામી કૃષ્ણાનંદજી મહારાજનો પુણ્યતિથિ આરાધન દિન. |
| ૨૯ | ૧૧ | પ્રબોધિની એકાદશી |
| ૩૦ | ૧૨ | શ્રી તુલસી પૂજા, ઉત્થાન દ્વાદશી, ચાતુર્માસ વ્રત પૂરું |
| ૩૧ | ૧૩ | પ્રદોષ પૂજા |

### ● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગ યોગ ●

**● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર**

પ્રાર્થનાની પ્રચંડ અસર હોય છે. મહાત્મા ગાંધીજી પ્રાર્થનાના મહાન હિમાયતી હતા. જો પ્રાર્થનામાં ગંભીરતા હોય અને જો તે હૃદયના અંતઃસ્તલમાંથી આવી હોય, તો તે ભગવાનના હૃદયને એકદમ પિગાળી નાખે છે. દ્રૌપદીની હૃદયદ્રાવક પ્રાર્થના સાંભળીને શ્રીકૃષ્ણને દ્વારકાથી ખુલ્લા પગે દોડી આવવું પડ્યું હતું. પ્રહ્લાદે પ્રાર્થના કરી, ત્યારે આ વિશ્વના સર્વશક્તિમાન શાસક શ્રીહરિએ મોડા આવવા બદલ પ્રહ્લાદની ક્ષમા માગી હતી. ભગવાન કેવા દયાળુ અને પ્રેમાળ છે ! પ્રાર્થનાની શક્તિ વિષે દલીલ ન કરો, તમે છેતરાઈ જશો. આધ્યાત્મિક બાબતોમાં દલીલો ન કરવાની હોય. બુદ્ધિ મર્યાદિત અને નૈતિક રીતે નિર્બળ છે. હવે તમે તમારું અજ્ઞાન દૂર કરો. તમે પ્રાર્થનાનો નિર્ભેળ આનંદ માણશો.

**- સ્વામી શિવાનંદ**

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- રવાનગી સરળતા માટે આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ઇચ્છનીય છે.
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**સર્વશ્રેષ્ઠ ધન :** જેઓ સત્યનિષ્ઠ, ગંભીર અને ઈશ્વર ઉપર આધાર રાખે છે, તેમના માટે દરેક વસ્તુનો સારી રીતે અંત આવશે. તમારો બોજો ભગવાન ઉપર નાખી દો અને સદાને માટે શાંતિથી જીવો. ઘરની બાબતોની ચિંતા છોડી દો. ભૂતકાળની બધી બાબતો ભૂલી જાઓ. જે ભગવાન પથ્થરની તિરાડમાં રહેલા દેડકાની સંભાળ રાખે છે, તે તેમના સર્વ સર્જનની સંભાળ લેશે. જપ અને એકાંતમાં રહેવાનો સમય વધારી દો.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

દિવાળી અને નૂતનવર્ષ નિમિત્તે અનેકાનેક મંગળ અને શુભ પ્રાર્થનાઓ. શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ, ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ, સર્વે સંતો, દસ દિગ્‌પાલો, પરમાત્મા અને સર્વે વડીલોના આશીર્વાદ આપણું સૌનું મંગળ કરો. સુખદ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય, કપટરહિત જીવન અને પવિત્ર ચરિત્રના આપણે સૌ સદ્‌ભાગી થઈએ એ જ શુભાકાંક્ષા.

ફરીથી એક વર્ષ પૂરું થયું.

વીતેલાં વર્ષનાં લેખાં-જોખાં કરીએ-નરક ચતુર્દશીનો નરક મનના મેલ નિવડ્યા વગર દીપાવલીની દીપશિખાઓ અજ્ઞાનનાં અંધકારને ઉલેચીને જ્ઞાન પ્રકાશ અને વિકાસનાં અજવાળાં ન રેલાવી શકે. માટે પહેલી તારીખના પ્રદોષ પછી બીજી તારીખે પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજી અને શ્રદ્ધેય લાલ બહાદુર શાસ્ત્રીજીના સત્ય, પવિત્રતા, અહિંસા અને શુદ્ધ આચાર-વિચારને વાગોળીએ. મારું દુઃખ વધે તેનો વાંધો નહીં, રાષ્ટ્ર શાંતિપૂર્ણ અને સ્વાતંત્ર્યના શ્વાસોમાં જીવે.

આ પત્ર મળે ત્યારે શરદપૂર્ણિમા આવી ને ચાલી ગઈ હશે. પરંતુ દિવાળી અને નૂતનવર્ષ ૧૭/૧૮ તારીખે આવશે. દીપાવલીના દીપકોનો ઉત્સવ આત્મોલ્લાસનો ઉત્સવ છે. દીપક આપણા આત્માનું પ્રતીક છે. ઉપનિષદે કહ્યું, 'ન તત્ર સૂર્યો ભાતિ ન ચંદ્રતારકં નેમા વિદ્યુતો ભાન્તિ કૂતોઙ્યમ્ અગ્નિઃ । તમેવ ભાન્તમ અનુભાતિ સર્વં તસ્ય ભાસા સર્વમિદમ્ વિભાતિ ॥' આત્માનું સ્વરૂપ આનંદમય, શાંત અને આલોકમય છે. આત્માના પ્રકાશ સમક્ષ સૂર્ય, ચંદ્ર, અગ્નિ કે વીજળી કંઈ પણ વિસાત ધરાવતાં નથી. આત્માલોકથી જ સમગ્ર જગત આલોકિત છે. આત્માના શબ્દમાત્ર-ઉપસ્થિતિ માત્રથી જ સમગ્ર બ્રહ્માંડનું અસ્તિત્વ છે.

આત્માને ચાહવો એટલે સૌ સાથે મનમેળ.

દિવાળીને બીજે દિવસે બેસતુંવર્ષ, નૂતનવર્ષનો હેતુ જ 'ક્ષમાપના' છે. જૂનું ભૂલી જાઓ. ક્ષમા કરો. ક્ષમા આપો. નવજીવનનો આરંભ નૂતનમંગળમય જીવનનો પ્રારંભ. દ્વેષરહિત, ક્લેશરહિત વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વનાં જીવનનો પુનઃ સંચાર. જાગૃતિનું પર્વ એટલે દીપાવલી. સતર્કતા અને સબદ્ધતાનું પર્વ એટલે દીપાવલી. અંધકાર અને અજ્ઞાનથી પ્રકાશ અને જ્ઞાનપ્રતિ આરોહણનું પર્વ દીપાવલી.

આ મહિનામાં સાતમી તારીખે કરવાચૌથ પણ આવે છે. આ ઉત્સવ ગુજરાતના પ્રમાણમાં ઉત્તર ભારતમાં-ખાસ કરીને હિન્દી ભાષા ભાષી લોકોમાં વિશેષ મનાવવામાં આવે છે. પત્ની અને પતિની પરસ્પર વફાદારીનું આ પર્વ છે. પરસ્પર નિર્વ્યાજ સ્નેહસંબંધો અને આંતરિક જીવન ઉચ્ચ મૂલ્યાંકનોનું પર્વ છે.

ઓક્ટોબર મહિનો પૂરો થતાં પહેલાં ૨૯ તારીખે દેવ પ્રબોધિની એકાદશી છે. દેવોત્થાન એકાદશી પણ કહેવાય. ચાતુર્માસ વ્રતની પૂર્ણાહુતિ થાય છે. જ્ઞાનાર્જનની વાર્ષિક અવધિ પૂરી થઈ. હવે જ્ઞાનને વાગોળવાનું છે. આપણા સદ્‌ગુરુદેવે આપણે માટે જ્ઞાનનો મહાન કોષ તૈયાર કરી મૂક્યો છે. જ્ઞાનનું ભોજન તૈયાર છે. જમવાનું આપણે છે, પચાવવાનું આપણે છે. જ્ઞાનમાર્ગ સ્પષ્ટ છે, સુરેખ છે, ખુલ્લો છે. અગ્રસર આપણે થવાનું છે. જ્ઞાનનો અર્થ આત્મતત્ત્વને જાણવું, માણવું, સમજવું, સમજાવવું અને તે પ્રમાણે આત્મતત્ત્વને આધારે ઓવારે જીવવું. આત્મા જ સત્ય. અનાત્મા મિથ્યા. જ્ઞાન જ યોગ્ય. અજ્ઞાન કદાપિ નહીં. આટલું સમજાય તો પરસ્પરના ભેદભાવ મટે. ઘૃણા, તૃષ્ણા, ઈર્ષ્યા અને વિધ્વંશની વૃત્તિ નાશ પામે. પરસ્પર પ્રેમ, સદ્‌ભાવ, ઉન્નતિ અને ઉત્કર્ષની અભિરુચિ જાગે.

આ બધું અસંભવ નથી. પ્રભુ પ્રીતિ કેળવીએ. જપ, ધ્યાન, આત્મચિંતન, સ્વાધ્યાય અને આત્મવિશ્વેષણ કરીએ. આનંદનો માર્ગ પ્રશસ્ત છે. આનંદના યાત્રી બનીએ. દિવ્ય જીવન બાહુ ઊંચા કરીને આલિંગન આપવા તત્પર છે, એ પરમોચ્ચ જીવનના પથગામી થઈએ, અને જીવનને કૃત્યકૃત્ય કરીએ. પુનશ્ચ દીપાવલી અને નૂતનવર્ષની અનેકાનેક પ્રાર્થનાઓ અને અભિનંદન. ॐ શાંતિ.

**- સંપાદક**

# નૈતિક શિક્ષણ-૨

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

**અંતરાત્મા :**

આપણી જાત માટે આપણે ત્રણ વસ્તુઓ શીખ્યા. આપણું વર્તન, આપણું ચારિત્ર્ય અને આપણું ધ્યેય. આપણે જાણ્યું કે, 'વર્તન સારું અને ખરાબ બંને હોઈ શકે, ચારિત્ર્ય પણ સારું અને ખરાબ, તેમ જ ધ્યેય પણ સારું અને ખરાબ બંને હોઈ શકે, પણ આ સારું છે અને આ ખરાબ છે એવું આપણે નક્કી કેવી રીતે કરી શકીએ ? એ અતિ મહત્ત્વનો પ્રશ્ન છે. ઘણા માણસોનાં શું સારું અને શું ખરાબ વિશે વિવિધ મંતવ્યો છે.

તમે પણ સંમત થશો કે શું સારું અને શું ખરાબ છે. શું સાચું અને શું ખોટું છે તે નક્કી કરવું અત્યંત મુશ્કેલ છે. 'ભગવદ્‌ગીતા'માં ભગવાન કૃષ્ણ પોતે એમ કહે છે કે મોટા મોટા મહાનુભાવો પણ તેમની સામે આવેલી મુશ્કેલ પરિસ્થિતિમાં ગૂંચવાઈ જતા હોય છે. ભગવદ્‌ગીતાના પ્રથમ અધ્યાયમાં અર્જુનનો બનાવ તેનું જ્વલંત ઉદાહરણ છે. આપણે બધા સંમત થઈશું કે એક દેશમાં જે સારું ગણાય છે એ બીજા દેશમાં ખરાબ છે. એક સમયે જે સાચું હતું તે બીજા સમયે ખોટું પણ હોઈ શકે. એક વ્યક્તિને માટે જે સાચું હોય તે બીજી વ્યક્તિને માટે ન પણ હોય. માત્ર ઈશ્વર-સાક્ષાત્કાર કરેલ વ્યક્તિ જ સદ્‌વર્તનનાં રહસ્યો સાચી રીતે જાણી શકે છે.

ઈશ્વરે આપણને એક પદ્ધતિ આપી છે જેના વડે આપણે આપણી જાત માટે આપણે જે કાર્ય કરીએ છીએ તે સાચું છે કે ખોટું તે જાણી શકીએ. જેમ કે થર્મોમીટરની મદદથી આપણે જાણી શકીએ છીએ કે વાતાવરણ કેટલું ઠંડું કે ગરમ છે ! તે જ પ્રમાણે કુદરતે આપણી અંદર પણ એક થર્મોમીટર મૂકેલું છે જે આપણને સારા કે ખરાબ કાર્ય અંગે જણાવે છે. આ થર્મોમીટર એટલે અંતરાત્મા. અહીં આપણે સાવચેત રહેવાની જરૂર છે. કારણ કે ઘણી વખત આપણો અંતરાત્મા આપણા વિચારો, વર્તન અને ધ્યેયથી રંગાયેલો હોય છે.

જ્યારે આપણે કોઈ ખરાબ કાર્ય કરીએ છીએ ત્યારે આપણો અંતરાત્મા ચેતવે છે. તે આપણને સ્પષ્ટ, ઝીણા અને તીવ્ર અવાજથી કહે છે, 'આ ખરાબ કાર્ય ન કરો, મારા મિત્ર, એ તમને દુઃખ આપશે.' શુદ્ધ અંતરાત્મા ધરાવતી વ્યક્તિ આ સાંભળી તરત જ તે કાર્ય બંધ કરી પોતાનું શાણપણ દર્શાવે છે.

આપણો અંતરાત્મા એ તો સંવેદનશીલ તુલા જેવો છે. તેની મદદથી વજન કરીને સારાં અને ખોટાં કર્મો જુદાં પાડી શકાય છે. જો એ સંપૂર્ણ શુદ્ધ અને ઈશ્વરની સાથે એકતાવાળો હશે તો એ ક્યારેય ભૂલ નહીં કરે. એ તો આપણી અંદરનો માર્ગદર્શક અવાજ છે. એ આપણે માટે મૂક સાક્ષી અને ગુરુ છે. તે આપણા માટે હૃદયરૂપી કોડિયામાં બળ્યા કરતા આપણા આત્માનું તેજ છે. જે ઈશ્વર તરફ લઈ જવા માટેના માર્ગને પ્રકાશિત કરે છે. સ્પષ્ટ અંતરાત્મા ધરાવતી વ્યક્તિ હંમેશાં શુદ્ધ, આનંદી અને તાજગીવાળી હોય છે. તે વ્યક્તિ વાસ્તવમાં પૃથ્વી પરનો ભગવાન છે.

જ્યારે આપણે ફરજની સભાનતા સમજીએ ત્યારે આપણો અંતરાત્મા સાફ હોય છે. જ્યારે આપણે આપણી ફરજ ચૂકીએ છીએ ત્યારે ચિંતા, ભય અને વ્યાકુળતાથી ઘેરાઈ જઈએ છીએ. તેનું કારણ એ છે કે ત્યારે આપણો અંતરાત્મા સાફ હોતો નથી. આમ અંતરાત્મા એ સત્યનો જ પ્રકાર છે. તે આપણા હૃદયમાં રહેલા ભગવાનનો જ અવાજ છે.

આપણા અંતરાત્માના ચેતવ્યા પછી પણ આપણે દુષ્કૃત્ય કરવાનું ચાલુ રાખીશું તો તેનો અવાજ પછી ક્યારેય આપણે સાંભળી શકીશું નહીં. ત્યારબાદ આ અંતરાત્મા મૃત્યુ પામ્યો હશે. એવા મનુષ્ય માટે આપણે કહીએ કે, 'તેને અંતરાત્મા છે જ નહીં.' પરિણામે તે પોતાની ઈચ્છા સંતોષવા માટે ગમે તેવું અધમ કાર્ય કરે છે. તે બીજાને હાનિ પહોંચાડવામાં લેશમાત્ર અચકાતો નથી.

અંતરાત્મા અનુભવ દ્વારા ઉદય પામે છે. આપણે વધુ ને વધુ સત્કાર્યો અને દાનધર્મ કરીશું, તેમ જ સત્યનિષ્ઠા, દયા, ઉમદા વ્યક્તિત્વ, ઉદારતા, સહિષ્ણુતા જેવા ગુણો ખીલવીશું, તો આપણો અંતરાત્મા સૂક્ષ્મ દૃષ્ટિવાળો અને શુદ્ધ થશે. પરંતુ જો આપણે અસત્ય બોલનાર, ઘાતકી, જંગલી, અભિમાની, અનૈતિક અને હલકા હોઈશું, તો

આપણો અંતરાત્મા બુઠ્ઠો બની નાશ પામશે.

શુદ્ધ અંતરાત્મા પ્રાપ્ત કરવા માટે ખોરાક પણ અગત્યનો ભાગ ભજવે છે. માંસાહાર તેને અશુદ્ધ બનાવે છે. આવો આહાર અંતરાત્મા પર સખત આવરણ બનાવી દે છે. જેથી તે બુઠ્ઠો બની જાય છે. તેથી આપણે ખોરાક પણ હંમેશાં શુદ્ધ જ ખાવો જોઈએ.

**સાચું અને ખોટું :**

સાચું શું અને ખોટું શું તે આપણે કેવી રીતે જાણી શકીએ ? આપણે હમણાં જ કહ્યું કે અંતરાત્મા આપણને કહેશે. પરંતુ જો એ પણ હજી એવો શુદ્ધ અને સૂક્ષ્મ ન હોય તો પછી આપણે સાચું જ કાર્ય કરી રહ્યા છીએ તેની ખાતરી શું ? આ કારણથી કોઈપણ વસ્તુ માટે સાચું શું અને ખોટું શું તે જાણવા માટે બહારથી થોડા માર્ગદર્શનની જરૂર પડે છે.

અહીં સાચા અને ખોટાને જુદા પાડતી કેટલી પદ્ધતિઓ છે તે જાણીએ. જે ઈશ્વરની નજીક લઈ જવા માટે આપણને પ્રેરે છે તે સાચું અને જે ઈશ્વરથી દૂર લઈ જાય છે અને આપણને નીચે લઈ જાય છે તે ખોટું. શાસ્ત્રના કહ્યા મુજબ જે કાર્યો કરીએ તે સાચાં, જે કાર્યો શાસ્ત્રોથી વિરુદ્ધ હોય તે ખોટાં. જે કાર્ય આપણને આનંદ અને માનસિક શાંતિ બક્ષે છે તે સાચું. જે કાર્ય આપણને હતાશા, દુઃખ અને વ્યાકુળતા આપે છે તે ખોટું. બીજાને આનંદ આપવો તે સાચું, દુઃખ આપવું તે ખોટું.

ઘણી બધી વ્યક્તિઓ આ સાચા અને ખોટામાં અટવાઈ જાય છે કારણ કે તેમનાં મન શુદ્ધ નથી હોતાં. તે સ્વાર્થથી ભરેલાં હોય છે. મનુષ્યમાં જો સ્વાર્થની છાંટ પણ રહેલી હોય તો તે સાચું શું અને ખોટું શું તે પારખી શકતો નથી. આ માટે શુદ્ધ, પવિત્ર અને તીક્ષ્ણ બુદ્ધિની જરૂર છે. આપણી પાસે આ ગુણો હોય તો સાચા અને ખોટાને બહુ જ સહેલાઈથી સમજી શકીએ છીએ.

આપણા હેતુને સમજાવતો જે નિયમ કે સિદ્ધાંત હોય તેને શ્રદ્ધાથી અનુસરવું જોઈએ, અથવા ગુરુનું માર્ગદર્શન લેવું જોઈએ. આમ કરવાથી તમે ઝડપથી ઉન્નતિ પામશો. બીજો અગત્યનો માર્ગ એ છે કે તમે તમારી પોતાની ફરજોને વળગી રહો. તે તમને સુખ અને મુક્તિ આપશે.

☐ 'યોગના પાઠ'માંથી સાભાર



**प्रकाशमात्रस्वभावं च ज्ञानम्, तस्मादसहायत्वाद् न विशुद्धिकरं तद्...**

**વિશેષાવશ્યક ભાષ્ય**

**શ્રી આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી**

**ઘરમાં લાઈટનો પ્રકાશ પૂરતા પ્રમાણમાં હોવા છતાં એ માણસ સર્પડંખથી બચી શક્યો નહીં; કારણ કે એ પ્રજ્ઞાચક્ષુ હતો. ઘરમાં લાગેલી આગની ભયંકરતાનો એને બરાબર ખ્યાલ પણ હતો અને આગ એને દેખાઈ પણ ગઈ હતી છતાં એ માણસ આગમાં ભડથું થઈ ગયો; કારણ કે એનું સંપૂર્ણ શરીર લકવાગ્રસ્ત હતું. આત્માને માટે લાભકારી શું અને નુકસાનકારી શું, એની સમજ એ આત્મા પાસે પૂરતા પ્રમાણમાં હતી છતાં એ દુર્ગતિગમનથી બચી શક્યો નહીં; કારણ કે પ્રાપ્ત સમજને અમલી બનાવવામાં એ સદા-સર્વદા બેદરકાર જ રહ્યો.**

## પ્રભુ !

**ગજબનાક વાત કરી દીધી છે આપે ! જ્ઞાન માત્ર સમજણ આપીને પોતાના હાથ ઊંચા કરી દેશે. તું જો બચવા માગે છે તો એ સમજણને અમલી બનાવવા તારે પ્રચંડ સત્ત્વ ફોરવવું જ પડશે. ટૂંકમાં, પ્રકાશ જેમ અસહાય છે તેમ આચરણ વિનાનું કોરું જ્ઞાન પણ અસહાય છે. તું જો તારા આત્માને સાચે સર્વકર્મમુક્ત બનાવવા માગે જ છે તો આ એક જ કામ કર. જ્ઞાનને આચરણમાં ઉતારતો જા.**

## પ્રભુ !


**જ્ઞાનનો પ્રકાશ, શ્રદ્ધાની આંખ, સત્ત્વના પગ આપ અમને આપો. અમે પરાક્રમ કરી દેખાડીશું.**

☐ 'પ્રભુ વીર કહે છે' માંથી સાભાર

ॐ શ્રી સદ્‌ગુરુપરમાત્મને નમઃ



# ભજ ગોવિંદમ્



પ્રવક્તા : શ્રી સ્વામી ચિદાનંદજી

[જગદ્‌ગુરુ આદિ શંકરાચાર્યજીએ જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરતું 'ભજ ગોવિંદમ્' સ્તોત્ર રચ્યું. પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજીએ સંગીત કલામંદિર ટ્રસ્ટ કોલકતા તરફથી ગોઠવાયેલા વાર્ષિક જ્ઞાન-સત્રમાં તે સ્તોત્ર પર પ્રવચનો આપેલાં. તે પ્રવચનોનું સંકલન એટલે 'ભજ ગોવિંદમ્' પુસ્તિકા. સ્વામીજી આપણને સંસારમાં રહીને જીવન-લક્ષ્ય કેવી રીતે સાધી શકાય તેની પ્રવચનો દ્વારા સમજણ આપે છે. -સંપાદક]

### શ્લોક - ૪

આ સંસાર સ્વાર્થી છે. તમે કહો છો 'મારી પત્ની, મારો પતિ, મારું બાળક, આ મારું છે, તે મારું છે.' ઠીક, મારા વહાલા ભાઈ ! જ્યાં સુધી તમે પૈસા કમાય છે ત્યાં સુધી બધાં તમારી સાથે રહેવા ખુશી થશે. પણ કંઈ અકસ્માત થયો અને તમે પથારીવશ થઈ ગયા, તો શરૂઆતમાં તેઓ તમારી સંભાળ રાખશે. પણ પાછળથી તમારી કોઈ સંભાળ રાખશે નહીં. થોડા જ વખતમાં ધીરજનો અંત આવે છે. જ્યાં સુધી તમારી પાસે ધન હશે, થોડું પણ બેંક બેલેન્સ હશે અને તમે બધી વસ્તુઓનું મૂલ્ય ચૂકવી શકતા હશો ત્યાં સુધી તમારા કુટુંબના સભ્યો તમારા છે, જ્યારે તમારી પાસે ધન નહિ હોય ત્યારે તમારું કોઈ જ નથી.

**યાવદ્વિત્તોપાર્જનસક્ત-**
**સ્તાવન્નિજ પરિવારો રક્તઃ ।**
**પશ્ચાજ્જીવતિ, જર્જરદેહે**
**વાર્તાં કોઽપિ ન પૃચ્છતિ ગેહે ॥ ૪ ॥**
**ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં...**

જ્યાં સુધી તમારી પાસે ધન હશે ત્યાં સુધી બધા મિત્રો અને સંબંધીઓનો પ્રેમ રહેશે. જ્યારે તમો વૃદ્ધ થઈ જશો, નબળાઈને લીધે અશક્ત થઈ જશો ત્યારે ઘરમાંનું કોઈ તમારી સામે પણ જોશે નહિ.

ગોવિંદને ભજ, ગોવિંદને ભજ.

હાલ તમારા કુટુંબના બધા સભ્યો તમારાં જ રહેશે, તમારાં અંગત લાગશે. પણ કાલે તમે જ્યારે વૃદ્ધ અને અશક્ત થઈ જશો અને દર મહિને તમે સારી રકમ કમાઈ શકશો નહિ ત્યારે તમે તમારા જ ઘરમાં અજાણ્યા થઈ જશો અને તમારે તમારા ઘરના એક ખૂણામાં બેસી રહેવાનો વારો આવશે. કોઈ તમને પૂછશે પણ નહીં : 'તમને કેમ છે ? બાપા ! દાદા તમને રાત્રે સારી ઊંઘ આવી હતી ? તમારા સ્વાસ્થ્ય માટે કોઈ જ પૂછશે નહિ. સંસાર આવો છે. માટે, તમે શા માટે સંસારને બરાબર વળગેલા જ રહો છો ? આખું જગત સ્વાર્થી છે, જો કોઈ ખરેખર તમારું કોઈ હોય તો તે ફક્ત ભગવાન જ છે. તમે તેની દરરોજ પ્રાર્થના કરો છો.

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ**
**ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।**
**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ**
**ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥**

તું મારી માતા છે, તું મારો પિતા છે. તું મારો મિત્ર છે, તું મારો સખા છે. તું મારું જ્ઞાન છે, તું મારી સંપત્તિ છે. ઓ ઈશ્વરોના ઈશ્વર, તું મારું બધું જ સર્વસ્વ છે.

### શ્લોક - ૫

જ્યાં સુધી તમારા ખીસામાં પૈસા હશે ત્યાં સુધી દરેક જણ તમારું બનીને રહેશે. બીજું, એ કે જો તમારી પાસે પૈસા હશે તો દરેક જણ તમારી પાસે હશે, હંમેશાં યાદ રાખજો કે આ સંસારનો માર્ગ વિચિત્ર છે. જ્યાં સુધી તમે તમારા શરીરમાં હશો, જ્યાં સુધી તમારા શરીરમાં જીવન હશે, ત્યાં સુધી દરેક જણ તમારું અંગત રહેશે. પણ જે ક્ષણે શ્વાસ બંધ થશે અને મૃત શરીરને પાછળ મૂકીને તે જતો રહેશે, પછી એકદમ ફેરફાર દેખાશે. કોઈને પણ તમારી પાસે આવવાનું ઈચ્છશે નહીં. તેઓ કહેશે : 'આ શરીર અપવિત્ર અને અછૂત

છે.' જો કોઈ તમારા શરીરને અડે તો તેને સ્નાન કરવું પડે. તમારો કોઈ પણ સગો મંદિરમાં કે પવિત્ર સ્થાનમાં મરણ પછી દસ દિવસ સુધી પ્રવેશ કરી શકશે નહિ. સંસાર આવો છે. તમારું કહેવાતું જીવન આવું છે.

**યાવત્પવનો નિવસતિ દેહે**
**તાવત્ પૃચ્છતિ કુશલં ગેહે ।**
**ગતવતિ વાયૌ દેહાપાયે**
**ભાર્યા બિભ્યતિ તસ્મિન્ કાયે ॥ ૫ ॥**
**ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં...**

જ્યાં સુધી શરીરમાં શ્વાસ વહે છે, ત્યાં સુધી ઘરમાંના બધાં જ તારી તબિયત અને સુવિધાઓ તરફ ધ્યાન આપશે. જ્યારે શ્વાસ શરીર છોડી દે છે, જ્યારે શરીર મૃત થાય છે ત્યારે તમારી પત્ની પણ તે શરીરથી ભય પામે છે. (૫)

ભજ ગોવિંદ, ભજ ગોવિંદ...

**યાવત્પવનો નિવસતિ દેહે તાવત્ પૃચ્છતિ કુશલં ગેહે ।** - જ્યાં સુધી શરીરમાં શ્વાસ વહે છે, ત્યાં સુધી ઘરમાંના બધાં જ તારી તબિયત અને સુવિધાઓ તરફ ધ્યાન આપે છે. જ્યાં સુધી તમે જીવંત અને શ્વાસ લેતા હશો ત્યાં સુધી કુટુંબના બધા સભ્યો તમારા સ્વાસ્થ્ય અને સુવિધા તરફ ધ્યાન આપે છે. જ્યારે અંત પાસે આવે છે અને છેલ્લો શ્વાસ પૂરો થાય ત્યારે **ગતવતિ વાયૌ દેહાપાયે** - તમે ત્યાં લાકડાના કકડાની માફક થઈ જાઓ છો. વધુમાં વધુ અંગત સંબંધ પત્ની અને પતિનો ગણાય છે, પણ તમને ખૂબ વહાલી પત્ની પણ અજાણી બની જાય છે. તે પણ તમારા શબ પાસે આવવા ઈચ્છતી નથી. **ભાર્યા બિભ્યતિ તસ્મિન્ કાયે** - તમારી પોતાની પત્ની પણ તમને જોતાં ભય પામે છે. તે શરીર કે જેમાંથી પ્રાણવાયુ જતો રહ્યો છે તેને જોતાં તમારા જીવનના ખૂબ અંગત સંબંધી પત્ની કે પતિ તમને જોઈને ભય પામે છે. પુરુષને સંબોધીને આ કહેવામાં આવેલું હોવાથી ભાર્યાનો ઉલ્લેખ કર્યો છે. સ્ત્રીઓનો સમૂહને સંબોધતો ફિલસૂફ એમ કહેશે કે તમારા પતિ પણ તમારી નજીક આવવાનું ટાળશે. એવું બને કે તે તેર દિવસ પૂરા થતાં પુનર્લગ્નનો વિચાર તે કરતો હોય ! ભગવાનને ખબર !

આમ આ જીવન-સત્યો આદિ શંકરાચાર્ય આપણા ધ્યાન પર લાવે છે, જેથી આપણે આ મોહ, આસક્તિ અને આશાઓની પરંપરામાંથી જાગીએ અને એક અને એક જ જીવનલક્ષ્ય-ફરીથી એકવાર મૂળના ઉદ્‌ગમ તરફ પાછા જવું અને શોકની પેલી પાર જઈને આપણી જાતને આપણા હૃદયની અંદરની ગુહામાં શાશ્વત શાંતિમાં સ્થિત કરવી - તરફ આપણા લક્ષને વાળવાનો પ્રયત્ન કરવાનો છે. આનાથી જ આ ધરતી પરનું તમારું જીવન ખરેખરું સફળ બને છે. આનાથી જ તમે કૃતકૃત્ય અને આપ્તકામ બનો છો. તમે અહીં જે લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આવ્યા છો તેને પ્રાપ્ત કરી લો છો. આમ તમારા પ્રારબ્ધને સિદ્ધ કરતાં તમે પરમેશ્વર સાથે એક બની જાઓ છો.

આમ શંકરાચાર્યે આ ભજ ગોવિંદમ્, દ્વાદશ મંજરિકા કે જેમાં આપણા પોતાના અનુભવના દરેક સમજી શકે તેવાં જીવન-સત્યો બાર ટૂંકા સરસ શ્લોકોથી ઉપદેશરૂપે આપ્યાં છે અને તેથી તેઓ કહે છે કે પરમાત્મા સાથેના તમારા જોડાણમાં સહેજ પણ નિષ્કાળજી રાખશો નહિ.

**ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં**
**ભજ ગોવિન્દં મૂઢમતે ।**
**સંપ્રાપ્તે સન્નિહિતે મરણે**
**નહિ નહિ રક્ષતિ 'ડુકૃઞ્ કરણે' ।**

ઈશ્વર સિવાય બીજું કંઈ જ કામમાં નહિ આવે. ઈશ્વર જ સાચી સંપત્તિ, સાચો મિત્ર અને અંતિમ લક્ષ્ય છે.

અહીં એક વિદ્વાન, બુદ્ધિશાળી વ્યક્તિ વ્યાકરણશાસ્ત્રી અને પંડિત થવાનો પ્રયત્ન કરે છે તેને ઉદ્દેશીને શંકરાચાર્ય કહે છે :

'ઓ મૂર્ખ ! આ હોશિયારી હશે પણ તે સાચું ડહાપણ નથી. મૂર્ખતા જ છે.'

**યલ્લભસે નિજકર્મોપાત્તં વિત્તં તેન વિનોદય વિત્તમ્** - સાચા પ્રયત્ન દ્વારા જે કંઈ તમને પ્રાપ્ત થાય તેનાથી મનમાં સંતોષ રાખો.

ગોવિંદને ભજ, ગોવિંદને ભજ.

તેઓ કહે છે : 'આ વિદ્યામાંથી ધન મેળવવું

ન જોઈએ. તમને જે મળવાનું હશે તે મળશે જ.' જ્યારે તમે આ રીતે તમારું જીવન યોગ્ય જીવનલક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વિતાવતા હો ત્યારે બહારના ભભકાવાળા પદાર્થોના દેખાવોથી આકર્ષિત થશો નહિ. તેમાં સમય બગાડશો નહિ. ગુરુદેવ સ્વામી શિવાનંદજી કહેતા : 'જીવન ટૂંકું છે. સમય વહી જાય છે. મૃત્યુ ગમે તે સમયે આવી શકે છે. માટે, તૈયાર થા અને હમણાંથી જ સાચી વસ્તુ માટે પ્રયત્ન કર. તારા ઉચ્ચતમ કલ્યાણને આવતી કાલ પર મોકૂફ રાખીશ નહિ.'

શંકરાચાર્ય કહે છે : 'કમળના પાનની સપાટી પરના પાણીના બિંદુની માફક જીવન ખૂબ, ખૂબ અસ્થાયી છે. ગમે તે ક્ષણે તે નીચે પડી શકે છે, નીચે આવી જાય છે.' જીવન એટલું અસ્થાયી છે કે એક ક્ષણે જીવતી વ્યક્તિ બીજી જ ક્ષણે મૃત થઈ જાય છે. માટે દરેક દિવસનો મહાન જીવન-લક્ષ્ય તરફ ગતિ કરવા માટે ઈશ્વરે આપેલી તક તરીકે ઉપયોગ કરો. બીજાના કહેવાતા સ્વાર્થી અને ચંચળ વહાલ તરફ આકર્ષિત ન થાઓ. બધા લોકો પોતાના સ્વાર્થ માટે જ કાર્યશીલ હોય છે. જ્યાં સુધી તમે તેમને ફાયદો કરશો ત્યાં સુધી તેઓ તમને સારા કહેશે. જે ઘડીએ તમે તેમને ફાયદો કરવાનું બંધ કરશો, કોઈ પણ તમને 'તમારે પાણીનો ગ્લાસ જોઈએ છે ?' એટલું પણ પૂછશે નહિ.

**યાવદ્વિત્તોપાર્જનસક્ત-**
**સ્તાવન્નિજ-પરિવારો રક્તઃ**
**પશ્ચાજ્જીવતિ જર્જરદેહે**
**વાર્તાં કોડપિ ન પૃચ્છતિ ગેહે ॥**
**ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં...**

જ્યાં સુધી તમારી પાસે ધન હશે ત્યાં સુધી બધા સંબંધીઓ અને મિત્રોનો પ્રેમ રહેશે. જ્યારે તમારું શરીર વૃદ્ધ થઈ જશે, નબળાઈને લીધે અશક્ત થઈ જશે ત્યારે ઘરમાંનું કોઈ તમારી સામે પણ જોશે નહિ.

ગોવિંદને ભજ, ગોવિંદને ભજ.

આ સંસારમાં જો કોઈ વસ્તુમાં લોકોને વધુમાં વધુ પ્રેમ હોય તો ફક્ત આ વિત્ત-ધન-માં છે. તે ધનનો શું ઉપયોગ છે ?


એક દિવસ દશરથરાજા અરીસામાં જોઈ રહ્યા હતા. તેમણે જોયું કે તેમના કાન આગળ કેટલાક વાળ સફેદ થઈ ગયા હતા. તે વિચારે છે : 'હે પ્રભુ ! હવે મારા વાળ ધોળા થવા માંડ્યા છે. હું હવે યુવાન ન ગણાઉં. મને લાગે છે કે મારે હવે ગાદી છોડી તેને યુવરાજ રામચંદ્રને સોંપવી જોઈએ. મારે વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવો તે હિતકર છે.' આમ, વાળ ધોળા થવાને વૃદ્ધાવસ્થાનું લક્ષણ સ્વીકારી તે વિચારે છે : 'હવે મારે વધુ સમય માટે ગાદી પર રહેવું યોગ્ય નથી. મારે તે મારા પુત્રને સોંપી દેવી જોઈએ.'

દશરથ રાજાને ત્રણ રાણીઓ હતી. સૌથી નાની કૈકેયી રાણી તેમને ખૂબ વહાલી હતી અને તેને ભરત નામે પુત્ર હતો. લેખક-કવિ કહે છે કે વૃદ્ધાવસ્થા, જરા વિચારે છે : 'જો દશરથ રાજાને ગાદી તેમના મોટા પુત્રને આપવાનું સૂચન કરું, તો માનીતી યુવાન રાણી નાખુશ થાય, ગુસ્સે પણ ભરાય. તે એમ વિચારે : 'જો મારા પુત્ર ભરતને કંઈ મહત્ત્વ આપવામાં ન આવે તો મોટી રાણી જ રાજમાતા થશે. હું તો ફક્ત ત્રીજી રાજમાતા જ રહીશ. જો કે દશરથ રાજા મારી પાછળ ગાંડા છે પણ એક વાર તેમનો મોટો પુત્ર ગાદી પર આવે, પછી મારું કોઈ મહત્ત્વ રહેશે નહિ. હું રાજમાતાઓમાં છેલ્લી ત્રીજી ગણાઈશ.' એટલે જો આ વિચાર હું દશરથને આપીશ તો તે મારી સાથે ગુસ્સે થશે. 'જરા-વૃદ્ધાવસ્થા' કૈકેયીના ગુસ્સાથી ડરીને દશરથના રાજાની પાસે આવી તેમને કાનમાં ધીમેથી કહે છે : 'તમારી ગાદી રામને આપો.' 'જરા' આટલું ધીમું કેમ બોલે છે ? કારણ કે જો કૈકેયી સાંભળી જાય તો તે ગુસ્સે થઈ જાય. આમ કૈકેયીના પ્રત્યાઘાતનો ભય હોવા છતાં 'જરા-વૃદ્ધાવસ્થા' દશરથ રાજાના કાનની પાસે આવી તેમને કહે છે, 'તમે તમારી ગાદી રામને આપો તે યોગ્ય છે.' શા માટે ? કારણ કે જ્યાં જ્યાં ધન હશે ત્યાં તેને માટેની હરિફાઈ, દ્વેષ હશે, હંમેશાં ઈર્ષા અને ભય હશે.

☐ 'Bhaja Govindam'માંથી સાભાર અનુવાદ

# શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર હૃષિકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]



## અંતર્નાદ

**મેં અંદરથી નાદ સાંભળ્યો : “શિવ, જાગ્રત થા !**
**અને તારા જીવનના પાત્રને આ અમૃતથી ભરી દે;**
**તેને બધાની સાથે વહેંચ,**
**હું તને તે માટે બળ, શક્તિ, સામર્થ્ય અને જ્ઞાન આપીશ.”**
**હું તેના આદેશને અનુસર્યો;**
**તેણે પાત્રને ભરી જ દીધું;**
**અને મેં તે બધાંને વહેંચ્યું.** - શિવાનંદ

## કથાનક-3 (ii)

### દરેક વસ્તુમાં પ્રભુને જુઓ

ગુરુદેવ ઓફિસ તરફ જઈ રહ્યા હતા. શ્રી સંતોષ તેમને મળ્યો અને તેમને માતા ક્ના સ્વાસ્થ્ય વિશે સમાચાર આપ્યા અને તેમને માટે કેટલીક ઔષધિઓ આપવા માટે ગુરુદેવની સલાહ માગી.

ગુરુદેવે તેને પૂછ્યું : ‘સંતોષ, તું આ ઔષધિઓ ક્યાંથી લાવ્યો ?’

‘સ્વામી ચિદાનંદ પાસેથી, સ્વામીજી. તેઓ પોતાની પાસે અદ્‌ભુત ઔષધિઓ રાખે છે.’

ગુરુદેવે કહ્યું : ‘તેઓ ઔષધિઓના ચાહક હોય તેમ લાગે છે. સંતોષ, શું તે ખૂબ પ્રેમાળ અને કરુણાળુ માણસ નથી ?’

‘છે જ, સ્વામીજી.’

પછી ગુરુદેવે ઉમેર્યું : ‘હંમેશાં માણસો અને વસ્તુઓની સારી બાજુનો જ વિચાર કરો. જ્યારે પણ તમારે કોઈ અસંસ્કારી લોકો સાથે પ્રસંગ પડ્યો હોય અને તમારી સાથે ઉદ્ધત વર્તન કરતા હોય ત્યારે ઈશ્વરે તેમના વર્તન દ્વારા તમારા મનને મજબૂત બનાવવાની તક આપી છે તેમ માનો. હંમેશાં બીજાઓમાં શું સારું છે તે જોવાનો પ્રયત્ન કરો જેથી તે વિશિષ્ટ સદ્‌ગુણનો તમારામાં વિકાસ થશે.’

‘ખરાબને ન જુઓ. પણ છતાં તમને દેખાય તો તે ખરાબ તમારામાં ન આવે તેનું ધ્યાન રાખો. આપણને શીખવા માટે ઈશ્વરે સારું અને ખરાબ બંનેનું સર્જન કર્યું છે. સારા પાસેથી આપણે સારું શીખીએ છીએ. ખરાબ પાસેથી ખરાબમાંથી કેમ દૂર રહેવું તે શીખીએ છીએ. માટે બંને સારું અને ખરાબ ખરેખર તો સારાં જ છે.’

### વિરુદ્ધતાનું મૂલ્ય

ઓફિસમાં હંમેશના કીર્તન અને પ્રાર્થના પછી ગુરુદેવ એક મહિલા ભક્તના પ્રશ્નનો જવાબ આપતા હતા.

‘દુર્ગુણનું અસ્તિત્વ સદ્‌ગુણને યશસ્વી બનાવવાનું છે. અભિમાનનું અસ્તિત્વ નમ્રતાને યશસ્વી બનાવવાનું છે. કાળાનું અસ્તિત્વ સફેદને યશસ્વી બનાવવાનું છે. ખરાબનું અસ્તિત્વ સારાને યશસ્વી બનાવવાનું છે. જો દરેક જણ સદ્‌ગુણી હોત તો તમે સદ્‌ગુણોની કેવી રીતે કદર કરી શકત !’

### ઈશ્વર એકલો જ આપે છે

જ્યારે ગુરુદેવ ઓફિસમાંથી પાછા આવતા હતા ત્યારે કાલે આવી હતી તે જ ભિખારીઓની ટોળી પૈસા મેળવવા તેમના પાસે આવી.

સ્વામી હૃદયાનંદે કહ્યું : ‘સ્વામીજી, આ પ્રમાણે તેઓ દરરોજ આવશે. આજે સ્વામીજીએ તેમને કંઈ પણ આપવું ન જોઈએ. તેમને ખોટું પ્રોત્સાહન આપવું ન જોઈએ.’

ગુરુદેવે કહ્યું : 'કંઈ વાંધો નથી. ઈશ્વર આપે છે.'

સચ્ચિદાનંદ તરફ ફરી કહ્યું : 'ઓજી, તેમને દરેકને એક રૂપિયો આપો.'

### ઉપદેશનો સાર

દિલ્હીથી આવેલાં શ્રીમતી સુશીલા નર્સનો વ્યવસાય કરતાં હતાં. તેઓ આ સવારે તેમનાં બહેન સાથે ગુરુદેવને કુટીરમાં મળ્યાં. પ્રણામ કર્યા પછી તેમણે ગુરુદેવને પોતાની ડાયરી, ગુરુદેવના હસ્તાક્ષર તેમ જ આશીર્વાદ માટે આપી.

'ધોબીના રૂા.૮/-, ઘરનું ભાડું રૂા.૨૫/-, શાકભાજી રૂા.૫/-, હોટલનો ખર્ચ રૂા.૨૬/-, દૂધવાળાને રૂા.૧૫/-'

ડાયરીમાંથી ગુરુદેવને આવું વાંચતા જોતાં આશ્ચર્ય થયું. આ બધી જ વિગત તેઓ ડાયરીના કોરા પાનમાંથી બોલતા હતા. બધા લોકો ખૂબ હસ્યા !

પછી તેમણે ડાયરીમાં તેમનો અમર ઉપદેશ લખ્યો : 'સેવા કરો, પ્રેમ કરો, આપો, વિશુદ્ધ બનો, ધ્યાન ધરો. સાક્ષાત્કાર પામો; ભલા બનો, ભલું કરો.' અને પછી શ્રીમતી સુશીલાને ડાયરી પાછી આપી.

શ્રીમતી સુશીલાને ગુરુદેવે જે લખ્યું હતું તે વાંચવામાં થોડી મુશ્કેલી પડતી હતી. ગુરુદેવે તેને મદદ કરતાં કહ્યું : 'ઓજી, છેલ્લી બે લાઈન - 'ભલા બનો, ભલું કરો'- ને આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરો અને બાકીનાં બધાં આપમેળે આવી જશે.'

### ગુરુદેવનો વિનોદ

ગુરુદેવે પૂછ્યું : 'સુશીલા, તું તારા દરદીઓ પર ગુસ્સો કરે છે ?'

'ના, સ્વામીજી, જે મારી પાસે દરદીઓ તરીકે આવે છે તે બધા રેલવેના ઓફિસર હોય છે. એટલે હું તેમની સાથે ગુસ્સે થઈ શકું નહિ.'

ગયાનાં રાણી ચંદ્રાવતી તરફ ફરીને ગુરુદેવે કહ્યું : 'ચંદ્રાવતી, તમે તમારા નોકરો સાથે ગુસ્સે થાઓ છો, આવું થતું નથી ને ?'

બધાં ખૂબ ખૂબ હસ્યાં.

### સંન્યાસ લેવો

ગુરુદેવ કુટીરની બહાર આવી રહ્યા હતા, તેમની સાથે કેટલાક શિષ્યો અને ભક્તો હતા. જ્યારે તેઓ રસ્તા ઉપર આવ્યા ત્યારે તેમણે જોયું કે એક સ્ત્રી, એક પુરુષ, કદાચ તેનો પતિ હશે, સાથે બૂમો પાડતી હતી અને બાઝતી હતી.

ગુરુદેવે વિનોદ સાથે કહ્યું : 'જો આવી દુનિયામાં આવી કજિયાળુ સ્વભાવની સ્ત્રીઓની સંખ્યા વધી જાય તો દુનિયામાં સંન્યાસીઓની સંખ્યા એકદમ વધી જાય !'

બધા હસી પડ્યા.

### નર્સોને સૂચનો

એક ડૉક્ટર બહેન અને તેમનાં સહાયક બહેન કનખલમાંથી ઓફિસમાં ગુરુદેવનાં દર્શને આવ્યાં હતાં. તેમને કેટલાંક પુસ્તકો આપ્યા પછી ગુરુદેવે સહાયક બહેનને પૂછ્યું :

'તમે સહાયક ડૉક્ટર છો ?'

'ના, સ્વામીજી, હું ઑપરેશન થિયેટરના ચાર્જમાં છું. હું ઑપરેશન દરમિયાન મદદ કરું છું.'

ગુરુદેવે પૂછ્યું : 'ઑપરેશનમાં મદદ કરનારની એક મહત્ત્વની આવશ્યકતા શું હોય છે ?' અને પોતે જ તેનો ઉત્તર આપતાં કહ્યું : 'સમયસૂચકતા. ઑપરેશન સમયે નિયત સમયે ક્યાં સાધનો જોઈશે તેનો પહેલાંથી ખ્યાલ હોવો જોઈએ. ધારો કે ભૂલથી તમે એક ખોટું હથિયાર આપી દીધું અને ડૉક્ટર ગુસ્સે થાય તો જરા પણ અસ્વસ્થ થવું નહિ. તમારે સ્વસ્થ અને બહાદુર રહેવું જોઈએ. જરૂરી વસ્તુઓ પર પૂરું ધ્યાન આપી તૈયારી કરો, નહિતર તમે વધુ ને વધુ ભૂલો કરતાં જશો અને ઑપરેશન સફળ ન પણ થાય.'

ડૉક્ટરે સલાહ માટે ગુરુદેવનો આભાર માન્યો અને રજા લીધી.

### મન પરના સમજદારીપૂર્વકના કાબૂ વિશે

એક પ્રૌઢ વયના માણસ દિલ્હીમાંથી સારા પગારની નોકરીમાંથી રાજીનામું આપી આશ્રમમાં આધ્યાત્મિક અભ્યાસ માટે પૂરો સમય આપી આશ્રમમાં રહેવાના ઈરાદાથી આવ્યા હતા. તેમણે ગુરુદેવને પ્રણામ કર્યા અને તેમના આદેશ માટે રાહ જોતા હતા. ગુરુદેવે તેની નાડી તપાસી, પછી સૂચનો કરવા તેમ જ પ્રશ્નો પૂછવા માંડ્યા.

'ઓજી, મને લાગે છે કે તમે દિલ્હી પાછા જાઓ અને નોકરી સ્વીકારી લો. આ બધી વસ્તુઓ ફક્ત ભાવનાવશ બનીને ન કરો. ત્યાં દિલ્હીમાં તમારાં પત્ની અને બાળકોને ગમતું નહિ હોય. તેઓ અહીં આવશે અને રુદન કરશે. એટલે, તમારે માટે આ પથને વળગી રહેવું ખૂબ મુશ્કેલ થશે.'

તે માણસે જવાબ આપ્યો : 'ના, સ્વામીજી, મારે કામ કરવાની કોઈ ઇચ્છા નથી. મારા કુટુંબને કોઈ

મુશ્કેલી નહિ પડે કારણ કે મેં તેમને માટે બધી ગોઠવણ કરી છે. તેમની પાસે બે ઘર છે અને રૂા.૫૦૦૦/- રોકડા છે. મેં આધ્યાત્મિક જીવન સ્વીકારવાનો નિશ્ચય કર્યો છે. હું તેને ગમે તે ભોગે વળગી રહીશ.'

'અચ્છાજી, તો પછી તમારો શું ઈરાદો છે ? તમારે શું કરવું છે ?'

'સ્વામીજી, મારે આખા ભારતની મુસાફરી કરવી છે, અને તે દરમિયાન ભગવાનનું નામ ગાતાં ગાતાં બધાં મહત્ત્વનાં યાત્રાનાં સ્થળો અને પવિત્ર જગાઓનાં દર્શન કરવાં છે. મારો આ ઈરાદો છે.'

'ઓજી, આ કંઈ સહેલું કામ નથી. તમારે કેટલીયે મુશ્કેલીઓ પાર પાડવી પડશે. તમને સમયસર ભોજન અને રહેઠાણ મળશે નહિ.' ગુરુદેવે જણાવ્યું.

'ના, સ્વામીજી, ભગવાન આ બધી વસ્તુઓની સંભાળ રાખશે.'

'તે ઠીક છે. ઈશ્વર તમને બધું જ આપશે, પણ તે પહેલાં તમે તેની કૃપાને પાત્ર છો કે કેમ તે જોશે. તમારે કેટલીયે કસોટી અને આકરી તાવણીમાંથી પસાર થવું પડશે. આવી બધી મુશ્કેલીઓ વચ્ચે તમે ઈશ્વરનો વિચાર પણ કરી શકશો નહિ અને તમારી શ્રદ્ધા પણ કદાચ ગુમાવી બેસો. તમારી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા હજી એટલી વિકસી નથી કે તમે આ બધી વેદનાઓ અને મુશ્કેલીઓને સહન કરો અને છતાં તેનો વિચાર પણ કરો. સારામાં સારો માર્ગ એ છે કે તમે અહીં એકબે માસ રહો. દરરોજ કોઈ કામ થોડાક કલાક કરો અને બાકીનો સમય તમે ધ્યાનમાં ગાળો.'

'ના, સ્વામીજી, મને કોઈ પણ કામમાં રસ નથી. હું કામ કરી શકું નહિ. મારે તો બધો જ સમય ધ્યાનમાં ગાળવો છે.'

ગુરુદેવે કહ્યું : 'વહાલા સાહેબ, ધીમે ધીમે આગળ વધો ! પહેલા પગથિયા પરથી પાંચમા પર કૂદકો ન મારો. આમ કરશો તો તમારો પગ ભાંગશે. નવા આગંતુકને દિવસના બધા ચોવીસે કલાક ધ્યાન કરવું અશક્ય છે. તમે ફક્ત થોડાક દિવસ તેમ કરી શકશો. પછી મન જ આપમેળે બ્રેક લગાવશે. ધ્યાનના નામે તમે ફક્ત ઊંઘતા જ હશો. તેનાથી જડતા ઉદ્‌ભવશે. મનને વિવેકપૂર્વક યુક્તિથી કાબૂમાં લાવવું જોઈએ. નહિતર તોફાની ઘોડાની માફક તે તમને નીચે પટકી દેશે અને નાસી જશે. થોડાક કલાક ધ્યાન, થોડાક કલાક જપ, થોડાક કલાક કીર્તન, કેટલાંક આસન, પ્રાણાયામના કેટલાક રાઉન્ડ, થોડીક નિષ્કામ સેવા - આ બધી રીતોનું સંકલન કરી તમારે મનને જીતવા માટે કામ કરવાનું રહેશે. પછી જ તમને મસ્તક, હૃદય અને હાથ આ ત્રણેનો સંવાદિત અને સંયોજિત વિકાસ પ્રાપ્ત થશે. કામ કરવું એ ધ્યાનમાં ખલેલરૂપ છે તેમ માનતા નહિ, સાચી રીતે તો તે ધ્યાનમાં ખૂબ મદદરૂપ છે. નિષ્કામ ભાવે કરેલું કામ જ્યારે ધ્યાનથી મગજ થાકી ગયું હોય ત્યારે તેને ફરીથી તાજું બનાવે છે. માટે કોઈ જાતનો સંકોચ રાખ્યા વગર ગમે તે કોઈ કામ કરો અને અહીં રહો.'

'સ્વામીજી, મને માફ કરો, હું કામ કરી શકીશ નહિ.' તે ભાઈએ કહ્યું.

'અચ્છાજી, તમારે કામ કરવાની જરૂર નથી. તમને કીર્તનમાં રસ છે ને ? દરરોજ થોડાક દિવસ, થોડાક કલાકો માટે ભજનહૉલમાં અખંડ કીર્તન કરો અને મંદિરની પૂજામાં મદદ કરો. બરાબર છે, સત્યજ્ઞાનમ્, તેમને એક રૂમ, કપડાં અને દરેક જરૂરી વસ્તુ આપો. અચ્છાજી, હવે તમે જઈ શકો છો. આનંદમાં રહો. ઈશ્વર તમને આશીર્વાદ આપે.'

ગુરુદેવનો આવો સર્વોત્તમ અને અકથ્ય માયાળુ સ્વભાવ હતો.

### મુક્ત સંકલ્પ

શ્રી સુચા સીંગ એક સારા જિજ્ઞાસુ હતા. એક વર્ષથી તે આશ્રમમાં રહેતા હતા. હવે તેઓ પાછા પોતાને વતન જઈ ધંધો કરવાનું વિચારતા હતા. ગુરુદેવ પાસે તેમની રજા લેવા માટે આવ્યા.

ગુરુદેવે કહ્યું : 'ગયા જન્મોના સારા સંસ્કારને લીધે ભગવાન આપણને એવી પરિસ્થિતિમાં મૂકે છે કે જેથી આપણે આપણો સમય પવિત્ર પુરુષોના સાન્નિધ્યમાં પ્રાર્થના અને આધ્યાત્મિક અભ્યાસમાં ગાળી શકીએ છીએ. વિવેકની ઓછપને લીધે મનુષ્ય આવું સ્થાન છોડીને સાંસારિક જીવન તરફ જાય છે. ઈશ્વરે આપણને બુદ્ધિ તેમ જ સારી પરિસ્થિતિ આપી છે. પછી તો આપણે પરમ સુખ તરફ દોરી જતા શ્રેયમાર્ગને સ્વીકારવો કે સંસારના જન્મમરણના આંટાફેરામાં નાખતો પ્રેયમાર્ગ સ્વીકારવો તે નક્કી કરવાનું છે.

સુચા સીંગ તરફ ફરીને ગુરુદેવે કહ્યું : 'અચ્છાજી, ભગવાનના આશીર્વાદ હો !' તમને જવા માટે જરૂરી આ થોડાક પૈસા તમારી પાસે રાખો. ઓમ તત્ સત્.

☐ - Sivananda's Gospel of Divine Lifeમાંથી સાભાર અનુવાદ

# મનાચે શ્લોક - મનોબોધ

**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**

સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ સદૈવ કહેતાં કે સુખી થવાનો એક માર્ગ છે. સવારે ઊઠીને રોજ MYOBની એક ગોળી ગળી લેવી. MYOB એટલે Mind Your Own Business. આપણે આપણો ધર્મ સંભાળવો. 'સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મ ભયાવહઃ ।' આપણે જ્યારે જ્યારે પણ આપણા કર્તવ્યથી નિષ્ઠા અને નીતિથી પૃથક્ થઈએ

**નિજધ્યાસ તો સર્વ તૂટોનિ ગેલા;**
**બળેં અંતરી શોક સંતાપ ઠેલા ।**
**સુખાનંદ આનંદ ભેદેં બુડાલા**
**મનીં નિશ્ચયો સર્વ ખેંદે ઉડાલા ॥ ૬૨ ॥**

વાદવિવાદથી ચાર નુકસાન થાય છે : (૧) નિજાધ્યાસ, સ્વ સ્વરૂપાનુસંધાન નાશ પામે છે, (૨) અંતઃકરણમાં શોકસંતાપ વગેરેનો પરિવાર વિસ્તાર પામે છે. (૩) મારું અને તારું એવો ભેદભાવ ઉદય થવાથી પોતાના સહજાનંદનો લોપ થાય છે અને (૪) ચિત્તમાં વિક્ષોભ થયેલો હોવાથી આત્મનિશ્ચય ડગી જાય છે.

આપણા પ્રકરણ ગ્રંથો, ઉપનિષદો, શ્રીમદ્ ભાગવત અને ભગવદ્‌ગીતા, આ બધા જ પ્રશ્નોત્તરના સ્વરૂપમાં છે. પરંતુ જો પ્રશ્નોત્તર એકમેકને ઉતારી પાડવા અથવા તો અપમાન અને ઘૃણાની દૃષ્ટિએ કરવામાં આવે તો બંધાયેલા પૂર્વગ્રહોને કારણે કંઈ પણ યોગ્ય શુભ પરિણામ આવવાને બદલે બંને પક્ષે હાનિ જ પહોંચે છે. 'પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર-સમદષ્ટિને સર્વ સમાન' માત્ર હોઠો પર ગોખેલાં વાક્યો ન થતાં હૈયાં જડાયેલી ભાવના અને શાશ્વત ચિરંતનવૃત્તિ ન થાય ત્યાં સુધી ક્લેશ થતા જ રહેવાના. જે અંતતોગત્વા વ્યક્તિગત અને સામાજિક હ્રાસ જ બની રહેશે. સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ સદૈવ Idle gossipping and scandal back bitingને સદૈવ પાશવી વૃત્તિ જ કહેતા હતા. ખરેખર આપણે આકૃતિ અને આવૃત્તિમાં માણસ હોઈએ પરંતુ પ્રકૃતિ અને પ્રવૃત્તિમાં જે પાશવિતા છે, તેનું નિરાકરણ જ આ છે કે આપણે સદૈવ વાદવિવાદથી દૂર રહેવું. આપણે છીએ કે ત્યાં જ વિસ્ફોટ થાય છે. 'નઝર હટી દુર્ઘટના ઘટી.' આપણા જીવનપથનું લક્ષ્ય નક્કી કરીએ, અને તેના ઉપર ખાંડાની ધાર પર ચાલતાં હોઈએ તેમ ચાલીએ. જ્યારે જ્યારે આપણે 'સ્વ'માંથી 'પર'માં ડોકિયું કરીએ છીએ ત્યારે ત્યારે સદૈવ ઉત્પાત અને ઉગ્રતા ઉપજતાં જ હોય છે. માટે જ સંત રામદાસજી કહે છે :

**નિજધ્યાસ તો સર્વ વિચ્છેદ પામ્યો;**
**બળે અંતરે શોકસંતાપ જામ્યો;**
**સુખાનંદ આનંદ ભેદેથી ડૂબ્યો;**
**ઉરે સર્વ સિદ્ધાંત ખેદે વિલાપો ॥ ૬૨ ॥**

કોઈના આતંક અને પ્રહારોની સામે જ્યારે જ્યારે પણ મૌન ધારણ કરીએ ત્યારે કદાચિત આપણે તેમના આક્ષેપોને સ્વીકારી લઈએ છીએ, અથવા તો નમાલા-નપુંસક છીએ તેવું સામો પક્ષ માનતો થાય છે. ભલે થાય. છતાં પણ મૌન ધારણ કરવું વધુ યોગ્ય છે, જેથી આપણું નુકસાન ઓછું જ થશે.

સામે પક્ષે જે લોકો જે કંઈ બોલે છે, તે બોલે, સમાજમાં હિંસા, દ્વેષ અને આગજની વધશે. આપણે મૌન ધારણ કરીએ તો ઉદ્વેગ ઓછો થશે. માટે જ શ્રી રામદાસજી કહે છે કે અંતઃકરણમાં શોકસંતાપ વગેરેનો પરિવાર વિસ્તાર પામશે. આ શોક અને સંતાપનો વિસ્તાર એટલે જ રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, છળ અને કપટ. સ્વાર્થ વધતાં લોભ અને સત્તાની લાલસા વધશે. 'હું' પદમાં 'અહમ્' ભળતાં, મારું જ ખરું. અસત્ય જ જ્યારે સત્ય દેખાય અને સત્યવાન જ મિથ્યા દેખાય ત્યારે ત્યારે સદૈવ વિદુરનીતિ જ અપનાવવી પડે. વિદુરે ધૃતરાષ્ટ્રને સમજાવવા બહુ પ્રયત્ન કર્યો અને અંતે શ્રીકૃષ્ણની સમજાવટથી પણ ધૃતરાષ્ટ્રના પુત્રમોહને કારણે યુદ્ધ જ હવે એક નિશ્ચય છે, તેવું જણાયું ત્યારે વિદુરજી ખૂબ જ સરળતાથી કોઈ પણ પ્રકારની આસક્તિ-attachment વગર 'ત્યાગીને ભોગવી જાણે'-આત્માનંદને માણે, પરંતુ બધું જ નશ્વર છે, મિથ્યા છે, તેવું જાણ્યા પછી પણ આપણે મોહ અને મમત્વ છોડી શકતા નથી. આપણો મૂળ સ્વભાવ અને

સ્વરૂપ આ દંભ, છળ કે કપટ તો છે જ નહીં. અયમ્ આત્મા શાંતઃ અથવા તો શાંતોઽહમ્ આત્માનો અર્થ જ આપણું મૂળ સ્વરૂપ 'આનંદોઽહમ્' In all condition I am bliss bliss bliss absolute જ માત્ર છે. અન્યથા મારું અને તારું એવો ભેદભાવ થવાથી જ આપણે આપણા સહજાનંદનો લોપ કરીએ છીએ. ચિત્તમાં જે

**ધરીં કામધેનૂ પુઢેં તાક માગે**
**હરિબોધ સાંડૂનિ વીવાદ લાગે ।**
**કરી સાર ચિંતામણી કાચમંડે**
**તતા માગતાં દેત આહે ઉદંડે ॥ ૬૩ ॥**

પોતાને ત્યાં કામધેનુ હોવા છતાં ઘરે ઘરે છાશ-બીજાને ત્યાં માગતો ફરે, તેવી જ રીતે શ્રીહરિના ચિંતનથી મળતો સહજાનંદ છોડી વ્યર્થ વાદવિવાદના ક્ષોભકારક સાગરમાં પડે છે. પોતાના હાથમાં સારરૂપ ચિંતામણિ અને તે દ્વારા શ્રેષ્ઠ પદાર્થ પામી પરમ તૃપ્ત થવાને બદલે કોઈ મૂર્ખ કાચના ટુકડા માગે તો પછી તેને તો તે ટુકડા જોઈએ એટલા ઢગના ઢગ મળવાના.

મીરાંબાઈએ આ બાબતની સરળ સ્પષ્ટ ભાષામાં સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે, 'સાકર શેરડીનો સ્વાદ ત્યજીને, કડવો લીમડો ઘોળમાં, રે રાધા કૃષ્ણ વિના બીજું બોલમા ।'

શ્રીમદ્ ભાગવત કથાના પ્રારંભમાં માહાત્મ્યમાં કહ્યું છે કે, 'જ્યારે શુકદેવજી પરીક્ષિતને કથાનું અમૃત પીરસવા લાગ્યા ત્યારે દેવતાઓએ આવીને કહેલું કે સ્વર્ગનું અમૃત લઈ લો, પરંતુ કથામૃત અમોને આપો, ત્યારે શ્રી શુકદેવજીએ પણ કહ્યું હતું, 'કે કાચ કાચ જ હોય અને મણિ મણિ. મણિ લઈને કાચ આપવા માગે છે ?'

ક્ષોભ ઉત્પન્ન થાય છે તેથી જ સત્ય પ્રત્યેની આપણી નિષ્ઠા ડગી જાય છે. જાણીએ છીએ કે આ જ સત્ય છે, પરંતુ સત્યમાં પ્રતિષ્ઠિત નિષ્ઠાના પાયા હચમચી જતાં જ આત્મસ્થ વૃત્તિ અનાત્મા ભણી ખેંચાઈ જાય છે. માટે જાગૃતપણે વાદવિવાદનો તો ત્યાગ કરવો જ પડે.

**ધરે કામધેનુ બીજે છાશ માગે**
**હરિ બોધ છોડી મચ્યો રહે વિવાદે;**
**કરે સાર ચિંતામણિ કાચખંડ,**
**દીએ માગતાં તેમને ખૂબખૂબ ॥ ૬૩ ॥**

આપણાં જીવન પણ મિથ્યાત્વ અને અનાત્મ પ્રત્યે વધુ આકર્ષણમાં અને ઝૂકેલાં કે ડૂબેલાં છે, ત્યારે શ્રી દાસ બોધ, મનાચે શ્લોકની આ બંને ઓળીઓ (શ્લોકો) દ્વારા શ્રી સંત રામદાસજી સાવધાન કરે છે કે જીવનનાં લક્ષ્ય પ્રભુ પ્રેમ, પ્રભુ પ્રીતિ, પ્રભુ સ્મરણ અને પરમાત્મ તત્ત્વ ભણી જાગરૂકતા કેળવો અને અર્થના અનર્થ કરી; કાગના વાઘ કરી; રાઈના પહાડ કરી, મિથ્યાત્વમાં રાચવાનું છોડી દઈ; આંતરચૈતન્યને, ચાહો. એક શ્રી રામનું શરણ લો. સાચું સુખ રામમાં જ છે. 'કૃષ્ણ વિના બીજું સર્વ કાચું'નો અર્થ જ તે થયો કે 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીંત્યો નહીં, ત્યાં લગી સાધના સર્વે ઝૂઠી.' માટે આત્માને ઓળખવા પ્રયત્ન કરીએ; અનાત્મને ત્યાગીએ. જ્ઞાનની ઉપાસના કરીએ, અજ્ઞાનને છોડીએ. પ્રકાશ ભણી અગ્રસરીએ, અને અંધકારને છોડીએ. બાકી જેણે પ્રભુ પ્રત્યે એક ડગ પણ પ્રમાણિકપણે ભર્યું છે, ઈશ્વર સદૈવ તેની વહારે છે જ. ૐ શાંતિ.

## ૨૦મો યોગ શિક્ષક તાલીમ શિબિર

જેમને યોગાસનો આવડતાં હોય, નિયમિત કરતા હોય અને બીજા લોકોને વૈજ્ઞાનિક પદ્ધતિસર શિખવવામાં રુચિ હોય, જેમની વય ૨૦ થી વધુ અને ૬૦ થી ઓછી હોય, અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ અપાશે તે માટેની તૈયારી હોય, સ્નાતક હોય, તેઓ સૌ આ આવાસીય યોગ શિક્ષક તાલીમ શિબિરમાં જોડાઈ શકે છે. તા.૧૦મી ડિસેમ્બરની સાંજે શિવાનંદ આશ્રમ, અમદાવાદ પહોંચી જવાનું રહેશે. તા.૩૦મી ડિસેમ્બરની સાંજે પૂર્ણાહુતિ પછી જઈ શકાશે. યોગાસનો, પ્રાણાયામ, ક્રિયા, મુદ્રા, બંધ ઉપરાંત શરીરવિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્રમાં કાર્ડિયોલોજીસ્ટ, પેથોલોજીસ્ટ, ઓર્થોપેડીક સર્જન, ડાયાબિટોલોજીસ્ટ, ફિઝિશિયન, ડાયેટિશિયન, આયુર્વેદ, મેનેજમેન્ટ એક્ષપર્ટ, પાતંજલ યોગદર્શન, ગીતા, રેઈકી વગેરેનું પ્રશિક્ષણ દરરોજ અધિકારી શિક્ષકો દ્વારા આપવામાં આવશે. રહેવા, અભ્યાસક્રમ અને ભોજન પેટે રૂા.૭૫૦૦/- આપવાના રહેશે. તે જમા કરાવીને તા.૩૦ નવેમ્બર ૨૦૦૯ પહેલાં રજીસ્ટ્રેશન કરાવી લેવું જરૂરી છે. પ્રવેશપત્ર આશ્રમની વેબસાઈટ www.divyajivan.org પરથી મેળવી લેવું. સંપર્ક : મંત્રીશ્રી, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, ઈસરો સામે, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૨૬૮૬૧૨૩૪, ટેલીફેક્સ : ૦૭૯-૨૬૮૬૨૩૪૫
Email : sivananda_ashram@yahoo.com

# ભારતનો આ સંત

-શ્રીમતી યુવૉન લબો

[ફ્રાન્સનાં આધ્યાત્મિક જિજ્ઞાસુ તથા પરમ ભક્ત શ્રીમતી યુવૉન લબોએ 'This Monk from India' પુસ્તક તેમના ગુરુ પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજને ભક્તિભાવભરી અંજલિ રૂપે લખ્યું છે. પુસ્તકમાં તેમણે પોતાના જીવનમાં ગુરુએ ભજવેલ ભાગ વિશે તાદૃશ માહિતી આપી છે. સામાન્ય વ્યક્તિ પણ સન્નિષ્ઠ સાધના દ્વારા ગુરુકૃપા પામી પોતાનું જીવન ધન્ય બનાવી શકે છે તેની વાતો, પ્રસંગો તેમ જ વર્ણનથી પુસ્તક સભર છે.]

## ગુરુદેવ મારા આંગણે-૬

આમ, સંભવતઃ તો સ્વામીજીના સત્સંકલ્પના જ ધક્કે ધક્કે હું ઘેર પાછી ફરી. પરંતુ ઘેર પહોંચી ત્યારે તો હું હેબતાઈ જ ગઈ. 'તમે સૌ ઇચ્છો તો તમારી સેવા માટે હું અહીં રહી શકીશ'-એવું કહેવા માટે મારે થોડા દિવસ પસાર થવા દેવા પડ્યા. પરંતુ તેમણે સૌએ તો એકી અવાજે મને સંભળાવી દીધું, 'બિલકુલ નહીં. અમારે તારી કશી જ જરૂર નથી. તું એટલી બધી બદલાઈ ગઈ છું. માત્ર તારું શરીર અહીં છે. બાકી મન તો યોગમાં જ રમમાણ છે. અમારું તારા જીવનમાં કોઈ સ્થાન નથી. તું એટલી બધી વિરક્ત અને નિઃસંગ થઈ ગઈ છું.'

મારા દીકરાએ કહ્યું, 'વર્ષો સુધી, રોજ રાતે સૂવા જતાં પહેલાં હું રડતો રહેતો કે, રખેને તું અમારી પાસેથી જતી રહે અને ચર્ચમાં જઈને રહે. એટલા માટે રાત-મધરાતે ઊઠીને હું તારી પાસે આવતો ત્યારે તું મારી મશ્કરી કરતી કહેતી, 'એવું તે કદી હું કરું, બેટા !' પણ હું જાણતો હતો. હવે તો હું ટેવાઈ ગયો. તું તારે રસ્તે જા. એમાં અમે તને કાંઈ મદદ કરી શકીએ તેમ નથી. જો તું તેમાં સુખી હો તો હું પણ એમાં રાજી જ છું.'

હું પંદર મહિના ઘેર રહી. હું જતી રહું તે માટેની તેમની ઈચ્છા ઉત્તરોત્તર તીવ્ર થતી ચાલી. તેઓ કહેતા કે દિલ ખોલીને ચોખ્ખે ચોખ્ખી વાત થઈ જવી જોઈએ અને હવે કષ્ટોનો અંત આવવો જોઈએ.

આ બધું સ્વામીજીનું શાણપણ અને દીર્ઘ દૃષ્ટિ બતાવવા ખાતર લખી રહી છું. મારાં સ્વજનોની સેવા કરવા માટે જે કાંઈ કરવું પડે તે બધું કરવાની મેં તૈયારી દાખવી હતી અને તેમણે મને જવા માટે કહ્યું એ હકીકતના ભાને મને અપાર શાંતિ બક્ષી-હું સ્વામીજીનું કહ્યું કરવા અચકાતી હતી, પરંતુ તેમણે તે મારી પાસે કરાવ્યું. આભારવશ બનીને આશ્ચર્યપૂર્વક હું તેમને મનોમન વંદતી રહી.

તો, આ રીતે હું મારું કુટુંબ છોડીને સાચા પંથે ચાલવા ફરી સ્વામીજી અને તેમના આશ્રમ સાથે જોડાઈ ગઈ. થોડા જ વખત પછી, એક દિવસ અમે સૌ શિવાનંદાશ્રમના ભજન હૉલની બહાર સ્વામીજીનાં પ્રાતઃદર્શન માટે રાહ જોતાં હતાં ત્યાં કોઈકે મને પૂછેલું, 'આ બધું તમારા જીવનમાં કેવી રીતે શરૂ થયું ? તમે કેટલાં બધાં પ્રસન્ન લાગો છો !'

'મને કાંઈ જ ખબર નથી. એ બધું આપોઆપ બની ગયું.' મેં કહ્યું.

'પણ કેવી રીતે તે જરા કહો ને !'

'હું કાંઈ જ જાણતી નથી. કદાચ મારાં દુઃખ... કહેવાય છે કે વિપત્તિ એ આશીર્વાદરૂપ છે. અને છતાંય...'

હું થોડી વાર થંભી ગઈ પણ તરત જ આનંદપૂર્વક બોલી ઊઠી, 'અરે વાહ ! હું જાણું છું ! સમર્પણ, માત્ર સમર્પણ ! તમે શરણાધીન થઈ જાઓ એટલી સીધીસાદી બાબત છે. અને છતાંય જાણે એ રહસ્ય છે... ખરેખર, એ સાવ સહેલુંસટ છે.'

ત્યાં દૂરથી સ્વામીજી આવતા દેખાયા. અમે સૌ ભજન હૉલમાં ગયાં. દૈનિક પ્રાર્થના પછી સ્વામીજીએ આંખો ખોલી અને કહ્યું, 'શરણાગતિ ! સમર્પણ ! હંઅ...' અને બધાએ ફરીને મારા તરફ જોયું. સ્વામીજી આગળ બોલ્યા, 'સાવ સહેલુંસટ ? હા, એક વાર શરણાધીન થઈ જાઓ પછી સહેલું ખરું. પરંતુ એ તો પરિસીમા છે. અંતિમ બિન્દુ ! ત્યાં સુધી એમાંથી ગુજરવાનો કોઈ પ્રશ્ન જ ઊભો નથી થતો.'

ફરી એક વાર મારા માટે આશ્ચર્ય પામવાની ઘડી... 'ગુરુ પોતાના શિષ્ય વિશે બધું જ જાણે 'नाथ, तुम जानत हो सब घट की'-ની જેમ !'

પરંતુ મારા મનમાં પ્રશ્ન જાગ્યો કે જો શરણાધીનતા એ પરિસીમા હોય તો પછી આત્મપુરુષાર્થનું શું સ્થાન ?

સ્વામીજી બોલતા હતા, 'આત્મપુરુષાર્થ એ જાણવા માટે કરવાનો છે કે આત્મપુરુષાર્થની કોઈ જરૂર નથી. આપણા પ્રયત્નો થકી આપણે પ્રભુને પામી શકતા નથી એ જાણવા માટે જે કાંઈ પ્રયત્ન કરવો પડે તે કરવાનો રહે છે. ધીરે ધીરે આપણને સમજાય છે કે કેવળ પ્રભુની કૃપા જ આપણને તારી શકે છે. આપણે તો

(અનુસંધાન પાના નં.૨૬ ઉપર)

# રાજભાષા દિવસ

## (બર્લીન-ભારતીય રાજદૂતાવાસ ખાતે રાજભાષા દિવસ પર આપેલું ઉદ્બોધન)

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

ભારતથી સુદૂર જર્મનીમાં બર્લીન ખાતે ભારતીય રાજદૂતાવાસના આ ભવ્ય સભાખંડમાં સર્વે ભારતભાષા પ્રેમીજનોનાં દર્શન કરીને ગદ્ગદ્ થઈ જવાય છે. અભિનંદન !

આપણા દેશમાં અનેક પાશ્ચાત્ય જનસમૂહનાં આગમનો અને આક્રમણો થયાં. પરંતુ જ્યારે જ્યારે કોઈ જર્મનથી આવ્યું, તો તે વિદ્વાન, જ્ઞાનની પીપાસા અને આત્મતત્ત્વની શોધમાં જ આવેલું. શ્રીકૃષ્ણપ્રેમ જર્મન યોદ્ધા હતા. બીજા વિશ્વયુદ્ધ પછી ભારત આવેલા. કાશીમાં ભણ્યા. અલ્મોડામાં જઈ તેમણે આત્મચિંતન કર્યું. આવા જ વિદ્વાનો અહીં ભારતીય દર્શન અને શાસ્ત્ર તથા ભારતીય આત્માને અંતરતમથી ઓળખવા પ્રયત્નશીલ રહ્યા હોય તેવા યાકુબી, પીશૈલ, સેમ્યુઅલ કાન્ટ અને મેક્સમૂલરનાં નામ સદૈવ અગ્રગણ્ય અને વંદનીય રહેશે. આ મેક્સમૂલરનું ચિંતન થતાં તેઓ 'મૂળ મોક્ષ'ના પ્રેમી હોય તેવો જ સદા પ્રતિભાવ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના આદ્ય વેદાંત પ્રકરણ ગ્રંથો તથા ઉપનિષદોનું દર્શન તેમણે જર્મનીની આત્મનિષ્ઠ પ્રજાને કરાવેલું.

નેતાજી સુભાષચંદ્ર બોઝે અહીં આ બર્લીનના રેડિયો પરથી પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીને પ્રણામ કહ્યા હતા. ભલે તેઓ બાહ્યાવેશમાં પૂજ્ય બાપુજીની અહિંસક ચળવળના વિરોધી હોય, પરંતુ તેમના અંતરતરે તેઓને પૂજ્ય બાપુજી પ્રત્યેનો પૂજ્યભાવ અનૂઠો અને અનન્ય હતો. તેમણે જ સૌપ્રથમ અહીંના રેડિયો પરથી 'જયહિંદ'નો નાદ ગજવ્યો હતો, ત્યારે ભાગ્યે જ લોકોને જ્ઞાત હતું કે હશે કે ૧૯૪૭માં જ્યારે રાષ્ટ્ર સ્વતંત્ર થશે, ત્યારે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રીય ધ્વજ ફરકાવતાં જવાહરલાલજી અને તે પછીના બધા જ પ્રધાનમંત્રીઓ આજ સુધી જયહિંદ કહેતા આવ્યા છે. તે 'જયહિંદ' સૌથી પહેલાં અહીં બર્લીનની ભૂમિ ઉપર જ પ્રગટ થયું હતું.

આજે ભારતમાં નાની મોટી ૨૬ ભાષાઓને માન્યતા પ્રાપ્ત છે. તે પૂર્વે ચૌદ ભાષાઓને માન્યતા હતી. પૂર્વે હવે રાષ્ટ્ર પાસે ભાષાઓનો ભંડાર છે. તેથી હિન્દીને જ રાષ્ટ્રભાષા કહી ન શકાય. આમ હિન્દી હવે રાજભાષા બની છે. આમ તો ૧૯૪૯માં સંવિધાનમાં હિન્દી વિષયક ખરડો પસાર થયો હતો, પરંતુ ૧૯૫૦ની ૧૪મી નવેમ્બરે તેને રોમન ભાષામાં લખીને પ્રયોગમાં લાવવાનું સૂચન કેન્દ્ર સરકારે કર્યું હતું. પરંતુ આજથી સાત વર્ષ પૂર્વે હિન્દીને દેવનાગરી લિપિમાં જ લખવા-વાંચવા અને કેન્દ્ર સરકારના કાર્યકારિણી ક્ષેત્રે ઉપયોગમાં લાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તમીળભાષી લોકો પોતાના પ્રાંતને તમીળનાડુ કહે કે બંગાળીભાષી લોકો પોતાના પ્રાંતને બંગાળ કહે તે સમજાય; પરંતુ આવી જ રીતે રાષ્ટ્રને કેવી રીતે ઓળખાવી શકાય માટે એકસૂત્રતાની અત્યંત આવશ્યકતા હતી, જે ક્રમે કરીને હવે હિન્દી લોકહૈયે આવતી જાય છે.

ભગવાન બુદ્ધનો સંદેશો જગતમાં પ્રચાર પ્રસાર કરવા માટે ચક્રવર્તી અશોકે પોતાના રાજકુમાર અને રાજકુમારીને વિશ્વના પ્રવાસે મોકલ્યાં હતાં. તેવી જ રીતે પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીએ પણ હિન્દી ભાષાની ખૂબ જ પ્રશસ્તિ કરી પોતાના દીકરા દેવદાસ ગાંધી અને શ્રી રાજગોપાલાચારીજીનાં સુપુત્રી શ્રી લક્ષ્મીને દક્ષિણ ભારતમાં હિન્દીભાષાના પ્રચાર અર્થે મોકલેલાં, તેથી જ દક્ષિણ ભારતમાં હિન્દી ભાષાનો મહિમા ગૌરવાન્વિત થયો. બાકી કોઈ પણ હિન્દી વિશ્વવિદ્યાલય, મંત્રી કે એમ્બેસડરો જેટલું હિન્દી પ્રચારનું કામ કલ્પી પણ ન શકે તેટલું મોટું, અદ્ભુત અને હિમાલય જેટલું હિન્દી પ્રચારનું કાર્ય દૂર દર્શન, T.V. ચેનલો અને બોલીવુડ દ્વારા થયું છે, તેમની જેટલી પ્રશંસા આ ક્ષેત્રે કરી શકાય તેટલી ઓછી છે. ખાસ કરીને રામાયણ અને મહાભારત સિરિયલોએ હિન્દી પ્રચાર અને હિન્દી પ્રત્યેના વિશેષ પ્રેમનું જબરું આકર્ષણ ઉત્પન્ન કર્યું હતું.

જ્યાં સુધી ભાષાનો પ્રશ્ન છે, ભાષા સાહિત્ય અને પદલાલિત્યોથી બહુ અલંકૃત હોય તો તે ભાગ્યે જ લોકભોગ્ય બને છે. હિન્દી અને ઉર્દૂ આ બંને મોટાભાગે સગી બહેનો જેવી છે; માટે જ હિન્દી ભાષાના વાર્તાલાપોમાં ઉર્દૂ ભાષાનો પ્રચાર અથવા તો સમાવેશ ખૂબ જ અનુભવી શકાય છે.

આપણો દેશ સ્વતંત્ર થયો ત્યારે જે કંઈ લખાણો હિન્દી ભાષામાં થતાં હતાં, તે બધાં ફારસી કે ઉર્દૂ ભાષામાં જ થતાં હતાં. મોટાભાગના હજુ પણ આઠ-દસ દશકા પૂર્વે જન્મેલા લોકો અંગ્રેજી પછી ભારતમાં ઉર્દૂ કે પર્શીયન લિપિ જ લખતા વાંચતા, હિન્દી હજુ પણ તેઓ વાંચવાને સક્ષમ નથી.

આપણે જો હિન્દીના અસ્તિત્વને સાચવી કે સંભાળી રાખવું હોય તો હિન્દી ભાષામાં જ વાતચીત કરવાનો આગ્રહ રાખવો પડશે. ખાસ કરીને અત્યારે આ મૂળ જર્મન બાળકોએ અને ભારતીય પરંતુ જર્મનીમાં જન્મેલાં બાળકોએ જે હિન્દી ગીતો ગાયાં, જેટલા સ્પષ્ટ સુંદર ઉચ્ચારણ સાથે જે બહેન મંચનું સંચાલન કરી રહી છે, તે સૌ અનેકાનેક ધન્યવાદને પાત્ર છે. તેમની પ્રેરણામૂર્તિઓ, ભારતીય દૂતાવાસ તથા વિશ્વવિદ્યાલય કે જ્યાં તેમનું હિન્દી ભાષાનું શિક્ષણ થઈ રહ્યું છે, તમો સૌએ આજના દિવસનું ગૌરવ વધાર્યું છે.

પરંતુ હિન્દી ભાષા મૂર્તિ નથી. કોઈ મજાર કે કબ્રસ્તાન પણ નથી કે જ્યાં તમો વર્ષમાં એકવાર જઈ પુષ્પગુચ્છ મૂકીને આવો. તમો જ્યારે મંચ ઉપર 'મેરા જૂતા હૈ જાપાની - યહ દિલ હિન્દુસ્તાની' ગાતાં હતાં ત્યારે મારી આજુબાજુમાં બેઠેલા તમામ મૂળ જર્મનોને પણ આ ગીત ગાતાં જોઈને હર્ષાશ્રુ આવી ગયાં. એવું નથી કે તમો અહીં હિન્દી દિવસ ઉજવો છો, તો ભારતમાં ઉજવાતો નથી. ભારતમાં હવે એક દિવસ ઉજવવાથી કામ ચાલતું નથી. બેંકો, ઔદ્યોગિક સંકુલો, સરકારી, અર્ધ સરકારી બધા જ લોકો હવે હિન્દી પ્રભાવના માટે રાજભાષા દિવસ ઉજવવા માગે છે, તેથી તે હવે રાજભાષા દિવસમાંથી સપ્તાહ પક્ષ અને ક્યારેક તો એક મહિના સુધી, તન, મન કે ધનના પ્રભાવે પણ ઉજવાય તો છે જ, માટે સાતત્ય જાળવજો.

આ જર્મન દેશમાં રાજ મહેન્દ્રપ્રતાપ, કવિવર શ્રી રવિન્દ્રનાથ ટાગોર અને શ્રી સ્વામી વિવેકાનંદજી મહારાજ પણ પધાર્યા છે. તેથી મારે મન આ ભૂમિ વધુ સ્તુત્ય અને સન્માનનીય છે, પરંતુ જે રીતે ગ્લોબલાઈઝેશનની આંધી આવી રહી છે, તેની સામે ટકવા માટે આપણે આપણી ભાષા પ્રત્યેના પ્રેમના પાયા ઊંડા કરવા પડશે. ગ્લોબલાઈઝેશનને કારણે ભારતીય પોષાકને સ્થાને બહેનો ભારતમાં પણ પેન્ટશર્ટ પહેરવા લાગ્યાં છે. ગ્લોબલાઈઝેશને કોકોકોલા અને મેક ડોનાલ્ડે દુનિયાના બધા જ દેશોમાં ઘેરો ઘાલ્યો છે. ગ્લોબલાઈઝેશનને કારણે યુરોપના નાના નાના ખંડો, આ જર્મની જ દસ-બાર નાના નાના રાષ્ટ્રો વચ્ચે વીંટળાયેલું છે, તે સૌ પોતપોતાની ભાષા ભૂલવા લાગ્યાં છે. ભારતમાં પણ પ્રત્યેક પ્રાંત પોતાનું સ્વરાજ્યકીય કાર્ય તેમની માતૃભાષામાં કરે છે, પરંતુ કેન્દ્ર સરકારનું કાર્ય હિન્દી અથવા અંગ્રેજીમાં જ કરે છે. જો હિન્દીમાં જ પત્રાચાર થાય તો તેના પ્રત્યુત્તરો આવતાં ખાસ્સો વિલંબ થાય છે, કારણ તમારા હિન્દી પત્રનો અનુવાદ થાય ત્યારે જવાબ મળે.

અમો અમારા શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે બાળકોનો આવાસીય કેમ્પ-શિબિર કરીએ છીએ, મૂળ ગુજરાતના અને ગુજરાતમાં જ જન્મેલા બાળકોને ગુજરાતી જ વાંચતાં નથી આવડતું હોતું, તો હિન્દીની વાત કેમ કરવી. થોડી જાગૃતિ કેળવવી પડશે. જર્મન તો બધાં બાળકો પોતાના મિત્રો અને શાળા-મહાશાળામાં બોલે જ છે, જો માતાપિતા તેમની સાથે માતૃભાષામાં જ વાત કરે, તો તેઓને આપણા રાષ્ટ્ર, ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર પ્રત્યે અભિરુચિ જાગશે. તમારો તો પ્રશ્ન જ વિચિત્ર છે, મૂળ બંગાળી જો જર્મન મહિલા સાથે દામ્પત્યજીવન જોડે તો બાળકોની ભાષા પ્રભુતાનું શું ? માટે જ તમો ભલે આંતરરાષ્ટ્રીય દામ્પત્યજીવનમાં જોડાઓ પરંતુ મૂળને છોડશો નહીં.

દિવંગત કવિ હરીવંશરાય બચ્ચનજીનું એક સુંદર કાવ્ય છે, તેનો ભાવાનુવાદ આ પ્રમાણે છે.

'પુષ્પો પાંગર્યા અને કહ્યું, જો ન અમો ખીલીએ, કે મઘમઘીએ, તો આ વૃક્ષનો અર્થ જ શો ? અમારાથી તો વૃક્ષ સોહામણું છે. છે વળી સુંદર સુંદરતમ, તે અમારા થકી. પાંદડાંઓ પણ ગણગણ્યાં.

કહે, રહેવા દો ને ! ન હોઈએ અમો તો આ વૃક્ષની ઘટા ભલા ક્યાંથી સંભવી શકી હોત ?

અને ડાળીઓ સત્વરે જ બોલી ઊઠી; ચૂપ ! અમારા વગર તો તમારે પાંગરવાનું ઠેકાણું જ કોણ પાડી શકત ?

થડે કહ્યું, અરે ભાઈ ! હું બધાંનો ભાર ઝીલું છું, તે મને કેમ તમો વિસ્મૃત કરો છો.

મૂળે વિચાર્યું : જો હું બહાર આવીને કંઈક બોલીશ, તો બધાના પોબારા બોલી જશે, માટે મારે મૌન ધારણ કરવું જ ઉચિત છે, ભલે ને સૌ ડોલે હવાને વાયરે !!!'

તમો જર્મનીમાં રહો, જર્મનીમાં ભણો, ભણાવો, પરણો કે પરણાવો, તમારો દેશ ભારત છે, તે આપણો દેશ છે, આપણું મૂળ છે, તેનું ગૌરવ કદીએ તેને વિસ્મૃત

કરશો નહીં.

પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધી કહેતા, 'બધાં બારીબારણાં ખુલ્લાં રાખો, ચોખ્ખી હવાને આવવા દો.' આવું તો ઉપનિષદે પણ કહ્યું છે, 'આ નો ભદ્રા ક્રતવો સન્તુ વિશ્વતઃ' ચોપાસથી સારા વિચાર લેવાના યોગ્ય જ છે, પરંતુ જોરથી આંધી આવે અને બારી બારણાં ઉખડી-ઊડી આપણને પણ ઉડાડી જાય ત્યાં સુધી હવે રાહ જોઈ શકાય તેમ નથી, તસ્માત્ જાગ્રત જાગ્રત ! આ સંસ્કૃત સુંદર ભાષા છે. ગૌરવવાન છે. પરંતુ અમારા ગુજરાત, સૌરાષ્ટ્ર અરે કાઠિયાવાડના મહાન મહામહોપાધ્યાય શ્રીમત્ સ્વામી દયાનંદજી મહારાજ ધારાપ્રવાહમાં સંસ્કૃત ભાષામાં પ્રવચનો કરતા, પરંતુ તેને સમજી કેટલા લોકો શકે. હિન્દીને જીવંત રાખવા શ્રી કેશવચંદ્ર સેન, શ્રી રાજારામમોહનરાય અને શ્રી સુબ્રમણ્ય ભારતીએ જે કાર્યો કર્યાં તે સદૈવ સ્તુત્ય રહેશે.

આપણા દેશને આઝાદ થઈને છ દશકા પૂરા થવામાં છે, પરંતુ દેશની ગાદી પર જહોન બેસે કે ગોવિંદ સાધારણ ભારતીય પ્રજાને તેનો શો લાભ ? ક્યારેક એવું નથી લાગતું કે આપણી અવસ્થા પેલા મસ્ત કવિ જેવી છે કે જેણે ગાયું 'કીસને જલાઈ બસ્તી, ઔર કીતને લોગ મરે, ભલા હમેં ક્યા માલૂમ, હમ તો ગયે થે ચાંદ પર, સૈર કરને, મુઝે-હમેં કુછ માલૂમ નહીં.' આવું જાડી ચામડીવાળું વર્તન રાખીને ભાષાનું સંરક્ષણ નહીં કરી શકાય.

હિન્દી ભાષાનાં ગૌરવનું સંરક્ષણ શ્રી હરિશ્ચન્દ્ર ભારતેન્દુ, નિરાલીજી, હરિવંશરાય બચ્ચન, પ્રેમચંદજી, સુભદ્રાકુમારી ચૌહાણ અને એવા અનેક નામી અનામી લેખકો કવિઓ દ્વારા થયું છે સંત કબીરદાસજી દોહાઓથી, ગિરધર કુંડલીઓથી, તુલસી દોહાઓથી ઓળખાય છે. અમીર ખુશરૂએ થોડું પર્શીયનમાં, થોડું હિન્દીમાં, થોડું વ્રજભાષામાં પણ સાહિત્ય રચીને હિન્દી સાહિત્યની અથક સેવા કરી છે. જ્યાં સુધી ભારતેન્દુ હરિશ્ચંદ્રજીનો પ્રશ્ન છે, તેઓનો જન્મ ૧૮૯૮માં થયો હતો, તેઓ માત્ર ૩૪ વર્ષને ૪ મહિના જીવ્યા હતા. પરંતુ તેમણે હજારો કાવ્યો લખ્યાં, લેખ, પુસ્તકો, નાટકો લખ્યાં અને હિન્દીના માધ્યમથી તેમણે રાષ્ટ્રપ્રેમની મશાલને જીવંત રાખી હતી.

અયોધ્યામાં શ્રી રાજા રામ પછી સત્યવાદી હરિશ્ચંદ્ર થયા. તેમના વિશે જે હિન્દીમાં નાટકો લખાયાં, તેમાંથી જ મોહનદાસ કરમચંદ ગાંધી - ગાંધીજી પાક્યા હતા. આમ આ લેખકો, નાટ્યલેખનકારો કે કવિયીત્રીઓ કે જેમણે સદૈવ પ્રેરણાનાં પીયૂષ પાન કરીને કરાવીને રાષ્ટ્રવાહીનીનાં જાગરણને જાગૃત અને જીવંત રાખેલ છે.

સુભદ્રાકુમારી ચૌહાણનું...

'આ રહી હિમાચલ સે પૂકાર, યહ ઉધ્ધી ગરજતા બારબાર, સબ પૂછ રહે હૈં દિગ દિગંત વિરોં કા કૈસા હો વસંત ? અને, 'નાના કે રહેતી થી વહ નાના કે સંગ ખેલીથી, ખુબ લડી મરદાની વોતો ઝાંસીવાલી રાની થી.'

આપણા ભારતમાં બહાદુરશાહ ઝફર પણ થયા. દુર્ભાગ્યે તેમણે ભારત છોડીને જવું પડેલું. તે આપણા છેલ્લા મોગલ બાદશાહ. પરંતુ તેમણે પણ ભારતને માટે ગાયું, 'અગર ફીરદોઝ... અમી અસ્તો અમી અસ્તો, અમી અસ્તો... મને દફનાવવા માટે ભારતમાં પાંચ ફૂટ જગ્યા પણ ન મળી, દુર્ભાગ્ય, દુર્ભાગ્ય !

તમો સૌ ભારતથી હજારો માઈલો દૂર પણ આજે આ ૧૪મી સપ્ટેમ્બરે રાજભાષા દિવસનું આયોજન કરો છો, અને બધું જ સંચાલન પણ હિન્દીમાં જ થઈ રહ્યું છે, તેથી ખૂબ જ આનંદ થયો છે. કદીયે મનમાં એવો ભાવ ન લાવશો કે આટલાથી શું થશે ? શ્રીરામજીના સેતુ નિર્માણમાં ખિસકોલી પણ મદદે લાગેલી, તે વાત સાંભળી જ હશે. શ્રીરામે પ્રસન્નતાપૂર્વક પ્રેમથી તેના ઉપર વાત્સલ્યભાવથી કરુણાથી હાથ ફેરવેલો, તે હજુ આજેય ખિસકોલીના અંગ ઉપર શ્રીરામકૃપાનાં દર્શન આપણે કરીએ છીએ.

આપણાં જીવનની કોઈપણ ક્ષણ માતૃભાષા, રાષ્ટ્રભાષા કે મૂળ વતનની ભાષા માટે મિથ્યા ગુમાવશો નહીં, કારણ કે...

લમહોંને ખતા કી થી... સદીયોંને સજા પાઈ

...તમો સૌ જાગ્રત છો, તેથી જ અભિનંદનને પાત્ર છો, ભારતીય રાજદૂતાવાસનાં ઉપમિશન પ્રમુખ શ્રીમતી રેણુપાલ, સાંસ્કૃતિક સચિવ શ્રી રાકેશરંજનજી અને વિશ્વવિદ્યાલયથી પધારેલાં સમગ્ર કાર્યક્રમનાં સંયોજીકા શ્રીમતી સુશીલા શર્મા હક તથા ઉદ્‌ઘોષિક બહેન નવેના ચોપડા સૌને ધન્યવાદ !

મને આજે બર્લીનમાં પ્રથમ જ વાર, પહેલા જ દિવસે 'હું ભારતમાં જ છું'ની ભવ્ય અનુભૂતિ થઈ છે. અમો ગુજરાતીમાં કહીએ છીએ કે 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી-ત્યાં સદાકાળ ગુજરાત' તે જ પ્રમાણે જ્યાં જ્યાં વસે એક ભારતવાસી ત્યાં સદાકાળ ભારત સાક્ષાત્.' જયહિંદ !

# ઉપનિષદ-યાત્રા

શ્રી ગુણવંત શાહ

## આતમનું અજવાળું ત્યાં ઝળહળ જ્યોતિ

**ઋષિના શબ્દો : सकृत् विभातः हि एव एष ब्रह्मलोकः ।** (છાંદોગ્ય ઉપનિષદ, અધ્યાય-૮, ખંડ-૪, મંત્ર-૨)

**ભાવાર્થ : આંધળા લોકને માટે, ધવલ આલોક એ છે;**
**નિત્ય જે પ્રકાશમાન, બ્રહ્મલોક તે દીપ્તિમાન.**

### સમુદ્રને સરહદ કેવી ?

શ્રી ક્ષિતિમોહન સેને 'સાધનાત્રયી'માં પ્રસંગ કહ્યો છે. બંગાળના ભિક્ષુ-સંપ્રદાયના ભક્તોને બાઉલ કહે છે. એક બાઉલને કોઈકે પૂછ્યું : 'તમને આખી પૃથ્વી આટલી બધી સહજ કેવી રીતે લાગે છે ? તમારી પાસે સ્વધર્મ-પરધર્મ, સ્વસંપ્રદાય-પરસંપ્રદાય, એવું પોતાનું કે પારકું કેમ નથી ? તમારા જ્ઞાનમાં તો જાણે આખાય વિશ્વ સાથે યોગ જણાય છે !' જવાબમાં તે બાઉલે જણાવ્યું : અમારી નદીમાં એક વિદેશી વહાણ આવ્યું; તે લોકોને મેં પૂછ્યું : 'તમારો દેશ ક્યાં ? તમે અમારી નદીના તીર ઉપરના છો ?' તેમણે કહ્યું, 'ના રે, અમે તો ઈરાનના છીએ.' મેં પૂછ્યું : 'અમારી ગંગા તમારા દેશમાં છે ?' તેમણે ના પાડી એટલે મેં કુતૂહલપૂર્વક પૂછ્યું : 'ત્યારે તમે અહીં આવ્યા શી રીતે ?' તેમણે જવાબમાં કહ્યું :

સમુદ્રમાં એક વાર પ્રવેશ પામીએ
પછી ગમે તે ઠેકાણે જઈ શકાય
કારણ કે
ત્યાં તમામ નદીઓનાં મૂળ
સુલભ થઈ જાય છે.

આ પ્રસંગ કહીને ક્ષિતિબાબુ અંતે સમજાવે છે : 'સર્વે મનુષ્યોને મળવાનો સહેલો માર્ગ પરબ્રહ્મરૂપી સમુદ્રમાં ભળવાનો છે. એક નદીમાંથી બીજી નદીમાં જવા માટે નહેર ખોદવી એ અસંભવિત છે.' બાઉલનો જવાબ આપણને ત્રણ બાબતો શીખવી જાય છે :

(૧) જ્યાં વ્યાપકતા હોય ત્યાં એકતા આપોઆપ સંભવે છે.

(૨) મહાસાગર અતિવિશાળ છે માટે પૃથક્તા ખરી પડે છે.

(૩) બ્રહ્મ અતિ વ્યાપક (બૃહદ્) છે અને વળી એક છે (એકો હંસો ભુવનસ્ય । શ્વેતાશ્વતર ઉપનિષદ, ૬-૧૫)

### આકાશ અને બ્રહ્મ અનંત છે

વૈદિક પરંપરામાં આકાશ અને બ્રહ્મ વચ્ચેનો અનુબંધ વારંવાર પ્રગટ થયો છે. તૈત્તિરીય ઉપનિષદમાં આકાશને બ્રહ્મનું શરીર કહ્યું છે. (આકાશ-શરીરં બ્રહ્મ । ૧, ૬) આકાશ અનંત છે તેમ બ્રહ્મ અનંત છે. 'અનંતતા' માટે 'સાહસ્રી' શબ્દ પ્રયોજાયો છે. આપણા જીવનમાં ત્રણ અનંતતાઓ એકબીજામાં ઓતપ્રોત છે : (૧) મનોમય સાહસ્રી (૨) પ્રાણમય સાહસ્રી અને (૩) ભૂતમય સાહસ્રી. આ ત્રણે અનંતતાઓ વ્યક્તિને વિશ્વમાનવી બનાવી શકે તેવી શક્યતા ધરાવનારી છે. છાંદોગ્ય ઉપનિષદમાં બ્રહ્મલોકમાં આવેલા બે વિશાળ સમુદ્રોની વાત થઈ છે : એક છે પ્રાણસમુદ્ર અને બીજો છે મનસમુદ્ર. પંડિત વાસુદેવશરણ અગ્રવાલ કહે છે કે એ સમુદ્રોને अरण्य કહે છે. अर એટલે પ્રાણ અને ण्य એટલે મન. ભૂલોક એટલે શરીર. અંતરિક્ષલોક એટલે ઇન્દ્રિયો. દ્યુલોક એટલે ચિત્ત. ચિત્ત એ જ આકાશ, એટલે કે ચિદાકાશ. એમાં આનંદનું સરોવર આવેલું છે. બાઉલના પ્રસંગનો બોધપાઠ એ છે કે આકાશ અતિવ્યાપક છે તેથી પરમ એકત્વ ધરાવનારું પણ છે. આમ વ્યાપકત્વ અને એકત્વ એકબીજામાં ઓતપ્રોત છે.

### અંધ મનુષ્ય પણ અંધ નથી હોતો

ઉપરોક્ત મંત્રમાં બ્રહ્મલોકની વાત થઈ. ઋષિ કહે છે કે બ્રહ્મલોકમાં પ્રકાશનું સામ્રાજ્ય છે. એ પ્રકાશ કેવો ? તો કે ત્યાં અંધ મનુષ્ય પણ અંધ નથી હોતો (અન્ધઃ સન્નનન્ધઃ). બ્રહ્મલોકમાં અંધારી રાત પણ દિવસના અજવાળાથી શોભતી હોય છે. જ્યાં પ્રકાશનો સંબંધ ભીતરની પ્રજ્ઞા સાથે હોય ત્યાં સ્થૂળ આંખ અને સ્થૂળ અંધકાર ખરી પડે. ઉપરોક્ત મંત્રમાં ઋષિ આગળ કહે : सकृत् विभाति; અર્થાત્ બ્રહ્મલોક સદાય પ્રકાશમય હોય છે. 'સકૃત્' એટલે એક વાર.

(અહીં થોડીક છૂટ લઈને 'એક વાર'ને બદલે 'એકધારું' શબ્દપ્રયોગ કરી શકાય. શંકરાચાર્ય આ મંત્રનું ભાષ્ય કરતી વખતે 'સકૃત્'નો 'સદા' અને 'સદૈકરૂપ' એવો અર્થ પણ કરે છે.) ટૂંકમાં બ્રહ્મલોકમાં સદાય એકસરખો પ્રકાશ હોય એવો ભાવ તારવી શકાય. આવો પ્રકાશ આપણી પહોંચમાં ખરો ? મનુષ્યની પહોંચમાં ન હોય તેવી એક પણ વાત ઉપનિષદના ઋષિઓએ કરી નથી કારણ કે તેઓ મહાન હતા તોય મનુષ્યો જ હતા.

ઉપનિષદોમાં 'બ્રહ્મલોક' શબ્દ વારંવાર પ્રયોજાયો છે. ઋષિઓને નાનું કે સાંકડું કશુંય ન ખપે. આપણને આપણી અંદર પડેલી શક્યતાનો ખ્યાલ ભાગ્યે જ આવે છે. યાદ રાખવા જેવું છે કે અગાશીને સંસ્કૃતમાં आकाशिका કહે છે. અગાશીમાં ઊભેલા માણસને ખ્યાલ પણ નથી આવતો કે પોતે અનંત એવા બ્રહ્માંડના સીધા સંપર્કમાં છે. શિયાળાની સવારના તડકામાં બેઠેલા માણસને એવી સભાનતા નથી હોતી કે પોતે સૂર્યનો પ્રસાદ પામી રહ્યો છે. પ્રગાઢ નિદ્રામાં પોઢેલો માણસ જાગે ત્યારે કદી પોતાની જાતને પૂછતો નથી કે પોતે જાગ્યો તે પહેલાં ક્યાં હતો ! ખેતરમાં હળ ચલાવતો ખેડૂત આકાશ ભણી જુએ છે, પરંતુ આકાશને નીરખતો નથી. નરસિંહ મહેતા માણસને કહે છે : 'નીરખને ગગનમાં.' તેઓ 'જોને ગગનમાં' નથી કહેતા. બધો તફાવત આ વાતે જ પડી જાય છે. દરરોજ સૂર્યોદય થાય છે, પણ ઘટમાળને કારણે એ મૂલ્યવાન ક્ષણો એળે જાય છે. રોજરોજ ઘણું બધું એળે જાય છે અને શક્યતાનું શિલ્પ રચાતું નથી. એક દિવસ માણસને સમજાય છે કે જીવન આખું એળે ગયું !

આ મંત્રમાં બ્રહ્મલોકના પ્રકાશનો મહિમા થયો છે. આપણે મન તો પ્રકાશ એટલે અંધકારનો અભાવ અને અંધકાર એટલે પ્રકાશનો અભાવ. ઋષિ જે પ્રકાશની વાત કરે તે પ્રજ્ઞાનો પ્રકાશ છે. આતમનું અજવાળું બહારના અંધારાનું કે ઉજાસનું ઓશિયાળું નથી. જે પ્રજ્ઞા આપણને અનંત બ્રહ્મની વ્યાપકતા અને એકતાની પ્રતીતિ કરાવી શકે તે જ ખરો પ્રકાશ. શું આવા પ્રજ્ઞામય પ્રકાશની પ્રાપ્તિ શક્ય છે ? શક્ય છે તેથી જ નિષ્ફળ મથામણ પણ પુણ્યવંતી ગણાય.

**રેલવેના પાટા ક્યાં સુધી લંબાયા છે ?**

વડોદરા અને ભરૂચ વચ્ચેના રેલવેમાર્ગ પર કાસીપુરા-સરાર નામનું ફ્લેગ સ્ટેશન આવેલું છે (૧૯૫૮-૫૯ના અરસામાં વિનોબાજીની ગુજરાતની પદયાત્રા વખતે કાશીપુરાનું ગ્રામદાન જાહેર થયેલું). એ સ્ટેશન પર રમતાં નાનડિયાં એટલું જાણે છે કે પાટા પરથી એક દિશામાં જતી ટ્રેન વડોદરા જાય છે અને બીજી દિશામાં જતી ટ્રેન ભરૂચ જાય છે. એ બાળકની પહોંચ વડોદરા કે ભરૂચથી આગળ નથી વધતી. મોટા થયા પછી એમને સમજાય છે કે પાટા પરથી પસાર થતી ટ્રેનો અમદાવાદ અને મુંબઈ સુધી પણ જાય છે. એ બાળકો વધારે મોટાં થઈ જાય અને પ્રવાસ કરતાં થાય પછી એમને ખ્યાલ આવે છે કે વડોદરા બાજુ જતી કોઈક ટ્રેન છેક અમૃતસર સુધી અને ભરૂચ બાજુ જતી ટ્રેન છેક થિરુઅનંતપુરમ્ સુધી પણ દોડે છે. આમ, આપણા જીવનના નાનકડા સ્ટેશન આગળથી પસાર થતા પાટા પણ 'અનાદિ' અને 'અનંત' સુધી લંબાયેલા હોઈ શકે છે ! સમજણ વધી તેમ વિશાળતા વધી. પ્રજ્ઞાનો પ્રકાશ પ્રાપ્ત થાય તેમ તેમ કહેવાતો સામાન્ય માણસ પણ વ્યાપતો જાય અને અજવાળું પામતો જાય ! બ્રહ્મભાવ કેળવવો એટલે જ વ્યાપવું અને વિસ્તરવું. આપણે છીએ મર્ત્ય, પણ અમૃતનાં સંતાનો છીએ તેથી આપણું ખાનદાન ઊંચું છે. નોબેલ પારિતોષિક વિજેતા ભારતીય અર્થશાસ્ત્રી ડૉ. અમર્ત્ય સેન છે. 'અમર્ત્ય' નામ જેમણે પાડ્યું તે માતપિતાને કે પછી ફોઈને ધન્યવાદ !

રેલવે સ્ટેશન પછી તો એરપોર્ટ અને રોકેટ-મથક (લૉન્ચિંગ સ્ટેશન) સુધી વાત પહોંચે છે. આવું બને ત્યારે છતી થતી વ્યાપકતાને કારણે માણસ विश्वमानुष બની રહે એ શક્ય છે. બ્રહ્મલોક ગમે તેટલી વ્યાપકતા ધરાવે તોય આપણાથી અલગ નથી. કોઈ ગુરુ આપણને આ વાત સમજાવી શકે. યોગ્ય ગુરુ પણ યોગ્ય શિષ્યને જ મળે. કઠોપનિષદમાં યોગ્ય શિષ્યનાં બે લક્ષણો ગણાવ્યાં છે :

(૧) कुशल: लब्धा : એટલે કે દુર્લભ ગુરુને પામવામાં કુશળ.

(૨) कुशलानुशिष्ट : એટલે કે જેને ઉપલબ્ધિ થઈ હોય એવા ગુરુ પાસે વિદ્યા પામેલો માણસ.

(અનુસંધાન પાના નં.૨૪ ઉપર)

# દિવ્યભૂમિ સતોપથ-૨

(જુલાઈ-ઓગસ્ટ અંક-૭થી ચાલુ)

શ્રી ભાણદેવ

મેદાન વટાવીને આગળ વધીએ એટલે વિશાળ કદની શિલાઓનો એક દરિયો જ આવે છે. વસ્તુતઃ આ શિલાઓની નીચે સતોપથ હિમનદી છે અને તેની નીચેથી પાણીની ધારાઓ વહી રહી છે. છેલ્લા ત્રણેક કિ.મી. તો આ શિલાઓ પરથી જ ચાલવાનું છે. પ્રચંડ કદની આ શિલાઓ સેંકડો કે હજારો જ નથી પરંતુ લાખો અને કરોડો છે. સતોપથ હિમશિખરના મૂળમાંથી શરૂ થતી સતોપથ હિમનદીનો જ આ વિશાળ પ્રવાહ છે અને આખો પ્રવાહ શિલાઓથી ઢંકાયેલો છે. જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી શિલાઓ જ નજરે પડે છે. શિલાઓ પર થઈને ચાલવું કઠિન પણ છે અને જોખમી પણ છે. કોઈક નાની શિલા પર પગ મૂકતાં તે ડગમગે છે. ક્યાંક કૂદકો મારીને, ક્યાંક ચાર પગે થઈને, ક્યાંક બેસીને, ક્યાંક એકબીજાને આધારે, એમ અમે અમારો રસ્તો ધીમે ધીમે કાપી રહ્યા છીએ. કેડીની કોઈ નિશાની અહીં નથી. માત્ર દિશા સૂઝને આધારે અમારો ભોમિયો લાલસિંગ અમને દોરી રહ્યો છે. આ શિલાઓની વચ્ચે વચ્ચે ક્યાંક ક્યાંક બરફ જોવા મળે છે. ક્યાંક ક્યાંક વહેતા પાણીનો અવાજ પણ સંભળાય છે. શિયાળામાં આ આખો પ્રદેશ બરફથી સંપૂર્ણ ઢંકાઈ જાય છે. ચારેક કલાક એકધારું ચાલીને આખરે અમે સતોપથતાલ પહોંચ્યા.

સતોપથ તાલના કિનારે પહોંચતા જ મન પ્રસન્ન થઈ ગયું. લગભગ પોણો કિ.મી. લાંબુ અને અડધો કિ.મી. પહોળું આ તળાવ છે. સાવ બાજુમાં સતોપથ હિમશિખર છે. હિમશિખરનો હિમ ઓગળે તે જ પાણી આ સરોવરમાં આવે છે. થોડે દૂર સ્વર્ગારોહિણી પર્વત જોઈ શકાય છે. પાંડવોના સ્વર્ગારોહણની યાદમાં આ પર્વતનું નામ સ્વર્ગારોહિણી પડ્યું છે. નર અને નારાયણ પર્વતમાળાનું અહીં મિલન થયું છે. આખું હિમાચ્છાદિત શિખર છે. બરફની સીડી હોય તેવાં પગથિયાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. નીલકંઠ પર્વત અહીંથી પાછળ રહી ગયો. અહીંથી તેનું ભવ્ય સ્વરૂપ જોઈને હૈયું ગદ્‌ગદિત બની જાય છે.

આકાશ સંપૂર્ણ સ્વચ્છ અને નિરભ્ર છે. આ આકાશના દર્શનથી ચિત્ત મંત્રમુગ્ધ બની ગયું છે. આટલું સુંદર આકાશ, આટલું નિર્મળ આકાશ, આવા રંગનું આકાશ જીવનમાં ક્યારેય જોયું નથી. આકાશ તો સર્વત્ર એક જ છે અને છતાં આકાશનાં અનેક સ્વરૂપ છે. પૃથ્વી પણ એક જ છે અને સમુદ્ર પણ એક જ છે છતાં પૃથ્વી અને સમુદ્રનાં અગણિત રૂપ છે. પૃથ્વીનો દરેક ભાગ, દરેક ખૂણો ભિન્નસ્વરૂપી છે. સમુદ્ર દરેક સ્થળે નવું જ સ્વરૂપ પ્રગટ કરે છે. તે જ રીતે આકાશ પણ એક જ હોવા છતાં તેનાં શત શત સ્વરૂપો છે.

હિમાલયના આકાશનું એક અનેરું રૂપ છે, અનેરો રંગ છે. અહીં ગુજરાતમાં બેઠા બેઠા હિમાલયના આકાશના સૌંદર્યને જાણી શકાય નહિ. હિમાલયના આકાશમાં પણ 'સતોપથ'નું આકાશ તો હીરાની ખાણમાં કોહીનૂર જેવું છે ! ભગવાન નારાયણે ગોલોકના આકાશનો એક ટુકડો લાવીને અહીં જડી દીધો હોય તેમ લાગે છે. આવું આકાશ જીવનમાં કદી જોયું નથી.

નિર્ભેળ, નિર્મળ આછો નીલ રંગ છે. અહીં હવામાં રજમાત્ર પ્રદૂષણ ભળતું નથી. ધૂળ કદી ઊડતી નથી. એટલે આકાશના રંગમાં ધૂળિયો રંગ સહેજ પણ ભળતો નથી. આકાશનો નીલ રંગ તેના મૂળ સ્વરૂપે અહીં પ્રગટે છે. આ નીલરંગ માત્ર સાદો નીલરંગ નથી ચળકતો નીલરંગ છે નીલરંગના આકાશને લપેટીને ચાંદીના સરોવરમાં ઝબકોળીને પછી પોતાના મૂળ સ્થાને ગોઠવી દીધું હોય તેવું લાગે છે. ચળકતો રૂપેરી નિર્મળ નીલરંગ ! પણ વાત અહીં પૂરી થતી નથી. સૂર્યપ્રકાશને કારણે આ આકાશને સુવર્ણ રંગનો ફુવારો મારીને તેના પર સોનેરી ઝાંય ચઢાવવામાં આવી હોય તેમ લાગે છે. ચારેબાજુ વિશાળ હિમશિખરો છે. સૂર્યના પ્રકાશમાં આ શિખરો ચાંદી જેવાં ચળકી રહ્યાં છે અને તેઓ બધાં એક સામટાં પ્રતિબિંબિત થઈને આકાશના રંગમાં પોતાનો કંઈક અંશ ઉમેરી રહ્યાં છે.

નીલરંગમાંથી ધૂળિયો રંગ દૂર કરો. પછી પાછળ રહેલા શુદ્ધ નીલરંગનો ચાંદીમાં ઝબકોળો. જે રંગ તૈયાર થાય તેના પર પ્રવાહી સુવર્ણના ફુવારા છોડો. આ રીતે નવા રૂપે આવેલા સોનેરી રૂપેરી નીલરંગને હિમશિખરોના ચળકતાં પ્રકાશથી પ્રતિબિંબિત કરો. આટલી પ્રક્રિયા પછી જે તૈયાર થાય તેવો નીલરંગ 'સતોપથ'ના આકાશનો છે !

શ્રીકૃષ્ણ સુંદર છે, પરમ સુંદર છે છતાં શ્યામ છે, ઘનશ્યામ છે. આવો સુંદર પુરુષ-પુરુષોત્તમ શ્યામરંગી કેમ ? તેવો પ્રશ્ન ક્યારેક ક્યારેક ઊભો કરાય છે. સતોપથના આકાશનો રંગ જોઈને થયું કે આથી સુંદર બીજો કયો રંગ હોઈ શકે ? હવે સમજાય છે કે પરમ સુંદર શ્રીકૃષ્ણ શ્યામરંગી કેમ છે ? ઘનશ્યામ કેમ છે? શ્રીકૃષ્ણનો રંગ કેવો ? સતોપથના આકાશના રંગ જેવો ! સતોપથના આકાશનો રંગ કેવો ? શ્રીકૃષ્ણના રંગ જેવો !

બૃહદારણ્યકોપનિષદના પાંચમા અધ્યાયના પ્રથમ બ્રાહ્મણના પ્રથમ મંત્રનો પ્રારંભનો અંશ છે - 'ॐ खं ब्रह्म !'

- 'આ આકાશ બ્રહ્મ છે.'

આકાશ બ્રહ્મ છે - તે સમજવા માટે અનેક ભાષ્યકારોએ લાંબાં લાંબાં વિવરણો લખ્યાં છે. પણ આ મંત્રને યથાર્થ રીતે સમજવો હોય તો સતોપથ જાઓ, સતોપથના આકાશને પેટ ભરીને નીરખો. 'ॐ खं ब्रह्म !'નો અર્થ પ્રગટશે. સતોપથનું આકાશ 'ॐ खं ब्रह्म !'નું ભાષ્ય છે. સતોપથ જાઓ 'ॐ खं ब्रह्म !' અર્થ હૃદયંગમ બની જશે.

આપણા આધ્યાત્મિક સાહિત્યમાં બ્રહ્મને આકાશની ઉપમા આપવામાં આવી છે. બ્રહ્મ આકાશ જેવું વ્યાપક છે. આકાશ જેવું અનંત છે અને આકાશ જેવું કમનીય પણ છે. ઋષિઓને આ ઉપમા સતોપથનું આકાશ જોઈને સ્ફુરી હશે !

ભારતીયદર્શનમાં આકાશ પણ એક તત્ત્વ, એક મહાભૂત ગણાય છે. આકાશ એટલે ખાલી જગ્યા નહિ પણ આકાશ એટલે પંચમહાભૂતોમાંનું આદિ મહાભૂત. આ આકાશમાંથી જ તેજ, વાયુ, જળ અને પૃથ્વી ઉત્પન્ન થાય છે તે આકાશ અહીં તેના શુદ્ધ સ્વરૂપે પ્રગટ્યું છે, શુદ્ધ સ્વરૂપે અવસ્થિત છે.

આવી સુંદર ધરતી અને આવું સુંદર આકાશ હોય તો બીજું શું જોઈએ ? વેદમાં દ્યાવા પૃથ્વી (આકાશ અને ધરતી)ને યુગ્મ દેવ ગણીને, તેમની પ્રાર્થના કરવામાં આવી છે. ઋષિ, પૃથ્વીને માતા, આકાશને પિતા અને પોતાને તેમનો પુત્ર ગણે છે. સતોપથનું આકાશ અને સતોપથની પૃથ્વી જોઈને સમજી શકાય છે કે ઋષિ દ્યાવા પૃથ્વીને પિતા અને માતા શા માટે ગણે છે અને પોતાને તેમના પુત્ર શા માટે ગણે છે !

બહુ ધ્યાનપૂર્વક જોઈએ તો ખ્યાલ આવે છે કે સતોપથનો આકાર શિવલિંગ જેવો છે. તળાવની એક બાજુ સતોપથ હિમશિખર છે. એકબાજુ સતોપથ હિમનદીનો પ્રવાહ છે, જેને વટાવીને સરોવર સુધી પહોંચાય છે. સામે કિનારે ઊંચી ભેખડયુક્ત જમીન છે. એક છેડા પર શિલાઓની બનેલી નાની પાળ છે. વધારાનું પાણી આ શિલાઓ વચ્ચેથી સ્રવીને બહાર નીકળે છે અને આગળ વધતાં આ પાણી અલકનંદાને મળી જાય છે. એક કિનારા પર એક નાની સરસ રૂમ બનાવેલી છે. રૂમનાં એક ઠેકાણે ભગવાન બદ્રીનાથનું ચિત્ર મૂકેલું છે. અગરબત્તીનું પડીકું, ઘીમાં બોળેલી વાટો, દિવાસળીની પેટી પણ છે. એક ડબો, ૨ થાળી, ચાર વાટકા, એક ધાબળો, થોડા ખાલી કોથળા વગેરે સામગ્રી રૂમમાં મૂકી રાખવામાં આવે છે. કોઈ સાધુ સંત અહીં અનુષ્ઠાન માટે આવે ત્યારે તેઓ આ રૂમમાં રહી શકે છે. આ ઉપરાંત સરોવરની આજુબાજુ નાની-મોટી અનેક ગુફાઓ પણ અમે જોઈ. કેટલીક ગુફાઓને પથ્થરોની દીવાલો બનાવીને રહેવા લાયક બનાવવામાં આવી છે. કોઈક કાળે અહીં ઘણા સાધુઓ રહેતા હશે તેવું અનુમાન કરી શકાય છે. મોટા ભાગની ગુફાઓ પ્રાકૃતિક હોવા છતાં તેમને રહેવા લાયક બનાવવા માટે તેમાં થોડા ફેરફારો - સુધારા-વધારા કર્યા છે તેવાં સ્પષ્ટ ચિહ્નો જોઈ શકાય છે. માત્ર જે રૂમ બનાવવામાં આવ્યો છે તે પૂરેપૂરો માનવ સર્જિત છે.

અમે સરોવરને કિનારે ગયા. બદ્રીનાથ મંદિરના રાવલજીએ અમને સતોપથથી પથ્થર અને માટી લાવવાનું કહ્યું છે. એ મુજબ અમે એક થેલીમાં કિનારા પરથી પથ્થરો અને માટી લીધાં. અમારી પાસે એક ખાલી બોટલ પણ છે. તેમાં અમે સતોપથનું જળ લીધું. અમારા મનમાં એવી ભાવના છે કે સતોપથના જળથી ભગવાન બદ્રીનાથનો અભિષેક કરાવવો.

આટલું થયા પછી અમે વિધિવત્ આચમન, પ્રોક્ષણ અને સ્નાન કર્યું. પાણી ઠંડું તો ખૂબ છે પણ તડકો સારો છે અને સતોપથના સ્નાનને અમે જતું તો કરીએ જ શાના ? સ્નાન પછી ભગવાન સવિતાનારાયણને અર્ઘ્ય આપ્યાં. સંક્ષિપ્ત તર્પણવિધિ કરી. તળાવના કિનારે બનેલી રૂમના પ્રાંગણમાં બેસીને વિષ્ણુ સહસ્રનામ અને ગીતાના પંદરમા અધ્યાયનો પાઠ કર્યો. થોડીવાર તળાવને કિનારે ફર્યા. ગુફાઓ જોઈ અને પછી ફરી રૂમના પ્રાંગણમાં બેઠા. અહીંથી ડાબે-જમણે આગળ-પાછળ સર્વત્ર હિમાચ્છાદિત શિખરોનાં

દર્શન થાય છે. આકાશ સ્વચ્છ એટલે સૂર્યના પ્રકાશમાં આ હિમમંડિત પહાડોએ રૂપેરી રૂપ ધારણ કર્યું છે. એને લીધે પ્રકાશ દ્વિગુણિત બની ગયો છે. આંખ કંઈક અંશે અંજાઈ જાય છે પણ અમારી પાસે આઈસ ગોગલ્સ નથી એટલે જરૂર પડે ત્યારે આંખ અર્ધી બીડેલી રાખીને કામ ચલાવીએ છીએ. અહીં બેઠા બેઠા સતોપથ, નીલકંઠ, નારાયણ પર્વત, સ્વર્ગારોહિણી, ચોખંબા, કોણલિંગ આદિ શિખરો જોઈ શકાય છે. લક્ષ્મીવનથી અહીં સુધીનો આખો વિસ્તાર અનેક હિમનદીઓથી ભરપૂર છે અને હિમનદીઓ મોટે ભાગે વિશાળ કદની અગણિત શિલાઓથી છવાયેલી છે.

સતોપથની ઊંચાઈ ૧૬૦૦૦ ફૂટ છે. વાતાવરણની દિવ્યતા જડસુને પણ સ્પર્શી જાય તેવી ગાઢ છે. તેથી આ સરોવરને ભગવાન નારાયણનું સ્નાનાગાર ગણવામાં આવે છે. સ્કંદપુરાણમાં આ સરોવરનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

‘त्रिकोणमंडितं तीर्थ नाम्ना सत्यपद प्रदम् ।
दर्शनीयं प्रयत्नेन सर्वे: पापमुमुक्षुभिः ॥’

‘આ સરોવર ત્રિકોણાકાર છે. તેનું નામ સત્યપદ છે અને તે સત્યપદ (પરમ પદ)ને આપનારું છે. પાપોથી મુક્તિ ઈચ્છનાર દરેક મુમુક્ષુએ આ તીર્થનાં દર્શન કરવાં જોઈએ.

સતોપથ સરોવરને કિનારે બેએક કલાક ગાળીને અમે પાછા ફર્યા.

જતી વખતે સવારનો સમય હતો. વળતી વખતે બપોર છે.

સ્વચ્છ નિર્મળ આકાશમાં પ્રકાશપુંજ સૂર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યો છે. તડકો છે, પ્રકાશ છે પણ સૂર્ય દઝાડતો નથી. હિમાલયમાં સૂર્યનું પણ એક વિશિષ્ટ રૂપ છે. તે અહીં પ્રકાશ આપે છે, હૂંફ આપે છે પણ દઝાડતો નથી.

અમારા સદ્ભાગ્યે વાતાવરણ બિલકુલ સ્વચ્છ છે. આકાશમાં નાનું સરખું પણ વાદળું દેખાતું નથી. શરદઋતુનો પ્રારંભ હમણાં જ થયો છે. આટલું સ્વચ્છ અને નિરભ્ર આકાશ હિમાલયમાં હંમેશાં હોતું નથી. તડકો એટલો સુંદર અને મધુર છે કે તેની સાથે અનાયાસે મૈત્રીભાવ અનુભવાય છે. હિમાલયના આકાશની જેમ હિમાલયનો તડકો પણ અનુપમ છે. મધ્યાહ્નનો તડકો પણ એટલો કોમળ અને મીઠો છે કે ગાલ પર જાણે માનો હાથ ફરતો હોય તેવી સંવેદના જગાડે છે. આ તડકાનાં દર્શન અને સ્પર્શ બંને આહ્લાદક છે.

હિમાચ્છાદિત પર્વતશિખરો પરતી પ્રતિબિંબિત થવાને કારણે સૂર્યનો પ્રકાશ અનેક ગણો વધુ લાગે છે. ગીતામાં ભગવાનના તેજને સહસ્ર સૂર્ય સમાન ગણાવેલ છે.

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भा: सदृशी आ स्यादमासस्तस्य महात्मनः ॥
गीता, ११-१२ ॥

‘આકાશમાં એક સાથે સો સૂર્યનો ઉદય થયો હોય અને જેવો પ્રકાશ થાય તેવો તે પરમ પુરુષનો પ્રકાશ છે.’

આ સહસ્રસૂર્યનો પ્રકાશ કેવો હોય તેનો કંઈક અણસાર અમને અહીં સતોપથના પ્રકાશને જોઈને આવે છે.

સોના અને ચાંદીને ઓગાળીને આકાશમાંથી વરસાવવામાં આવતાં હોય તેવું આ તડકાનું દૃશ્ય છે. હિમાલયની યાત્રા પૂરી કરીને પાછા જઈશું ત્યારે મિત્રો માટે શું લઈ જઈશું ? પોટલા બાંધીને આ તડકાને લઈ જઈશું અને મિત્રોને ખોબલે ખોબલે વહેંચશું. બીજું શું લઈ જઈશું ? બાથ ભરીને આ સતોપથનું આકાશ લઈ જઈશું અને બધાને, બધા ખીસ્સાં ભરાઈ જાય તેટલું તેટલું આકાશ આપશું અને બીજું શું લઈ જઈશું ? થોડોક બરફ, બેચાર ઝરણાં, એકાદ ગુફા, પાંચ સાત શિલાઓ અને ઉપડી શકે તો એકાદ પર્વત શિખર !

ચિત્ત નર્યા આહ્લાદથી ભરાઈ ગયું છે. માત્ર વાતાવરણની દિવ્યતા જોઈને, અનુભવીને પ્રગટેલો સાત્વિક આનંદ ! આ આનંદ વહેંચી ન શકાય ? આ આનંદમાં કોઈ ભાગીદારી કરશે ? જે ઘટે અને વધે તે સુખ. જે ઘટે કે વધે નહિ તે આનંદ !

અમે અમારા તંબુ પર પહોંચ્યા ત્યારે ભોજન ચાલતું હતું. અમને તૈયાર ભોજન પર બેસાડી દીધા. તંબુઓની આજુબાજુ ઘણી શિલાઓ પડી છે. જુદી જુદી શિલાઓ પર બધા ગોઠવાઈ ગયા છે. બે વિદ્યાર્થીઓ બધે ફરીને પીરસી રહ્યા છે. અચાનક જ એક કાન ફાડી નાખે તેવો અવાજ સંભળાયો. એક વિદ્યાર્થીએ એક હિમશિખર તરફ આંગળી ચીંધીને બૂમ પાડી ‘એવેલન્સ !’ ને બધા ભોજન કરવાનું પડતું મૂકીને અવાજની દિશા તરફ જોવા લાગ્યા. એક હિમશિખરની ટોચ પરથી બરફની શિલાઓ ગબડતી ગબડતી નીચે આવતી હતી. છેક નીચે આવી ત્યાં સુધી અમે જોઈ રહ્યા. ફરી જમવાનું શરૂ થયું. ભોજન પછી અગ્નિસેવન અને અગ્નિસેવન પછી શયન.

☐ ‘હિમાલય દર્શન’માંથી સાભાર

# કર્મયોગ રહસ્ય

**વ્યાખ્યાતા : ડૉ. સ્વામી મુક્તાનંદપુરી**

[પૂજ્ય સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા.૧૪ થી ૧૮ ઓગષ્ટ દરમિયાન યોજાયેલ શ્રી હરકેશપુરી આશ્રમ, તોડરપુર (રાજસ્થાન)ના ડૉ. સ્વામી મુક્તાનંદપુરીજીના પ્રવચનોનો સાર. - સંપાદક]

કર્મ શબ્દ સંસ્કૃતના 'ડુકૃંઞ્-કરણે' ધાતુ પરથી નિષ્પન્ન થયેલો છે. જેનો અર્થ થાય છે : કરવું. કર્તા પોતાની ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે જે કંઈ ક્રિયા કરે છે તેને કર્મ કહેવામાં આવે છે. તે કર્મ પ્રમાણે તેનું જીવન નિર્ધારિત થતું હોય છે. તેના દ્વારા કરવામાં આવતાં કર્મ મનુષ્યના ચિત્તમાં સૂક્ષ્મ સંસ્કાર ઉત્પન્ન કરે છે અને આ સંસ્કારના આધારે તે વિવિધ પ્રકારની યોનિઓમાં જન્મ ધારણ કરે છે. આપણા દ્વારા કરવામાં આવતા શુભાશુભ નિશ્ચિત કર્મ પ્રમાણે સંસ્કાર બનતા હોય છે અને તે સંસ્કાર પ્રમાણે આપણને જે ફળ પ્રાપ્ત થાય છે એ ત્રણ પ્રકારનાં હોય છે. એક સુખાત્મક, બીજું દુઃખાત્મક અને ત્રીજું મિશ્રિત ફળના રૂપે પ્રાપ્ત થતાં હોય છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, 'પુરુષ પોતાની પ્રકૃતિમાં સ્થિર થઈને તેના ગુણોનો ઉપભોગ કરતો હોય છે. પ્રકૃતિના ગુણોના સંગને કારણે તે ઉચ્ચ અને નિમ્ન પ્રકારની યોનિઓને પ્રાપ્ત થતો હોય છે. પ્રકૃતિ પરિવર્તનશીલ અને પ્રસવધર્મા હોય છે. જ્યારે પુરુષ નિત્ય, અવિનાશી અને ત્રણેય ગુણોથી રહિત હોય છે. ક્રિયા એ રજોગુણનો ધર્મ છે એટલે ક્રિયા એ પ્રકૃતિનું પરિણામ છે. જ્યારે પુરુષ પ્રકૃતિ સાથે જોડાય છે ત્યારે ચૈતનપુરુષનું તાદાત્મ્ય થઈ જવાથી પ્રકૃતિની ક્રિયા એ પુરુષનું કર્મ બની જાય છે. બંનેની વચ્ચેના તાદાત્મ્યને કારણે મમતા, રાગ, દ્વેષ વગેરે ઉત્પન્ન થતાં હોય છે. તે પ્રવૃત્તિમાંથી કર્મ, કર્મમાંથી સંસ્કાર અને સંસ્કારને કારણે જન્મ, જરા, વ્યાધિ ઉત્પન્ન થતાં હોય છે. આ ક્રમ પરમજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નિરંતર ચાલ્યા કરતો હોય છે.

કર્મ ત્રણ પ્રકારનાં હોય છે : સંચિત કર્મ, ક્રિયમાણ કર્મ અને પ્રારબ્ધ કર્મ. સંચિત કર્મ કોને કહેવાય ? આપણા આ જન્મમાં ભૂતકાળમાં અને અનેક પૂર્વ જન્મમાં કરવામાં આવેલ કર્મના સંસ્કારો જે ચિત્તમાં એકત્રિત થઈને વિદ્યમાન હોય છે તેને સંચિત કર્મ કહેવામાં આવે છે. આપણા દ્વારા વર્તમાનમાં જે કર્મ કરવામાં આવે છે તેને ક્રિયમાણ કર્મ કહેવામાં આવે છે. સંચિત કર્મોમાં પરિપક્વ થઈ ગયેલા કર્મોનો સમૂહ જે ફળ આપવા માટે ઉન્મુખ થઈ ગયા હોય છે એને પ્રારબ્ધ કર્મ કહેવામાં આવે છે. મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં એની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, 'સતિ મૂલે તદ્વિપાકો જાત્યાયુર્ભોગઃ' અર્થાત્ અજ્ઞાનથી ઉત્પન્ન થનારાં એ કર્મો દ્વારા જાતિ, આયુષ્ય અને ભોગોની પ્રાપ્તિ થતી હોય છે. અહીં જાતિનો અર્થ મનુષ્ય, પશુ-પક્ષી વગેરે યોનિ એ પ્રકારે કરવાનો છે. એ કર્મફળના આધારે આયુષ્યનું નિર્ધારણ થતું હોય છે. અહીં ભોગ શબ્દનો અર્થ સુખ, દુઃખ અને એની પ્રાપ્તિનાં સાધનો કરવાનો છે. આ સૂત્રને સમજાવતાં ભગવાન વેદવ્યાસે કહ્યું છે કે, (૧) શું એક કર્મ તે એક જન્મનું કારણ હોય છે ? કે પછી (૨) એક કર્મથી અનેક જન્મો પ્રાપ્ત થતા હોય છે ? અથવા તો (૩) અનેક કર્મોથી અનેક જન્મ પ્રાપ્ત થતા હોય છે ? કે પછી (૪) અનેક કર્મોથી એક જન્મ પ્રાપ્ત થતો હોય છે ? આ બધા ઉપર ગહન ચિંતન બાદ એવા નિર્ણય ઉપર તેઓ પહોંચ્યા છે અનેક કર્મો દ્વારા જ એક જન્મની પ્રાપ્તિ થતી હોય છે. કારણ કે એક જન્મમાં આપણા દ્વારા અનેક કર્મો થતાં હોય છે. જો એક કર્મને એક અથવા વધારે જન્મનું કારણ માનવામાં આવે તો એટલાં બધાં કર્મો સંચિત થઈ જાય કે જેને કદી ભોગવી શકાય નહીં. જેના કારણે કર્મફળના સિદ્ધાંતને પણ આપણે સ્વીકારી શકીશું નહીં. કારણ કે જીવ ક્યારેય પણ એ બધા કર્મોથી મુક્તિ પામી શકે નહીં. એટલા માટે અનેક કર્મોનો સમૂહ ભેગો થઈને એક જન્મનું કારણ બનતો હોય છે. ગીતામાં પણ ભગવાને કહ્યું છે કે, 'ગહના કર્મણો ગતિઃ' અર્થાત્ કર્મની ગતિ ન સમજી શકાય તેવી ગહન અને ગૂઢ હોય છે.

કર્મોનું ત્રણ પ્રકારમાં વિભાજન તેના ત્રિવિધ પ્રકારના ફળોને આધારે કરવામાં આવ્યું છે : (૧) ઈષ્ટ, (૨) અનિષ્ટ અને (૩) મિશ્ર. આ ત્રણ પ્રકારનાં ફળો જે મનુષ્ય કર્મફળોનો ત્યાગ કરતો નથી તેને પ્રાપ્ત થતાં હોય છે, પરંતુ જે મનુષ્ય પોતાના તમામ કર્મોનાં ફળ

ભગવદ્અર્પણ કરી દેતો હોય છે તેને પ્રાપ્ત થતાં હોતાં નથી. જે કર્મો શાસ્ત્રોના વિધિ-વિધાન પ્રમાણે કરવામાં આવે છે તેને શુભ કર્મ કહેવામાં આવે છે. જે કર્મો શાસ્ત્રનિષિદ્ધ છે તેવા કર્મોને અશુભ કર્મ કહેવામાં આવે છે. જ્યારે જે કર્મો સ્વાર્થ માટે કરવામાં આવે છે, પરંતુ તેનાથી કોઈનું અહિત થતું નથી તેવા કર્મને મિશ્રિત કર્મ કહેવામાં આવે છે. કારણ કે તે કર્મો કરતી વખતે ઈચ્છા ન હોવા છતાં પણ કોઈકનું અશુભ થઈ જતું હોય છે. આ પ્રકારે જે મનુષ્ય કર્મોનું ફળ ઈશ્વરને અર્પણ કરી દે છે તેને બંધન પ્રાપ્ત થતું નથી. પરંતુ ઈશ્વરને આપણે કેવળ શુભ કર્મો જ અર્પણ કરી શકીએ છીએ. અશુભ કર્મ શાસ્ત્ર વિરુદ્ધ હોવાથી તે સમર્પિત કરી શકાતાં નથી. એટલા માટે તેનાં ફળ પણ મનુષ્યે ભોગવવાં પડતાં હોય છે.

આ રીતે મનુષ્યના પોતાના કર્મોના પરિણામ સ્વરૂપે તે સુખી-દુઃખી, ધનવાન કે ગરીબ એવી વિષમ પરિસ્થિતિઓમાં સંસારમાં જીવતો હોય છે. એક મનુષ્ય આ જન્મમાં પુણ્યકર્મ કરતો હોવા છતાં પણ દુઃખી હોય છે. જ્યારે બીજો મનુષ્ય પાપકર્મ કરતો હોવા છતાં સુખી હોય છે. એનું કારણ શું ? એની પાછળ એના પૂર્વ જન્મમાં એના દ્વારા કરવામાં આવેલાં કર્મો છે. જે કર્મો પરિપક્વ બની બળવાન થતાં હોય છે. તેઓ પોતાનું ફળ પહેલાં આપી દેતાં હોય છે. જે કર્મ નિર્બળ હોય છે તેમનું ફળ પછીથી મળતું હોય છે. તે કર્મ આ જન્મનું હોય કે પૂર્વ જન્મનું પણ હોઈ શકે છે. કર્મોનું ફળ મનુષ્યે અવશ્ય ભોગવવું પડતું હોય છે. તેનાથી કોઈ પણ બચી શકે તેમ નથી. કર્મોને ભોગવ્યા વિના નષ્ટ થતાં નથી. જ્ઞાનની સર્વોચ્ચ અવસ્થામાં પહોંચ્યા પછી જ કર્મના ફળોથી મુક્તિ મળી શકે છે. કારણ કે જ્ઞાની વ્યક્તિને એ વાતનું જ્ઞાન છે કે કર્મ તો પ્રકૃતિ દ્વારા જ થતાં હોય છે. આત્મા પોતે નિષ્ક્રિય છે. તો પછી પ્રકૃતિની ક્રિયાથી આત્માને બંધન કઈ રીતે થઈ શકે ? ગીતામાં પણ કહેવામાં આવ્યું છે કે, આ પ્રકારે પુરુષ અને પ્રકૃતિને જે મનુષ્ય જાણી લે છે તે કર્મબંધનથી મુક્ત થઈ જતો હોય છે. પ્રકૃતિ દ્વારા કરવામાં આવતાં કર્મોને અજ્ઞાની અને મૂઢ મનુષ્ય પોતાના અહંકારને કારણે તેને પોતાનાં કર્મ માની લેતો હોય છે. પરંતુ જેણે કર્મનાં ફળોની આસક્તિનો ત્યાગ કરી દીધો છે, જે નિત્ય તૃપ્ત છે અને જે ક્યારેય પણ કર્મફળનો આશ્રય કરતો નથી એવો મનુષ્ય કર્મ કરતો હોવા છતાં પણ તેનાથી લેપાતો નથી. આવા પરમ જ્ઞાનને પ્રાપ્ત થયેલ મનુષ્ય કર્મ કરતો હોવા છતાં તેના કર્મફળોની આસક્તિનો સંપૂર્ણ ત્યાગ કરીને કેવળ પરમાત્માને માટે જ કર્મ કરતો હોય છે. આ રીતે તે પોતાના સમગ્ર કર્મોની સાથે જન્મોના બંધનથી પણ મુક્ત થઈ જતો હોય છે.

---

(ઉપનિષદ-યાત્રા અનુસંધાન પાના નં.૧૯ ઉપરથી ચાલુ)

**પ્રજ્ઞા એ જ પ્રકાશ**

એક યહૂદી કહેવત છે : 'A wise man hears one word and understands two. (શાણો માણસ એક શબ્દ સાંભળે તોય સમજણ પામે બે શબ્દોની).' આપણે ત્યાં આવા સુજ્ઞ માણસને બહુશ્રુત કહ્યો છે. એ માણસ જે સાંભળે તેના પર મનન અને નિદિધ્યાસન કરે છે. પરિણામે એ નવાં નવાં અર્થઘટનો પામે છે. જે કંઈ સાંભળે તેને ઊંડાણથી આત્મસાત્ કરે તે જ ખરો બહુશ્રુત ગણાય. જે માણસ well-read (બહુ વાંચી ચૂકેલો) હોય, તે well-balanced (સમત્વયુક્ત) ન પણ હોય. પંડિત હોય તે પ્રજ્ઞાવાન ન પણ હોય. પંડિતોથી ડરીને ચાલવા જેવું છે.

પ્રજ્ઞા એ જ પ્રકાશ છે. જ્યાં સદાય પ્રકાશ હોય ત્યાં જ બ્રહ્મલોક છે. બ્રહ્મલોક પૃથ્વીથી દૂર આવેલા કોઈ અલૌકિક પ્રદેશનું નામ નથી. કદાચ એનું અસ્તિત્વ આપણી ભીતર છે. જે બાઉલે પ્રશ્નનો સુંદર જવાબ આપ્યો, તે પંડિત ન હતો. એણે વાતવાતમાં બહુ મોટો વિચાર સંભળાવી દીધો. સમજણનો સંપ્રસાદ એટલે જ આતમનું અજવાળું અને એ જ બ્રહ્મલોક !

'યોગવાસિષ્ઠ'માં ગુરુ વસિષ્ઠ રામને કહે છે :

હે રામ !
તમારો જન્મ, શરીર જન્મ્યું ત્યારે નથી થયો
અને શરીર મરે ત્યારે તમારું મૃત્યુ નથી થવાનું.
બરણીની અંદર રહેલા અવકાશનો જન્મ
બરણી પેદા થઈ ત્યારે થયો
અને એ અવકાશ બરણી નાશ પામે
ત્યારે નાશ પામશે, એમ માનવું
એ તો મોટી મૂર્ખતા છે.

☐'પતંગિયાની અમૃતયાત્રા'માંથી સાભાર

# અષ્ટાવક્રગીતા તત્ત્વાવલોકન

ડૉ. કલાબહેન પટેલ

## આત્માનુભવોપદેશ વર્ણન નામ

### પ્રકરણ-૧ (iv)

ઉપરોક્ત ત્રણે પ્રશ્નોનો ગુરુ અષ્ટાવક્રનો પ્રત્યુત્તર :

**જો દેહને પૃથક કરી, ચૈતન્યે સ્થિર થઈશ,**
**હમણાં જ સુખી શાંત, બંધન મુક્ત થઈશ. ।।૪।। (પ્ર.૧)**

જે પ્રક્રિયાઓ સુષુપ્ત અવસ્થામાં અનુભવાય છે, તેને હવે જાગ્રત અવસ્થામાં પણ જાણવાની છે. સર્વવ્યાપક આત્મા પર થયેલ નામરૂપોનો આરોપ કે અધ્યારોપનો વ્યતિરેક કરી આત્માને જાણવા માટે, દેહથી અલગ થઈ જઈ, દેહનું જગત સાથેનું સ્થિત થયેલું અનુભવીશું. આત્મા સ્વરૂપે શાંત, આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે.

તમે પોતાને હાલ શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારરૂપે મર્યાદિત માની રહ્યા છો. એને જ પોતાનો આત્મા ગણી બેઠા છો. પરંતુ જાણી લો કે એ તમારું ખોટું તાદાત્મ્ય છે. એ જ તમારું બંધન કે મોત છે. હું શરીર છું એ ખ્યાલમાં જ જન્મનો અને તે સાથે મોતનો સ્વીકાર છે. એ તમારા આત્માના સાચા સ્વરૂપના અજ્ઞાનના કારણે છે. મર્યાદિત દેહમાં રહેલું પોતાનું મર્યાદિત મન જ બંધનનો ભાવ અનુભવે છે. પોતાને અમુક દેશમાં, અમુક સમય માટે, અમુક વસ્તુઓ, સંબંધો કે પરિસ્થિતિઓના મર્યાદિતપણામાં પૂરે છે અને એ રીતે પોતાને એક મર્યાદિત વ્યક્તિ કે જીવ માને છે.

પરંતુ આત્મા, સ્વરૂપે સર્વવ્યાપક હોઈ કોઈ દેશ, કાળ, વસ્તુ, સંબંધોની મર્યાદિતતા તેને સ્પર્શતી નથી. આત્મા તો સર્વ દેશ, કાળ, વસ્તુઓથી રહિત સનાતન સર્વવ્યાપક શાશ્વત સત્ય છે. પણ દરેકને પોતાના સ્થૂળ-સૂક્ષ્મ શરીર સાથેનું તાદાત્મ્યપણું અને મારાપણું છોડવું નથી. પરંતુ તમે જાણો કે તે જ બંધનનો અનુભવ કરાવતું રહે છે.

વિચાર કરો, કેવળ સ્થૂળ શરીરમાં જ કેટલા બધા ભેદો, પરિવર્તનો - જન્મ, જરા, વ્યાધિ, વિનાશ મૃત્યુ, જેવા વિકારો છે. હું દેહ છું અને દેહ મારો છે એવા મર્યાદિત અહં અને મમ ભાવમાં જ જીવવાના તમામ સંઘર્ષ, ચિંતા, દુઃખ અને બંધનનો સ્વીકાર છે.

આ દેહને જ આત્મા માની ચાલવાનો જે દેહાત્મભાવ છે, તેનો ત્યાગ કરવા માટે જ અષ્ટાવક્રજીએ દેહથી અલગ થઈ જઈ, પોતાને તેના સાક્ષી તરીકે જાણવા પૃથક્ થવાનું કહ્યું છે. યાદ રહે કે સુષુપ્તિ, ચિત્તનિરોધ જેવી સમાધિ, દારૂ કે દવાનો નશો, યા કોઈ સંમોહન અવસ્થામાં દેહાત્મભાવ છૂટે, તે આત્મજ્ઞાન નથી. તેવી અવસ્થાઓમાં તો શરીર, જગત તથા આત્મા, ત્રણેનું અજ્ઞાન છે. તે અવસ્થામાં શરીર છૂટે, પણ તે આત્મસાક્ષાત્કાર નથી. માટે રોજબરોજ થોડા સમય માટે જાગ્રત અવસ્થામાં દેહભાવથી મુક્ત અસંગ થવાની સૂચના છે. શ્રી રમણ મહર્ષિએ દેહથી અલગ થઈ પોતાનું મોત જોયું હતું અને તે સાથે સર્વવ્યાપક આત્માની અનુભૂતિ માણી લઈ જીવનમુક્ત થઈ ગયા હતા.

આત્મા સૌને પ્રસિદ્ધ છે જ. પણ હું પોતે સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપ છું, એની ખબર નથી. માટે આત્માને બહાર શોધવાનો નથી. સર્વ જગતનો ત્યાગ કરીને રખડવાની જરૂર પણ નથી. મુક્તિ તો સર્વ કાળે અત્યારે પણ ઉપલબ્ધ છે જ. ફક્ત અસંગ સાક્ષીભાવ કેળવો. આ પ્રમાણે પોતાને દેહ જેવડો જડ, અનિત્ય, નામ આકારવાળો નહીં, પણ તેનાથી જુદો અલગ ચૈતન્ય સાક્ષી તરીકે જાણવાનો સંકેત છે.

**તું માં ન વિપ્રાદિવર્ણ, નાશ્રમી અક્ષ-ગોચર,**
**અસંગ તું નિરાકાર, સૃષ્ટિ સાક્ષી સુખી ભવ. ।।૫।। (પ્ર.૧)**

હું શરીર છું એ માન્યતા જ અજ્ઞાન છે, વિપરીત જ્ઞાન છે. તેથી તે જ અનેક દ્વન્દ્વો અને ભેદોનું ઉત્પત્તિસ્થાન છે. વળી, શરીર મારું છે એ માન્યતા પણ સર્વવ્યાપક આત્મા માટે મર્યાદિત એવો જીવભાવ ધારણ કરે છે.

એકવાર શરીરને આત્માથી ભિન્ન, - એટલે કે તેને જડ, નાશવંત, અનાત્મા જાણ્યા પછી, જે ચૈતન્યસ્વરૂપ સર્વવ્યાપક આત્મા, કદી ક્યાંય ખોવાઈ જાય એવો મર્યાદિત બની શકે ? તે તો સદા નિત્ય પ્રાપ્ત છે જ.

જો હું શરીર નથી, તો પછી શરીરના સર્વ કાર્યો, - ધર્મો પણ મારાં નથી. શરીરને જાતિ છે. વર્ણાશ્રમ - બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય શુદ્ર જેવા વર્ણભેદ છે, પોતે બ્રહ્મચારી બાળક, કિશોર, ગૃહસ્થ કે સંન્યાસી યા વૃદ્ધ છે, તે શરીરને કારણે છે. પણ હું તો સ્વરૂપે તે સર્વને સત્તા-અસ્તિત્વ, સ્ફૂર્તિ-ચેતના આપનાર એટલે કે સર્વનું અધિષ્ઠાન અને સર્વને પ્રકાશિત કરનાર, સર્વનો સાક્ષી, સર્વથી અસંગ એવો એકમાત્ર સત્‌ચિત્‌સ્વરૂપ અનંત આત્મા છું. ઈન્દ્રિયો, મન, બુદ્ધિને પણ પ્રકાશિત કરનાર સ્વયં પ્રકાશ ચૈતન્ય હું છું. માટે જ ઈન્દ્રિયો, મન, બુદ્ધિ મને પ્રકાશિત કેવી રીતે કરી શકે ? તેના દ્વારા હું કદી ઉપલબ્ધ થઈ શકું એમ જ નથી, કારણ તેઓ તો મારે આધીન છે. મારા દ્વારા તેમનું અસ્તિત્વ છે. માટે હું સ્વરૂપે અપ્રમેય છું. હું સ્વરૂપે સર્વ દૃશ્ય જગતથી અસંગ હોઈ સર્વ આકારોમાં નિરાકાર, સર્વ વિનાશી પદાર્થોમાં અવિનાશી, સર્વનું અધિષ્ઠાન એવો અખંડ, અનંત, સૌનો સાક્ષી આત્મા છું. આ પ્રકારનું આત્માનું સતત ચિંતન પોતાના સ્વયંસિદ્ધ, સ્વયંપ્રકાશની પ્રસિદ્ધિ માત્રથી સહજ બની જાય છે.

અષ્ટાવક્રજી કહે છે, તારો પ્રકાશક કોઈ નથી. તું જ ચૈતન્યસ્વરૂપ પ્રકાશ-જ્ઞાન માત્ર હોઈ સર્વને પ્રકાશિત કરે છે. આટલી સમજ બુદ્ધિમાં ઊતરવા માત્રથી, તૃપ્તિ, સંતોષ અને આનંદ અનુભવાય છે. એ જ પરમાનંદ છે, એ જ પરમસુખ હોઈ તું સુખી થા, મુક્ત થા.

આ પ્રમાણે નિત્ય સુખી થવાનો એકમાત્ર રસ્તો, પોતાના આત્માને વર્ણ, જાતિ, આશ્રમ અવસ્થા, જેવા ભેદમાત્રથી અસંગ જાણો. પોતાને જન્મરહિત નિરાકાર, અવિકારી, અપરિવર્તનશીલ, અમર્યાદિત, સર્વવ્યાપક સ્વરૂપે જાણો. જે પોતે પોતાને વિશ્વના સાક્ષી તરીકે જાણે, તેને જ પરમ સુખી થવાનો આનંદ મળે છે. માટે જ, મર્યાદિત શરીરથી તાદાત્મ્ય તોડી સંગરહિત એવા આત્માને જાણી સુખી બનો.

---

(ભારતનો આ સંત અનુસંધાન પાના નં.૧૪ ઉપરથી ચાલુ)

બિલાડીનાં પેલાં બચ્ચાં જેવાં છીએ જે પોતાની જ પૂંછડીને શિકાર સમજી બેસે અને એ હાથમાં ન આવે એટલે ભગવાન પાસે રોદણાં રડ્યા કરે.'

●

'શિષ્યની તૈયારી પૂરી થાય પછી જ ગુરુ આવે છે.'

એક જિજ્ઞાસુએ મારા અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં સ્વામીજીએ કહેલું. એમના ગુરુ શિવાનંદની પ્રતિમા સામે આંગળી ચીંધીને અને પછી આકાશ સામું ચીંધીને ચિદાનંદે સમજાવેલું, 'પરમપિતા અને પરમગુરુએ એને લઈ આવવા મને મોકલ્યો કારણ કે તે તૈયાર હતી !'

બીજા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહે, 'એ અહીં રહે છે, કારણ કે તેની ઇચ્છા છે અને ઈશ્વરની પણ એ જ ઇચ્છા છે.'

'એ પાગલ છે ?'

'હા, એ પાગલ છે. કોઈ સ્ત્રીઓ પાછળ, કોઈ પૈસા પાછળ, તો કોઈ શરાબ પાછળ પાગલ થાય છે, તો એ પ્રભુ પાછળ પાગલ છે. રામકૃષ્ણ નામના એક મહાન સંત થઈ ગયા. લોકો એમને માટે પણ એમ જ કહેતા કે તે પાગલ છે. એ પણ પ્રભુની પાછળ પાગલ જ હતા.'

મારી પાછલી જિંદગીનાં થોડાં વર્ષોની ઘટનાઓ પર નજર ફેરવું છું, તો ભય અને આશ્ચર્ય મિશ્રિત લાગણીઓથી હું ઘેરાઈ જાઉં છું. પ્રભુની રચનાઓમાં પ્રભુનો પ્રેમ અને એની સંયોજનાની પરિપૂર્ણતા મને દેખાય છે. અને કર્મનો સિદ્ધાંત મારી સમક્ષ સ્પષ્ટપણે ખુલ્લો થઈ જાય છે. ઉત્તરોત્તર મારી શ્રદ્ધા વધતી જાય છે, મારા જીવનમાં પ્રભુના પયગંબર બનીને પધારેલા મારા ગુરુ પ્રત્યેની મારી શ્રદ્ધા નિરંતર વધતી રહે છે. જે કાંઈ બને છે તે સઘળું તેમના સાક્ષાત્કાર અને ચિરંતન પ્રજ્ઞાની પૂર્ણતાનાં જ દ્યોતક છે.

એમના માટે ન તો કોઈ ભૂત છે, ન કોઈ ભવિષ્ય કાળ. તેઓ વર્તમાનમાં જીવે છે. પ્રભુના જેટલી શક્તિ તેમનામાં છે. મારા જીવનની કટોકટીની ક્ષણે આવી શકે તેવા એ એક જ માનવી હતા. મારું કેવી રીતે સંરક્ષણ કરવું, મને કેવી રીતે મજબૂત બનાવવી જેથી આવનારી ઘટનાઓ સામે હું ઝઝૂમી શકું. મારી શારીરિક શક્તિ પાછી મેળવી આપી, અને સૌથી અદકેરી વાત તો આ કે મારા લોકોની હું વધારે સારી રીતે સેવા કરી શકું એ માટે વિરક્ત થતાં શીખવ્યું પરંતુ જે લોકો હજુ કષ્ટોમાંથી ગુજરી રહ્યા છે તેઓ આ બધું કેવી રીતે સમજી શકે ?

હું પોતે પણ ક્યાં આ બધું સમજતી હતી ! પરંતુ મેં મારા જીવનનો દોર ગુરુને સોંપી દીધો અને એટલું જ પર્યાપ્ત હતું ! ☐ 'ભારતનો આ સંત'માંથી સાભાર

# મન કે જીતે જીત

ડૉ. હરીશ દ્વિવેદી

જીવનને ક્યારેક નિરંતર અસ્ખલિત વહેતી ધારાની સાથે સરખાવવામાં આવ્યું છે તો ક્યારેક એને અંધકાર અને પ્રકાશની સંતાકુકડીની રમતના જેવું બતાવવામાં આવ્યું છે, અને ક્યારેક એને એક મહાસંગ્રામનું સ્વરૂપ પણ આપવામાં આવ્યું છે.જીવનના આ સંગ્રામમાં આપણે છેલ્લી ઘડી સુધી ઝઝૂમતા રહેવું એનું નામ જ જિંદગી છે. અર્જુનની માફક હથિયાર હેઠે મૂકી બેસી ગયાં તો સમજવું કે જીવનસંગ્રામમાં આપણે હારી ગયાં. એટલા માટે તો મહાભારતની રણભૂમિ ઉપર ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને "તતો યુદ્ધાય યુજ્યસ્વ" અને "મામાનુસાર યુદ્ધ ચ" જેવો ક્રાંતિકારી ઉપદેશ આપી યુદ્ધ માટેની પ્રેરણા આપી હતી.

જીવન જીવવામાં ડગલે ને પગલે યુદ્ધ તો અનિવાર્ય છે. મનની રણભૂમિ ઉપર પણ બુદ્ધિ વિરુદ્ધ લાગણીઓનું તુમુલ યુદ્ધ હંમેશાં ચાલ્યા જ કરતું હોય છે. આપણા આ નાનકડા મનની પારાવાર શક્તિઓનો તો કોઈ અંદાજ લગાવી શકાય તેમ નથી. વૈજ્ઞાનિકો એની ક્ષમતાઓને જાણવા માટે જેમ જેમ નવા પ્રયોગો કરતાં જાય છે તેમ તેમ તેઓ વધુને વધુ આશ્ચર્યમાં ગરકાવ થતાં જાય છે. આ મન જ આપણા સઘળાં સુખ-દુઃખ અને સફળ-નિષ્ફળતાનું મૂળભૂત કારણ છે.

મન વિશે સરસ મજાની વાત કહેવામાં આવી છે કે, "મન કે જીતે જીત" અર્થાત્ મનને જીતી લીધું પછી સદા-સર્વદા આપણી જીત-વિજય નિશ્ચિત છે. પરંતુ મનથી જો હારી ગયા. તો સમજવું કે જિંદગીથી હારી ગયા પછી તો બધા જ ક્ષેત્રે આપણી હાર અને પીછેહઠ શરૂ થઈ જશે. એટલા માટે ખૂબ સાવધાન રહેવાની જરૂર છે. મનને નબળું બનાવી દે એવો કોઈ વિચાર મનમાં ઘૂસી ન જાય એ હંમેશાં જોતાં રહેવાનું છે.

પરંતુ બહારથી ધસમસતા આવતા વિચારોના પ્રવાહને આપણે રોકી પણ શકતાં નથી. પરિણામે મનથી આપણે હારી-કંટાળીને બેસી જતાં હોઈએ છીએ. જ્યારે જીવનનું ચક્ર કદી અટકતું હોતું નથી. એ તો હંમેશાં ગતિશીલ હોય છે. એની પ્રત્યેક ક્ષણ આપણા માટે કોઈક નવું જ નજરાણું લઈને ઉપસ્થિત થતી હોય છે. એનું પ્રેમપૂર્વક સ્વાગત કરીને જીવનને નીત-નવી દૃષ્ટિએ જોતાં શીખવાનું છે.

જીવનની કુતૂહલવૃત્તિ અને યૌવનની વસંતને સદાબહાર રાખવાનો કીમિયો આપણાં મનની પાસે છે. સદાબહાર અભિનેતાની વાતો તો આપણે ઘણી વાર કરતાં હોઈએ છીએ. જીવનની રંગભૂમિ ઉપર એવા સદાબહાર અભિનેતા બની જીવતાં શીખવાનું છે. જીવનની એ મોટામાં મોટી કળા છે

આવા એક સદાબહાર જીવનવીર અને મહાન સર્જક વોલ્ટેરના જીવનનો એક સુંદર પ્રસંગ છે. ફ્રાંસની સુવિખ્યાત ક્રાંતિના તેઓ અગ્રગણ્ય સૂત્રધાર હતા. ક્રાંતિને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓની સાથે વિપુલ પ્રમાણમાં એમણે સાહિત્યનું સર્જન પણ કર્યું છે. એમના મન સાર્થક જીવનનું સમીકરણ હતું સક્રિયતા અને સર્જનાત્મકતા. સાથે સાથે એમણે હાસ્યને પણ જીવનમાં ખૂબ જ મહત્ત્વ આપ્યું હતું. કારણકે કુદરતે ફક્ત માણસને જ હસવાની શક્તિ આપી છે. માણસજાતની આ એક મોટામાં મોટી મૂડી છે. જે જીવનને હંમેશાં ચેતનવંતુ અને સદાબહાર પ્રફુલ્લિત રાખે છે. વોલ્ટરે હાસ્યની આ ગજબની તાકાતને પીછાણી લીધી હતી એમ લાગે છે.

ફ્રાંસની ક્રાંતિને લગતી અનેક ભારેખમ પ્રવૃત્તિઓની વચ્ચે પણ વૉલ્ટર હંમેશાં હસતો રહેતો અને લોકોને પણ હસાવતો રહેતો. એનાં હાસ્ય-વિનોદ અને કટાક્ષ ખૂબ જાણીતાં છે. ફ્રાંસની રાજાશાહીનો તે એક મોટો વિરોધી હતો. એ વખતે રાજાશાહી વૈભવ અને દોર-દમામ પાછળ લખલૂટ ખર્ચ થતો. એ ફિજૂલ ખર્ચને બંધ કરાવવા વૉલ્ટેરે

અનેક પ્રયત્નો કર્યા હતાં. પરંતુ એનું ધાર્યું પરિણામ આવતું નહીં. એકવાર રાજાએ વધારાના ખર્ચ ઉપર કાપ મૂકવા કરકસરનાં પગલાંરૂપે દરબારી તબેલામાંથી અડધાથી પણ વધુ ઘોડા વેચી નાંખ્યા. આ વાતની વૉલ્ટરને ખબર નહોતી. એટલે રાજયના મુખ્ય સચિવે આ વાતની જાણ કરતાં વૉલ્ટરને કહ્યું કે હવે તો તમને સંતોષ થશે ને ? રાજાએ રાજયની તિજોરીના ખર્ચ ઉપર કાપ મૂકવા કેવડું મોટું ક્રાંતિકારી પગલું લીધું છે. અડધાથી પણ વધુ ઘોડા વેચી નાંખી ખોટા ખર્ચમાં ભારે કાપ મૂક્યો છે. બોલો, રાજાનો આ નિર્ણય તમને કેવો લાગ્યો ? હવે તો રાજીને ?

એનાં પ્રત્યુત્તરમાં ભારે કટાક્ષ કરતાં વૉલ્ટેરે કહ્યું કે દરબારી તબેલાના શાહી ઠાઠમાઠના ખર્ચાને ઓછો કરવા અડધા ઉપરાંતના ઘોડાઓનો નિકાલ કર્યો એ તો જાણે સારી વાત છે. રાજાનું આ પહેલું વિચારયુક્ત યોગ્ય પગલું છે. પરંતુ સાથે-સાથે શાહી દરબારીઓમાંથી અડધા ગધેડાઓને પણ છૂટાં કર્યા હોત તો વધુ સારું થાત !

હાસ્યની સાથે કેવો મર્મયુક્ત કટાક્ષ વોલ્ટરે ખૂબ સહજ રીતે ઉપરના શબ્દોમાં મૂકી દીધો છે. આજે આપણી લોકશાહીના દોરદમામ અને પ્રજાના પૈસે મોટા પાયે થતી ફિજુલ ખર્ચીને પણ એટલું જ લાગુ પડે છે. લોકોની સેવા અને કલ્યાણની વાતો તો મોટી મોટી થાય છે. બસ એટલું જ, કામ તો નામ માત્રનું જ થતું હોય છે અને જે રીતે સરકારી તિજોરીમાંથી પ્રધાનો દ્વારા આંધળા ખર્ચ કરવામાં આવી રહ્યા છે, એનો તો કોઈ અંદાજ લગાવી શકાય તેમ નથી. એ પરિસ્થિતિનું ભાન કરાવવા આજે એક નહીં પરંતુ અનેક વોલ્ટરની જરૂર પડે તેમ છે.

જીવનમાં અને વ્યવહારમાં સત્યને આ રીતે નિર્ભિકપણે બતાવી શકે એવા વીરલાઓની આજે ખૂબ આવશ્યકતા છે. ભારતને સ્વતંત્ર મળ્યા પછી મહાત્મા ગાંધીની સાથે એક આખો યુગ આથમી ગયો. આઝાદીની વેદી ઉપર કરવામાં આવેલ નાના, મોટાં અનેક ત્યાગ અને સમર્પણોને આજે આપણે સાવ ભૂલી ગયાં છીએ. ક્યારેક ક્યારેક એ બધાને યાદ કરતા રહેવાની પણ જરૂર છે. એવો એક ભવ્ય પ્રસંગ મોતીલાલ નહેરૂના જીવનનો છે. આઝાદીની ચળવળની શરૂઆતના એ દિવસો હતાં. ગાંધીજીની સત્યાગ્રહની લડતમાં મોતીલાલજી પણ સ્વેચ્છાએ જોડાયા હતા. એ સમયે ખ્યાતનામ એડવોકેટ તરીકે મોતીલાલ નહેરુનું નામ આદર સાથે લેવામાં આવતું હતું.

એ દરમિયાનમાં બ્રિટિશ સરકાર તરફથી કોઈ અગત્યનો કેસ લડવા માટે મોતીલાલને આમંત્રણ મોકલવામાં આવ્યું હતું અને એની ફી તરીકે એમને લગભગ એ વખતે નેવું લાખ રૂપિયા મળે તેમ હતું. હવે કરવું શું ? ગાંધીજીને એમણે તરત લખી જણાવ્યું. એના પ્રત્યુત્તરમાં ગાંધીજીએ એમને ટેલિગ્રામ કરી જણાવ્યું કે, ''તમે બ્રિટિશ સરકારની એ ઓફર સ્વીકારશો તો સત્યાગ્રહી મોતીલાલ પછી મોતીલાલ રહેશે નહીં.''

અને મોતીલાલ નહેરુએ જીવનની એ મોટામાં મોટી ઓફરને ઠુકરાવી દીધી હતી. જીવનમાં પૈસા કરતાં અનેકગણી મહત્ત્વની બીજી વસ્તુઓ પણ હોય છે અને ઘણી બધી સારી વસ્તુઓ પૈસા વડે ખરીદી પણ શકાતી હોતી નથી. શરીરનું આરોગ્ય અને મનનાં સુખ-શાંતિ અને આનંદ પૈસાથી ખરીદી શકાય તેમ નથી. આ પ્રસંગ પછી મોતીલાલજીને ગાંધીજી સાથે મળવાનું થયું. મોતીલાલજી નાની-નાની વાતોમાં પણ જલદીથી ગુસ્સે જઈ જતા. આ વાતનું ધ્યાન રાખી ગાંધીજીએ એમને એકવાર પૂછયું કે તમે તમારો મિજાજ આટલો જલદી કેમ ગુમાવી દો છો ? એનો હસતાં હસતાં જવાબ આપતાં મોતીલાલજીએ કહ્યું કે, બાપુ, હવે બીજું ગુમાવવા જેવું મારી પાસે બાકી પણ શું રહ્યું છે ? એક માત્ર મિજાજ ગુમાવી શકું તેમ છું અને મોતીલાલજીના એ શબ્દોની સાથે નાનકડા ખંડમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. જીવનમાં આવી નાની-નાની રમુજી વાતોની હળવી ક્ષણો જીવનને ચેતનવંતુ અને મનની વસંતને સદાબહાર રાખતી હોય છે.

# પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય યાત્રા-૨૦૦૯ (સપ્ટેમ્બર-૨૦૦૯)

**સ્કોટલેન્ડ :** તા.૧લી સપ્ટેમ્બરથી ૮મી સપ્ટેમ્બરની બપોર સુધી પૂજ્ય સ્વામીજી સ્કોટલેન્ડ ખાતે રહ્યા. ૧લી તારીખે સ્કોટલેન્ડના આઈવરનેસ શહેરમાં ટાઉનહોલ ખાતે સાંજે ૬-૦૦ થી ૯-૦૦ વાગ્યા સુધી ભવ્ય કાર્યક્રમ થયો. આઈવરનેસના ઇતિહાસમાં આ ઐતિહાસિક ભવનમાં ભારતના કોઈ સંતનું પ્રથમવાર આગમન થયું હતું. શહેરના પ્રોવોર્સ (મેયર) શ્રી જીમી ગ્રે અને શ્રીમતી ગ્રેની સાથે બરાબર છ વાગ્યે પૂજ્ય સ્વામીજીએ સભાભવનમાં પ્રવેશ કર્યો ત્યારે ભારતીય પરંપરા મુજબ શંખવાદન, કળશ, તિલક અને કુમકુમ, પુષ્પમાળાઓ તથા આરતી સાથે ખિચોખિચ ભરેલા સભાગારમાં સૌએ ઊભા થઈને સ્વાગત કર્યું.

દૈનિક સમાચારપત્રોમાં છાપવામાં આવ્યું હતું કે, 'ભારતના યોગી શહેરમાં પ્રથમવાર તનાવમુક્ત જીવનનો માર્ગ દેખાડશે. આ ધાર્મિક કાર્યક્રમ નથી. પ્રવેશ નિઃશુલ્ક છે. કાર્યક્રમને અંતે ભારતીય ભોજન (શાકાહારી) પીરસવામાં આવશે. પ્રશ્નોત્તર કરવાની અને યોગીને રૂ-બ-રૂ મળવાની તક પણ મળશે. સભાનું સમાપન વિશ્વપ્રાર્થના, વિશ્વશાંતિ માટે પ્રાર્થના અને ધ્યાનથી કરવામાં આવશે.'

મેયરશ્રીના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પૂજ્ય સ્વામીજીએ ખૂબ જ મનનીય પ્રવચન કર્યું. સૌને ૐકાર અને સુખપૂર્વક પ્રાણાયામનું વિગતવાર શિક્ષણ આપ્યું.

તા.૨, ૩, ૪ના રોજ સવારે ૬-૩૦થી ૭-૩૦ અને બપોરે ૧૨-૧૫ થી ૧-૧૫ સુધી સરકારી કોમ્યુનિટી ભવનના મનોરંજન કેન્દ્ર ખાતે યોગવર્ગો થયા અને સાંજે માનસિક વ્યથાથી પીડિત લોકોની હોસ્પિટલમાં ડૉક્ટરો, પેરામેડિકલ સ્ટાફ તથા દરદીઓ માટે ૬-૩૦ થી ૭-૩૦ વાગ્યા સુધી યોગવર્ગો ચાલ્યા. તા.૫ અને ૬ના રોજ શહેરથી ૪૫ કિ.મી. દૂર શાંતિધામ સમાં પહાડો, ઝરણાંઓ વચ્ચે આવેલા સૌંદર્યધામ એવીમોરમાં આવાસીય સાધના શિબિરનું આયોજન થયું. લોકો ગ્લાસગો અને આજુબાજુના શહેરોમાંથી આવ્યા. બ્રાહ્મમુહૂર્ત પ્રાર્થના, ધ્યાન, પ્રાણાયામ, યોગાસનો પછી ગીતા સ્વાધ્યાય, શ્રી વિષ્ણુસહસ્રનામનું પારાયણ અને ગીતા અધ્યાય-ત્રણ કર્મયોગ પર પૂજ્ય સ્વામીજીનાં પ્રવચનો થયાં.

તા.૭મીના રોજ અને આઠમીની સવારે ફરીથી શહેરમાં પૂર્વવત્ યોગવર્ગો ચાલ્યા. સાતમીની સાંજે શ્રીમતી અને શ્રી ગૌતમના નિવાસસ્થાને શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના ૧૨૩મા પ્રાકટ્ય મહોત્સવ નિમિત્તે સત્સંગ થયો. તેમાં ડિવાઈન લાઈફ સોસાયટી ઓફ સાઉથ આફ્રિકા, ડરબનના ભક્તો પણ જોડાયા. આઠમીની બપોરે પૂજ્ય સ્વામીજી લંડન જવા રવાના થયા.

જાતે રસ લઈને, બધું જ વ્યવસ્થિત થાય તેની સંભાળ રાખીને આ સમગ્ર આયોજન શ્રીમતી અને શ્રી તત્ત્વમસિ મહાપાત્રાજીએ કર્યું, હૃદયપૂર્વક તેમનો આભાર.

**લંડન :** શ્રી સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના ૧૨૩મા પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે સાંજે ૭-૩૦ થી ૯-૦૦ સુધી એક વિશાળ સત્સંગનું આયોજન થયું. 'શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ અને તેમનો દિવ્ય જીવનનો સંદેશ' વિષયક પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનાં પ્રવચન અને સત્સંગને માણવા સભાગારમાં લોકો ખિચોખિચ બેઠેલા હતા. લોકો બહાર લોબી, દાદરા અને પરસાળમાં પણ બેઠેલા હતા. સત્સંગ સમાપન પર કાજુ-બદામ અને મેવાના લાડુનો પ્રસાદ તથા શિવાનંદ સાહિત્યનું પ્રસાદમાં વિતરણ કરવામાં આવ્યું. આજની આ સાંજના અતિ વિશિષ્ટ અને યાદગાર પ્રસંગના આયોજન માટે શ્રી જોગેન્દ્રભાઈ પટેલ અને શ્રીમતી અંજુબેન પટેલ પરિવારનો હૃદયપૂર્વક આભાર.

**ફ્રેન્કફર્ટ (જર્મની) :** શ્રીમતી મોનીકા બ્યુચર અને શ્રી જોની સ્ટેલાના પ્રેમસભર નિમંત્રણે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું તા.૯મી સપ્ટેમ્બરની ઢળતી બપોરે ફ્રેન્કફર્ટ (જર્મની) ખાતે બ્રિટિશ એરવેઝ દ્વારા આગમન થયું.

શિવાનંદ આશ્રમનાં સુપ્રસિદ્ધ યોગશિક્ષિકા દર વર્ષે જર્મની અને યુરોપની યાત્રાએ આવે છે. તેમનાં જ્ઞાન અને કાર્યપદ્ધતિથી પ્રભાવિત યોગપ્રેમીઓએ તેમના ગુરુનાં દર્શનની આકાંક્ષા કરતાં આ કાર્ય કુ. સંગીતા થવાણી (ભારતીય) શ્રીમતી મોનિકા બ્યુચર (જર્મની) અને શ્રી જોની સ્ટેલા (સુરીનામ)ના સંકલિત પ્રયત્નોથી તા.૯થી ૧૮ સુધીની જર્મનીની યાત્રાનું આયોજન થયું.

નવમી તારીખે પૂજ્ય સ્વામીજીના મંગળ સ્વાગત પછી બધું મંડળ શહેરસ્થિત સુપ્રસિદ્ધ બૌદ્ધ પેગોડામાં આવ્યું. અહીં સત્સંગ, દર્શન અને સંતોના મિલન પછી સાંજનું ભોજન લઈને સૌ વીઝન શહેર ખાતે આવ્યા, ફ્રેન્કફર્ટથી આ યાત્રા પૂરી ત્રણ કલાક ચાલી.

હિમગિરિ કંદરાઓ અને ચીડ તથા દેવદારનાં વૃક્ષોથી સભર તથા વીઝન નદીને તટે વસેલું આ શહેર સ્વીટ્ઝરલેન્ડનાં કોઈ રળિયામણા ગામ અથવા તો કાશ્મીરની ખીણમાં પહેલગામ કે ચંદનવાડી ખાતે આવ્યા હોઈએ તેટલું સુંદર છે.

અહીં ૧૦ તારીખે સવારે સુપ્રસિદ્ધ સંપાદિકા અને ડાયરેક્ટર એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જને ત્યાં 'સ્વસ્થ જીવન અને માનસિક શાંતિ' વિષય પર ઉદ્‌બોધન થયું. આ સભાનો રિપોર્ટ અલ્ટેન્કીચર કુરિયર નામના સમાચારપત્રમાં આ પ્રમાણે છપાયો. 'ભારતીય યોગીનું જ્યારે આગમન થયું, ત્યારે આવા ગેરુ વસ્ત્રમાં પહેલાં કોઈએ કોઈ માનવને વીઝન શહેરમાં જોયો જ ન હતો. તેથી 'બ્રુનો' નામક અંગલીકાબેનનો કૂતરો ભડક્યો, અને ખૂબ ભસ્યો. પરંતુ યોગી શાંત અને સ્વસ્થ હતા. તેમણે ભારતીય પરંપરા પ્રમાણે સ્મિત સાથે સૌનું હાથ જોડીને અભિવાદન કર્યું. તેમણે ભારતીય સંસ્કૃતિ સાહિત્ય, વૈદિક અને માનવજીવનનાં ઉચ્ચતર મૂલ્યોની વાતો કરી. આવી વાતો પહેલાં કોઈએ કહી ન હતી. આત્માનું થોડું ઘણું તો ચર્ચમાં કહેવામાં આવે છે. પરંતુ યોગીએ હિન્દુ ધર્મની કોઈ વાત ન કરી. પહેલાં તો સૌ સ્તબ્ધ હતાં. યોગીના પ્રભાવમાં અંજાયેલાં હતાં. કોઈ હાલતું ચાલતું પણ ન હતું.

પરંતુ યોગીના પ્રેમસભર શબ્દો અને કરુણા તથા વિનમ્ર વ્યવહારથી સૌ મોહિત થયા, લોકોએ યોગીની સાથે પ્રાણાયામ અને ધ્યાન પણ કર્યાં. સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે 'બ્રુનો' કૂતરો પણ હવે યોગીનો મિત્ર થઈ ગયો, અને યોગીના ચરણોમાં જ વફાદારી નિભાવતો બેઠો હતો.'

આ ઉપરાંત સીટી બ્યુટી એન્ડ પરફ્યુમ સેન્ટરમાં બપોરે ૪-૦૦ થી ૫-૦૦ અને સાંજે ૭-૦૦ થી ૮-૩૦ સુધી બે ઉદ્‌બોધનો થયાં. પૂજ્ય સ્વામીજીએ ઉપનિષદ અને ગીતાના માધ્યમથી માનવજીવનનાં ઉચ્ચ મૂલ્યાંકનની વાતો કરી.

તા.૧૧મી સપ્ટેમ્બરે સવારે વીઝન શહેરના બાળ ક્રીડાંગણ તથા રમતગમતના મેદાનમાં જતા રસ્તાના પ્રમુખ વળાંક ઉપર 'સફરજન' એપલ ટ્રીનું વૃક્ષારોપણ કર્યું. આ પ્રસંગે શાળાનાં બાળકો ઉપરાંત વિશેષરૂપે શહેરના મેયરશ્રી માઈકલ વેગ્નર પણ ઉપસ્થિત રહ્યા. મેયરશ્રીની પ્રાર્થનાને ધ્યાનમાં લઈ આ વૃક્ષનું નામ 'શાંતિ' આપવામાં આવ્યું. પૂજ્ય સ્વામીજીએ કહ્યું 'આજના દિવસે અમેરિકા ખાતે બિઝનેસ ટાવરનો વિધ્વંશ થતાં હજારો લોકો મૃત્યુ પામ્યા હતા.' આ બધું આતંકવાદને કારણે છે. આ વૃક્ષનું આરોપણ પૃથ્વી પર કરતાં પરમાત્માને પ્રાર્થીએ કે વિશ્વમાંથી આતંકવાદ નાબુદ થાય અને શાંતિની સ્થાપના થાય. આ વૃક્ષ બાળકો અને યુવકો તથા વડીલોના અવરજવરના માર્ગે રોપવામાં આવ્યું છે, તેવો ભાવ છે કે બધી નાની મોટી પેઢીઓ વચ્ચે પરસ્પર પ્રેમ, સદ્‌ભાવ, સન્માન, શાંતિ તથા સુલેહ સ્થપાય.' મેયરશ્રી માઈકલ વેગ્નરે કહ્યું, 'આજનો દિવસ ચિરસ્મરણીય રહેશે. યોગીના આ સત્કાર્યથી શહેર ધન્ય થયું છે અને વનસંપદામાં પણ વધારો થયો છે.' આ પ્રસંગે આ વૃક્ષ પક્ષીઓ માટે જ રહેશે, તેવું પણ જાહેર કરી ત્યાં આ પ્રમાણે બોર્ડ મૂકવામાં આવશે તેવું જાહેર કરાયું.'

કોપેલસ્ટીલ ખાતે તા.૧૧મીની સાંજે શહેરના ટાઉનહોલમાં 'મહર્ષિ પતંજલિનું યોગદર્શન' વિષયક ખૂબ જ મનનીય પ્રવચન સેંકડો શ્રોતાઓએ ખૂબ જ શાંતિ અને રુચિપૂર્વક સાંભળ્યું. પૂજ્ય સ્વામીજીનાં આ બધાં પ્રવચનોનો અંગ્રેજીમાંથી જર્મન ભાષામાં તરજુમો યુનિવર્સિટીનાં પ્રાધ્યાપિકા શ્રીમતી લીલા ચટ્ટોપાધ્યાયજી દ્વારા કરવામાં આવ્યું. તા.૧૨મીની સવારે પૂજ્ય સ્વામીજી 'હેમર' જવા રવાના થયા.

**હેમર** : શ્રીમતી રેણુ અને ડૉ. અશોકના પ્રેમપૂર્વક નિમંત્રણે પૂજ્ય સ્વામીજી તા.૧૨ અને ૧૩ તારીખે હેમર ખાતે રહ્યા. અહીંના લોકલ ચર્ચની પ્રાર્થના સભામાં પણ પૂજ્ય સ્વામીજી ગયા. પૂજ્ય સ્વામીજીના સત્સંગ માટે ૧૫૦થી ૨૦૦ કિ.મી. દૂરનું અંતર ખેડી અનેક ભારતીઓ અને જર્મનો- ભારતીય સંસ્કૃતિપ્રેમીઓ હેમર આવ્યા. અહીં હેમર ખાતે પણ પૂજ્ય સ્વામીજીએ 'પીસ્તા'નો છોડ રોપી, સૌને આનંદ આપ્યો. ડૉ. અશોકના નિવાસસ્થાને ૧૩ તારીખે બપોરે શ્રી સત્યનારાયણ વ્રતકથા તથા પૂજન બાદ મહાપ્રસાદનું આયોજન થયું. પૂજ્ય સ્વામીજી હોસ્પિટલની મુલાકાતે પણ ગયા. સમગ્ર ભારતની વિવિધ ભાષાઓ બોલતા સર્વે ભારતીઓ અને જર્મનોના મેળાવડામાં કર્મ, સુખ, દુઃખ, ઈશ્વરનું અસ્તિત્વ અને ભારતીય ચિંતન વગેરે વિષયો પર ચારેક કલાક પ્રશ્નોત્તરી પણ થઈ. સૌ રાજી થયાં. આ સુંદર આયોજન માટે શ્રીમતી રેણુ, શ્રી ડૉ. અશોક અને તેમનાં માતાશ્રી શ્રીમતી વસંતી વગેરેનો હાર્દિક આભાર.

**બર્લીન** : બર્લીન હિન્દુ-શ્રીગણેશ મંદિર અને આર્ય સમાજના પ્રમુખ ડૉ. અવનીશકુમાર લુગાનીજીના પ્રેમસભર નિમંત્રણે પૂજ્ય સ્વામીજીનું બર્લીન ખાતે આગમન થયું.

તા.૧૪મી સપ્ટેમ્બરે 'રાજભાષા' દિવસ નિમિત્તે ભારતીય દૂતાવાસના વિશાળ સભાગારમાં રાજભાષા વિષયક અને શ્રી હિન્દુ-ગણેશ મંદિરમાં તા.૧૫ અને ૧૬ની સાંજે Self Realisation is God Realisation અને Unity in diversity વિષયો ઉપર પ્રવચનો થયાં. જેમાં બર્લીન વિશ્વવિદ્યાલયના અધિકૃત પ્રાધ્યાપકો, ઉપરાંત રેડિયો, ટેલિવિઝન તથા સમાચારપત્રોના સંપાદકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. ભક્તોની પ્રાર્થનાને ધ્યાનમાં રાખી પૂજ્ય સ્વામીજીએ અનેક સ્થાનોમાં પધરામણી પણ કરી. (સ્વામીજીનું હિન્દી દિવસ નિમિત્તે પ્રવચન પાના નં. ૧૫ પર પ્રકટ કરવામાં આવેલ છે.)

આર્ય સમાજ ખાતે પૂજ્ય સ્વામીજીની અધ્યક્ષતામાં વૈદિક યજ્ઞ પણ કરવામાં આવ્યો. તા.૧૭મીની બપોરે પૂજ્ય સ્વામીજી વાઈમર જવા રવાના થયા.

**વાઈમર** : બર્લીનથી ૨૦૮ કિ.મી. દૂર વાઈમર ઈસ્ટ જર્મનીનું ઐતિહાસિક નગર છે. કુલ વસ્તી ૫૦,૦૦૦ની છે. છતાં ત્યાં ત્રણ યુનિવર્સિટીઓ છે. ટેકનોલોજી, પરફોર્મિંગ આર્ટસ અને સોશિયોલોજી તથા સોશિયલ વેલ્ફેર ભણાવતી આ ત્રણેય યુનિવર્સિટીઓમાં પંદર હજારથી વધુ વિદ્યાર્થીઓ છે. આ શહેરમાં નેપોલિયનનું ભવ્ય નિવાસસ્થાન છે. બીજાં વિશ્વયુદ્ધમાં પકડાયેલ કેદીઓની તોતીંગ જેલ છે. ૧૫૦૦ વર્ષ પૂર્વે બાંધેલાં ભવ્ય ચર્ચો છે. રાજાનો મહેલ અને તેમાંથી બહાર આવતાં ઉદ્યાનની નીચે ૩½ લાખ પુસ્તકોનો સમાવેશ કરતું જબરું અંડરગ્રાઉન્ડ વાંચનાલય-લાઈબ્રેરી છે. જૂની બાંધણીનાં મકાનો, પથ્થર જડેલી સડકો અને અત્યંત સ્વચ્છ તથા શાંત સુંદર શહેર છે.

અમારા યજમાન અહીં આ જ વિશ્વવિદ્યાલયના નિવૃત્ત પ્રાધ્યાપક હતા. તેમણે લાઈબ્રેરીના વિશાળ મધ્યખંડમાં અમારા સન્માન અર્થે યુનિવર્સિટીના સુપ્રસિદ્ધ યુવા ગીટાર અને મેન્ડોલીનવાદક સેમ્યુઅલ ટી. ક્લેમકેનો વાદનનો કાર્યક્રમ આયોજ્યો હતો. જે સેંકડો લોકોએ માણ્યો. ભારતીય સંસ્કૃતિ, સંગીત, કલા અને સાહિત્ય વિષયક પ્રશ્નોત્તરીના જવાબ આપતાં ખૂબ જ આનંદિત અને પ્રભાવિત થઈ પૂજ્ય સ્વામીજીએ સેમ્યુઅલને અમદાવાદના વાર્ષિક સપ્તક આયોજિત સંગીત કાર્યક્રમને માણવા આવવા અને શિવાનંદ આશ્રમનું આતિથ્ય સ્વીકારવાનું આમંત્રણ આપ્યું હતું.

વાઈમરથી આઠ કિલોમીટર દૂર યેના શહેરની વસ્તી પંદર હજારની છે, ત્યાં પણ વાણિજ્ય અને વિજ્ઞાન ભણાવતી યુનિવર્સિટી છે, તેની મુલાકાતે પણ પૂજ્ય સ્વામીજી પધાર્યા હતા.

૧૮મીની વહેલી સવારે વામરથી ડ્રાઈવ કરી ફ્રેન્કફર્ટ અને ફ્રેન્કફર્ટથી અમદાવાદ ૧૮મીની મોડી રાત્રે એર ઇન્ડિયા A1 120 દ્વારા પહોંચી ગયા હતા.

સમગ્ર દિવ્યયાત્રા ૨૦૦૯ના સફળ આયોજનનાં પ્રમુખ સૂત્રધાર ડૉ. શ્રીમતી માતૃસ્વરૂપ મીનળબેન અને શ્રી ભરતભાઈ નાયક રહ્યાં, તદુપરાંત વિભિન્ન શહેરોના સર્વે આયોજકોને પ્રસારણ-વિજ્ઞાપન કરનારા સૌનું શુભ મંગલ થાઓ, એ જ પ્રાર્થના. ૐ શાંતિ.

# વૃત્તાંત

**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ : દૈનિક પ્રવૃત્તિ :** શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે પ્રારંભિક અને દૈનિક યોગાસન વર્ગો, રેઈકી પ્રશિક્ષણ, રોગ નિવારણ સંબંધી યૌગિક સલાહ કેન્દ્ર, નારાયણ સેવા મારફતે બાળકોને આહાર વિતરણ અને વિશ્વનાથ સેવા કેન્દ્ર મારફતે ૪૦ ઉપરાંત કુટુંબોને અનાજ વિતરણ, કારોબારી સભ્યોની બીજા અને ચોથા રવિવારે મિટિંગ નિયમિત મળેલ તથા દૈનિક સત્સંગ અને મંદિરોમાં પૂજા અર્ચના નિયમિત થાય છે.

સદ્ગુરુદેવ શ્રી શિવાનંદ સ્વામીજી મહારાજના ૧૨૨મા પ્રાકટ્યોત્સવે સવિશેષ કાર્યક્રમ યોજાયો, જેમાં અખિલ ભારત સાધુ-સંત આચાર્ય મંડળના મહામંત્રી અને રાજકોટ આર્ષ વિદ્યામંદિરના પ્રણેતા પૂજ્ય શ્રી સ્વામી પરમાત્માનંદજીએ આપણા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી સત્સંગમાં હાજરી આપી અને લોકો-ભક્તો અને સંતોમાં કેવા પ્રકારના ગુણો હોવા જોઈએ તેની વેદાંત ફિલોસોફી આધારિત સુંદર છણાવટ કરી. તેમાં ખૂબ જ સહજતાથી એમણે જણાવેલ કે આ બધા ગુણો જે વર્ણવ્યા તે જે કુટુંબમાં વિદ્યમાન હતા અને જે પરિવારના વડા સાક્ષરવર્ય હતા, તેવા કુટુંબમાં સ્વામી શિવાનંદજીનો જન્મ થયેલો. પૂજ્ય સ્વામીજીએ તેમની બાલ્યાવસ્થાથી માંડી મલેશિયામાં તેઓ ડૉક્ટર હતા અને ત્યારબાદ તેમના સંન્યસ્ત જીવનના ઘણા બધા પ્રસંગોનું વર્ણન ભક્તો સમક્ષ કર્યું. તેઓએ હળવી શૈલીમાં જણાવ્યું કે, પૂજ્ય ગુરુદેવની પરંપરામાં સંન્યસ્ત થયેલા છે તેથી જો ગુરુદેવ ન હોત તો તેઓનું પણ અસ્તિત્વ ન હોત પૂજ્ય સ્વામીજીના પ્રભાવી અને પ્રેરણા સભર વ્યાખ્યાન પછી શ્રી ગુરુપાદુકા પૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો.

આશ્રમમાં તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે પરમ પૂજ્ય શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ૧૧૦ દિવસની લાંબી વિદેશયાત્રા 'દિવ્ય ટૂર-૨૦૦૯' પૂર્ણ કરીને આશ્રમમાં મધ્યરાત્રીએ પરત આવ્યા. તા.૧૯મીથી પવિત્ર આસોની નવરાત્રીના ઉત્સવનો આરંભ ખૂબ ભક્તિભાવ અને શ્રદ્ધા સાથે કરવામાં આવ્યો. રોજ સવારના શ્રીયંત્ર પૂજાઓ - ઘટસ્થાપન પૂજા અને દૈનિક સવારે ૯ થી ૧૧-૩૦ સુધી સામુહિક શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પારાયણ ૪૦ ભક્તો દ્વારા કરવામાં આવ્યું. પ્રતિદિન સાંજે ૪થી ૭ સુધી સામુહિક શ્રી દુર્ગાસપ્તશતી (ચંડીપાઠ)નું પારાયણ ૨૫૦ જેટલા ભક્તો દ્વારા કરવામાં આવ્યું. આ ઉપરાંત રાત્રે શ્રી જિતેન્દ્રભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ અધ્વર્યુ અને શ્રી અતુલભાઈ પરીખ (સહમંત્રી) દ્વારા માતાજીના ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું, જેમાં દૈનિક ૩૫૦ થી ૪૦૦ ભક્તોએ માતાજીના ગરબાની રમઝટ બોલાવી. આ વખતે શ્રી વિજયભાઈ સોની તરફથી માતાજીની આ ગરબાની સેવા અર્થે એક ઓરગન, એક ગાવાવાળાભાઈ અને બે મુસલમાન ભાઈઓ ઢોલી તરીકેની સેવા પૂરી પાડવા માટે આશ્રમમાં આવીને રહ્યા જેનાથી આ સમગ્ર કાર્યક્રમ દીપી ઊઠ્યો. પ્રતિદિન તમામ ભક્તોને રાત્રે પ્રસાદ અને ગરમ નાસ્તો આપવામાં આવ્યો.

તા.૨૩મી સપ્ટેમ્બરના રોજ ખેડા સોશ્યલ સંગઠન (મિરઝાપુર ચર્ચ) દ્વારા આયોજિત શાંતિ યાત્રામાં પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે આગેવાની કરીને ચાલતા સાડા ત્રણ કિલોમીટર લાંબી યાત્રાની પૂર્ણાહુતિ બાદ ટાઉનહોલ ખાતે જાહેરસભાને સંબોધીને વિશ્વશાંતિ માટે શાંતિ પ્રાર્થના કરી. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જગદીશભાઈ પટેલે આ કાર્યક્રમમાં પૂજ્ય સ્વામીજી સાથે હાજરી આપી.

તા.૨૪મી સપ્ટેમ્બરના રોજ ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજના ૯૪મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે સાંજે સત્સંગ અને શ્રી ગુરુપાદુકા પૂજન બાદ પરમ પૂજ્ય શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે ગુરુભગવાનના જીવન પ્રસંગો વર્ણવી તેમના જીવનની ઉચ્ચ આધ્યાત્મિકતા સાથે સરળતા અને સાદગીમય જીવન આપણને સૌને દિવ્ય જીવનના પથ પર અગ્રેસર કરવામાં સતત મદદકર્તા બની રહેશે તેવો સંદેશ આપી સત્સંગ કરાવ્યો.

તા.૨૫મી સપ્ટેમ્બરને શુક્રવારે સાંજે વેદાંત વિમર્શ વર્ગમાં પરમ પૂજ્ય શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના તત્વબોધ ઉપર સંક્ષિપ્ત વ્યાખ્યાનમાં માર્ગદર્શન આપ્યું. વર્ગમાં સાતત્યતા સાથે સૌ કોઈ હાજરી આપે તો જ વર્ગનો હેતુ જળવાશે તેમ જણાવી આવી પ્રવૃત્તિની સફળતા માટે શુભેચ્છા પાઠવી.

તા.૨૬ સપ્ટેમ્બરને અષ્ટમીના રોજ સવારે શ્રી લક્ષ્મીહોમ સંપન્ન કરી ૧૦૮ બટુક-કન્યા પૂજન કરવામાં આવ્યું. જેમાં ચાર ખાનાવાળું એક ટિફિનબોક્ષ, ફળો, ચોકલેટ અને દક્ષિણા આપવામાં આવ્યા. આ વખતે પ્રથમવાર પૂજન માટે નામ નોંધણી અને સંખ્યા નિયમ મુજબ મર્યાદિત કરાતાં સમગ્ર કાર્યક્રમનું સુંદર રીતે આયોજનબદ્ધ કાર્ય સુંદર રીતે પાર પડ્યું.

તા.૨૭ સપ્ટેમ્બરના રોજ પૂજ્ય સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં ગુજરાતના તેલ વેપારી મહામંડળનું વાર્ષિક સંમેલન ગાંધીનગર ટાઉન હોલ ખાતે મળેલ જેમાં પૂજ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે નીતિ અને ધર્મના માર્ગે રહેતો વહેવાર અને વ્યાપાર જ શક્તિનો લય કરે છે. અન્યથા ધંધામાં કરવામાં આવેલી ભેળસેળ જીવનમાં પણ શક્તિનો વ્યય જ કરે છે.

ગત ફેબ્રુઆરી-માર્ચ ૨૦૦૯માં તાઈવાનથી આવેલ ૩૪ યોગ શિક્ષકો માટેની ૧૭મી યોગ શિક્ષક તાલીમ શિબિર વખતે શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ અને રીપબ્લિક ઓફ ચાઈનીસ યોગ એસોસીએશન, તાઈવાન વચ્ચે મહામહિમ રાજ્યપાલશ્રી પંડિત શ્રી નવલકિશોર શર્માજીની ઉપસ્થિતિમાં રાજભવન ખાતે થયેલ યોગ પ્રશિક્ષણ કરાર મુજબ તાઈવાન ખાતે યોગ પ્રશિક્ષણ માટે માન્યતા મેળવેલ પ્રથમ સંસ્થાન બન્યાનો ગૌરવ પ્રાપ્ત થયેલ છે. આ કરાર અંતર્ગત સંસ્થા વિદેશમાં પ્રથમ વખત યોગ શિક્ષક તાલીમ શિબિરના આયોજનના સમાપન પ્રસંગે ૧૪ દિવસીય તાઈવાન યાત્રાનો પ્રારંભ તા.૨૯મી સપ્ટેમ્બરના રોજ થયો. જેમાં સંસ્થાના યોગ ફેકલ્ટી તરીકે પરમ પૂજ્ય શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની રાહબરી હેઠળ ડૉ. સ્નેહલ અમીન, શ્રીમતી રૂપાબેન મજમુદાર અને કુ. સંગીતા થવાણી જનાર છે. આ શિબિરમાં ૧૧૫ શિબિરાર્થીઓએ લાભ લીધેલ છે. આ શિબિરાર્થીઓને ૧૭મા યોગ શિક્ષક તાલીમ શિબિરમાં આવેલ ચાઈનીસ યોગ એસોસીએશનના હોદ્દેદારોએ તથા ત્યાંના સ્થાનિક હોસ્પિટલના ડૉક્ટરોની મદદથી મે મહિનાથી સપ્ટેમ્બર માસ સુધી શનિ-રવિના વર્ગો ચલાવીને મોટા ભાગનો કોર્સ ભણાવેલ તથા તેઓની પરીક્ષાઓ પણ લીધેલ હોઈ આ મંડળ દ્વારા તેઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.



નવરાત્રીના અષ્ટમીના યજ્ઞની પૂર્ણાહુતિ કરતા
પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ




વિશ્વશાંતિદિને અમદાવાદ ખાતે આયોજિત શાંતિયાત્રામાં
ફાધર જોસેફ સાથે પૂજ્ય શ્રી સ્વામીજી મહારાજ




## આવશ્યક સૂચનાઓ

શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ સંચાલિત અમદાવાદસ્થિત શિવાનંદ આશ્રમની મુલાકાતે કે સેવા સાધક સદનમાં ટૂંકાગાળા માટે નિવાસ અર્થે આવતા સાધુ-સંતો, ભક્તો-સાધકો પૂર્વસૂચના-મંજૂરી વિના ઘણી વાર આવી જાય છે, તેના પરિણામે વ્યવસ્થાના ઘણા પ્રશ્નો ઉદ્‌ભવે છે, તેથી આ સૂચના પ્રસિદ્ધ કરવી અનિવાર્ય બને છે.

આથી તમામને જણાવવાનું કે પૂર્વસૂચના-મંજૂરી વિના આશ્રમનાં સદનોમાં નિવાસ કરવાનો આગ્રહ રાખવો નહિ. વ્યવસ્થાના ભાગરૂપે પૂર્વમંજૂરી વિના રહેઠાણની સુવિધા આપી શકાશે નહિ, જે સમયગાળા માટે પૂર્વમંજૂરી આપવામાં આવી હશે તે સમયમર્યાદાથી વધુ રોકાણ કરી શકાશે નહિ. વ્યક્તિગત કામે જે અમદાવાદની મુલાકાતે આવતા હોય તેઓએ આશ્રમમાં નિવાસ કરવાનો આગ્રહ રાખવો નહિ. આશ્રમની સુવિધાઓ ભક્તિ-સાધના અને સેવાકાર્યમાં યોગદાન માટે છે.

આશ્રમમાં અપાતી સુવિધાઓનું નિશ્ચિત સમયપત્રક છે, જેને અનુસરવાનું રહેશે, વીજળી-પાણી કે ભોજન-પ્રસાદનો બગાડ ન થાય તેની કાળજી લેવાની રહેશે. રૂમોની સાફ-સફાઈ સ્વયં જાળવવી તેમજ રૂમમાં ચા-નાસ્તો કે જમવાનું લઈ જવું નહિ. આશ્રમમાં નિવાસ દરમ્યાન સેવાઓમાં સહકાર આપવો. મંદિરો-ધ્યાનમંદિરમાં પૂજા-સાધના સૌ કોઈ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

આશ્રમમાં આવેલ સંત કુટિરમાં સવારે ૭-૩૦ પહેલાં અને સાંજે ૮-૦૦ પછી કોઈએ પ્રવેશ કરવો નહિ તેમજ પૂજ્ય સંત મહાત્માઓને દૂરથી પ્રણામ કરવાં. આશ્રમના રૂમોમાં અને પરિસરમાં સૂચનાઓ મૂકવામાં આવેલ છે તેનું પાલન કરવું.

- ટ્રસ્ટી મંડળ, શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ

**ભાગવત સપ્તાહ-આવશ્યક સૂચના**

શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે ૨૦ ઓક્ટોબર, ૨૦૦૯થી આરંભ થતા 'ભાગવત સપ્તાહ'માં યજમાન પરિવારના સભ્યો તેમજ આમંત્રિતો માટે નિવાસસ્થાન વ્યવસ્થા કરવામાં આવી છે, તેથી અમદાવાદ શહેરના અને બહારગામના સાધક-ભક્તોને નિવાસવ્યવસ્થા આપી શકાશે નહિ, માટે ક્ષમ્ય ગણશો.

- ટ્રસ્ટી મંડળ, શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ

Postal Registration No. GAMC 1417/upto 31-12-2011 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad - 380 002. Annual Subscription Rs. 100/-



સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજીના
૧૨૨મા પ્રાક્ટ્યોત્સવ પ્રસંગે સત્સંગસભાને સંબોધતા
હિન્દુ ધર્મ આચાર્યસભાના
મહામંત્રી પૂજ્ય શ્રી સ્વામી પરમાત્માનંદજી




પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના
૯૪મા પ્રાક્ટ્યદિને ભક્તોને
પાદુકાપૂજન કરાવતા પૂજ્ય સ્વામીજી

## દિવ્ય યાત્રા-૨૦૦૯



સ્કોટલેન્ડ ખાતે ભક્તો સાથે પૂજ્ય સ્વામીજી મહારાજ



જર્મનીમાં બૌદ્ધ પેગોડામાં પૂજ્ય સ્વામીજી મહારાજ

### તમારો દિવ્ય વારસો

હિંમત, સામર્થ્ય, બળ, જ્ઞાન અને આનંદ એ પરમાત્મા તરફથી તમને મળેલો વારસો છે; તે તમારો જન્મસિદ્ધ હક્ક છે. તમે વિચાર, શક્તિ અને પ્રભાવના કેન્દ્ર છો. આ કદી ન ભૂલો. અંતઃનિરીક્ષણ કરો. તમારું ધ્યાન આ આત્મજ્ઞાન તરફ દોરો. આજે સંકલ્પ કરો કે તમે તમારા જીવનની દરેક ક્ષણનો નિઃસ્વાર્થ સેવા, જપ, કીર્તન, ધ્યાન અને દાન દ્વારા ભગવાનના સાક્ષાત્કાર માટે ઉપયોગ કરશો.

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

Print Vision